
આત્મશક્તિ છે દેવી અંબિકા આરાસુરી.

શ્રી જગદંબા દેવીનાં પરમભક્ત

મદનસુંદરી નવલકથા.

(સંગીત) સુબોધિકા ટીકા સાથે.

અંબિકા



(ગ્રંથકાર)

શા. સાગરચંદ મગનલાલ જરીવાળા
ઠા. છાપરિયા શેરી—સુરત.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
મણીલાલ હરિલાલ મોઢીવાળા
ઠા૦ હરિપુરા—સુરત.

મુલ્ય રૂ. ૦-૬-૦ છ આના (પોસ્ટેજ જુદું)

સંસારિ સાગરચંદની કુળદેવી જગદંબા સતી.

અગત્યની સુચના.

સુજ્ઞ ગ્રાહકો તથા દરેક સંબંધી મીત્રવર્ગ કે જેઓ પોતાનું કાંઈપણ છપાવવા ઇચ્છા ધરાવતા હોય તેઓને સુરત જૈન પ્રીન્ટીંગ પ્રેસ કે જે ખપાટીઆ ચકલા ઉપર આવેલું છે. ત્યાં આપવા ભલામણ કરવામાં આવે છે. એ પ્રેસમાં માસીક પત્રોની નીયમીતતા બહુજ સારી રીતે જાળવવામાં આવે છે. વળી પ્રેસમાં બાળબોધ, ગુજરાતી તેમજ અંગ્રેજી ટાઇપો તથા તરેહ તરેહની બોર્ડરો તેમજ બ્લોકો તથા છાપવાના કાગળો નોટ પેપરો વીગેરેનો જથ્થો પણ પુસ્કળ હોવાથી દરેક જાતનાં કામો જેવાં કે બીલબુકો હુંડીબુકો, રસીદબુકો લેટર પેપરો, માનપત્રો એકજ ભાવે વાયદાસર અને આબાદાર કરી આપવામાં આવે છે.

બહાર ગામના ગ્રાહકો ઉપર એક સરખું ધ્યાન આપવામાં છે. અને દરેક ગ્રાહકો સાથે પ્રમાણીકપણાથી કામ લેવામાં આવે છે. માટે એક વખત અનુભવ લઇ ખાત્રી કરવા વીનંતી છે.

છાપનાર-પ્રભુશંકર નરભેરામ વ્યાસ.
છાપવાનું ઠેકાણું-શા. ખુ. અ.ના ધી સુરત જૈન એન્જીન
પ્રીન્ટીંગ પ્રેસમાં ખપાટીઆ ચકલા સુરત.

છપાવી પ્રસિદ્ધ કરનાર—મણીલાલ હરીલાલ બોડીવાલા
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—હરીપુરા સુરત.

અર્પણ પત્રિકા.

શ્રી આદ્યશક્તિ જગદંબાના પ્રસિદ્ધ ભકતરાજ શ્રીયુત શેઠજી સાહેબ શા. અમીચંદ મોતીચંદ ઝવેરી. સુરત.

આપ શ્રી માજીના જગપ્રસિદ્ધ દયાળુ ભકતોમાંના એક છો. તદુપરાંત આ ગ્રંથમાંના અહિંસાત્મક વિષયમાં આપે પોતાના રચેલા માજીના અનેક છન્દો-દ્વારા મ્હને દિવ્ય મદદ કરી છે. આ સર્વ આભારના ભાર નીચેથી યત્કિંચિત્ મુક્ત થવા માટે આ તિમ ભક્તિમય કાવ્યમાળાયુગલનું આપશ્રીના શક્તિ ભક્તિ પરાયણ કંઠમાંજ સમર્પણ કરી મ્હારી લેખિનીને સફળ થયેલી માની આનંદ પામું છું.

માહ શુદ ૨ સં. ૧૯૭૨

આપનો સ્નેહાધીન,
સાગરચંદ મગનલાલ
જરીવાલા

શ્રીમદન સુંદરી નવલકથા (સંગીત)

मंगलाचरण युग्मम्

ॐनमोऽर्हद्भ्यः सिद्धेभ्य ॐसुरिभ्यो नमोनमः,
ॐनमः पाठकेभ्योऽपि ॐसाधुभ्यो नमोनमः. १
ज्ञानदायै सरस्वत्यै श्रीमत्यस्यै नमोनमः;
यत्प्रभावेण मालैषा सद्गुरुभ्यो नमोनमः. २

પ્રથમોલ્લાસ (રાગ-હરિગીત, શેરની ચાલ)

શાન્તિનાથ દયાળ શાન્તી-દાન દાતા દેવતા,
નિર્વાણી ગરૂડ તણા પ્રભુ પ્રત્યક્ષ મુજ હૃદયે થતાં;
મંગલાચરણે સ્તવી-જગદંબ સરસતિ શ્રીમતા,
સંવેગી તિબ્રાનન્દ ગુરૂપદ-વંદીશું આરંભતા. ૧
ગિરિરાજ આબુતાજ-શૈલ સકળ તણો શણગાર જે,
છાઈ વનસ્પતિ દિવ્ય રચના-સુપ્રદેશ વિશાળ તે;
દિનરાત જાસ પ્રદક્ષિણા-દિનકર સુધાકર દૈ રહ્યા,
ગિરિશ્રૃંગ નભમંડળ મળે-ઘનગર્જી નાટક થૈ રહ્યાં. ૨

ગિરિરાજના સુપ્રદેશમાં–ચંદ્રાવતી નગરી હતી,
શોભાથી સ્વર્ગે ગઈ દિસે–અલકાપુરી પણ લાજતી;
પરમાર ધારાવર્ષ નામા–તે નગરનો ભૂપતિ,
દેવાંગના સમી રાણી મેના–શીયળવંતી સુમતિ. ૩
ચોરી જુગાર કુવ્યસન દુર્ગુણ દેશથી સૌ દુર થયાં,
સન્નિતિ ન્યાય સુધર્મ સુકૃતિ-નગરમાં વશ થૈ રહ્યાં;
શ્રીમંત મોટો શેઠ "શ્રીધર"–નામનો નગરે વસે,
રંભાસમાણી રૂપ ગુણવતિ–પત્નિ "શ્રીદત્તા" રસે. ૪
રંગે રમે સંગે જમે સુર–સુખ દંપતિ ભોગવે,
પણ ભાગ્ય ભુંડે સંતતિ સુખ–દંપતીને રીબવે;
નરથી અતિ દુખ નારિને–ક્યમ વાંઝીયા મ્હેણું ટળે ?
દોરા ચિઠી તપ જાપ કરતી–પણ ન વંધ્યાપણું ટળે ૫
પાતાળ ભુતલ સ્વર્ગનાં–સહુ દેવની સેવા કરી,
વંધ્યત્વ તદપી નવ ગયું–આશા નિરાશામાં ઠરી;
ગ્લાની છવાણી મુખ કમળે–ચન્દ્રવિણ જ્યમ કુમુદિની,
દિનનાથ વિણ પંકજ યથા–શિશુ વિણ શ્રીદત્તા બની. ૬
નિસ્તેજ બેઠી એકદા–દેતી ઉલંભ સ્વકર્મને,
તવ શેઠ આવ્યો મલપતો–સમજ્યો પ્રિયાના મર્મને;
ચાંપી હૃદય સરસી પ્રિયા–આશ્વાસને આલિંગતો,
તજ શોક પ્યારી મધુકરી–બળવાન ભાવી ભાવતો; ૭
ચોધાર અશ્રુ વર્ષતા–શ્રીધર હૃદય સુખ સ્થાપિને,

બોલી નવોઢા—સુંદરી—પ્યારા તજો મુખ પાપિને,
પરણો પ્રભુ બીજી પ્રિયા—જ્યમ આંગણે બાલક રમે,
ફળહિણ આંબા ડાળ પર—શેં ?—પ્રિતમ પોપટ સંભ્રમે. ૮
ગળ ગળીત થઇ તવ શેઠ બોલ્યો—શું ? વદી ? એ સુંદરી,
સિંહણ તણો તજી સંગ શું ? વરશે ગર્દભિ કેસરી;
મેના મધુરીને તજી શું ?-કીર વરશે કાગડી ?
તુંજ દોષ નવ કાંઇ એહમાં—મુજ પૂર્વકૃતી આવી નડી. ૯
ઇચ્છા રહી પ્યારી સલૂણી- આવિ નવરાત્રિ વિષે,
કુળ દેવિ અંબા માતની—જાત્રા જવા બાળક મિષે;
કમળ પૂજા કુળ દેવીની કરી આરાસુરે,
અથવા હિયે જો બાળ અંબા—ભક્તની આશા પુરે. ૧૦
નિશ્ચય કર્યો જાવા તણો—નિજ દા[illegible] દાસી સાથ લે,
આરાસુરે પહોંચ્યા નમ્યા-અંબા જનેતા ધામ જે;
"દિવ્ય પૂજા માતની—કરવી હમારે રાતમાં,"-
એ રીત સમજાવ્યાં સકળ—પુંજારીયોને વાતમાં. ૧૧
જ્યાં છુટી નાણું કોથળી- સુવર્ણ મ્હોરો જ્યાં મળી,
શ્રીમંત જાણી સૌ ગયાં—દિધ દ્વાર મંદીરના વળી;
મધરાતના સમયે થયું—સૌ શાંત ચાચર ચોકમાં,
મંદીરમાં તવ દંપતી—અંબા સ્તવે છે શોકમાં. ૧૨

અંબિકા સ્તોત્ર.

બંન્ને–હે ! જાગ જનનિ જયવતિ–શું ? ઉંઘણુ અંબા આવિયું
શિર જાય દંપતિ બાળનાં નવ વાંઝીયા મ્હેણું ટળ્યું,
નિંદ્રા લહે સુખમાં જનેતા–બાળનાં સુખ કાળમાં.
કર્ણોકાળ હોય । વિકાળમાં–માતા સુખિ દુખિ બાળકા. ૧૩
શ્રીદત્તા–જપમાળ અંબા માતની વરમાળ મા આરોપજો,
નિર્વંશ જાતું ભકતનું કુળ–સદા નવ પલ્લવ થજો;
કિરતારની કરૂણા થકી તુજ ચરણમાં જો મરણ હો,
અપકિર્તી પ્રાતઃકાળમાં–માઠી તહુમારી લાવશો ! ૧૪
શ્રીધ–કર ધારિને કરવાલ માતા–કમળ પુજા આદરૂં,
ઝટ જાગ નહિતર મરણ બેનું–પ્યારીને મારી મરૂં;
હે ! આધશકિત તેંજ બાલામંજીને ઉગારિયો,
ત્યમ માત મ્હારૂં નાવ બુડતું–કિનારે ઉતારી દ્યો. ૧૫
શ્રીદત્તા–ભરસિંધુમાં નિજ ભકતનું–તેં નાવ બુડતું તારિયું,
કર ત્રિશુળ લૈ સિંહપર ચઢી–જૈસિંધ્રઅવહણ ધારિયું,
વિમળ નામ ગોવાળીયાને–તેં બનાવ્યો શ્રીપતી,
બ્રહ્માહરિહર દેવથી પણ–શકિતની ભકિત છતી. ૧૬
બંન્ને–ઉદ્ધાર કરવા ભકતનો–વેગે જનેતા આવજો,
તૈયાર સિંહપર સ્વાર થૈ–વરદાન પુત્રનું લાવજો;
અંત સમયે અંબિકા હમ જીવનનું બિજ વાવજો,
વરદાન દેજો સંતતિનું–ભક્તી બળ દરશાવજો. ૧૭

દેવી ! બને ભકતો કુભકતો–દેવી કુદેવી નહી,
માતા ! બને પુત્રો કુપુત્રો-માત કુમાતા નહી;
જન્મ દાતા મરણુ દેતો–રક્ષનારૂં કો નહી,
એ ન્યાયથી અંબા જનેતા–! આવજો જાગૃત થઈ. ૧૮
દસ દીસ ડંકા વિન્ધ્યના–અંબા તણા જો–ગાજતા,
આરાસુરી આશાપુરીના ચોઘડાં નિત વાજતાં;
કયમ મૌન્ય હુમથી આદર્યુ'?–સ્મિત હાષ્ય શું ? હુમથી કરો,
અથવા કહો નિજ મુખ થકી–બળિદાનને માટે મરો, ૧૯
પળ વારમાં શિર બે થશે. ધડથી જુદા શ્રૃંગણે ધરો,–
અરજી સુણી અંબા હુવે–વ્હારે ત્હુડો દુખ સૌ હુરો;
લેજો ભવાની ભોગ હુમનો–પાપિથી ખપ્પર ભરો,
બળવાન "સાગર ચન્દ્ર" જો–અંબા હુવે તો પરવરો. ૨૦
(સ્તોત્ર સંપૂર્ણ.)

તલવાર તાતી શ્રીધરે કરિ-મ્યાન મુક્ત નમી જદા;
શેઠાણી અંબા સમિપ જોડી. હાથ ધુંટણીયે તદા;
કોમળ કલેવર ઉપર શ્રીધર ઘાવ દેતો જેટલે,
હાં ! હાં ! સબુર, રે ! મુરખા–સિંહનાદ ઉઠયો તેટલે. ૨૧
મુજ ધામમાં મરવા તણી–ઈચ્છા કરે રે ! મુરખા,
હઠ આદરી વ-દાન લેવા-ભોગ દેવા મુરખા;
કૈં ભક્ત બાનને ભોગ દે–નિર્દોષ જીવનો મુરખા,
ઉઠ ઘેર જા, વરદાન ફળસે,–પુત્ર મળસે મુરખા. ૨૨

શ્રીધર તણું ત્યાં અંગ આક્કડ-થૈ ગયું આભો બન્યો,
કુળદેવિની કરૂણા મળી-આનંદથી આભો બન્યો;
પાયે પડી જનની તણે-જપમાળ દંપતિ ત્યાં જપે,
પ્રાતઃસમય અંબા તણા-ગુણગ્રામ દંપતિ ત્યાં જપે. ૨૩
મંદીર ઉઘટ્યાં માતનાં-શાક્ષાત દૈવી રૂપથી,
શોભા લહે તે દંપતી-આનન્દ છાયો મુખથી,
જપનાદ કરતાં ધામથી-મુકામ ઉપર પરવર્યા;
નિજ સાથ લૈ અંબા નમી-ઘર પંથ સર્વે પરવર્યા. ૨૪
તે દીનથી સુગર્ભ ધરતી શેઠ પત્નિ શોભતી,
રોમ રાજી થૈ વિકસ્વર-દીપતી જાણે ? રતી;
સંતતીની આશ ધરતી-ભોગવે નિજ સંપતી,
નવ માસ પૂરે પુત્ર પ્રસવે-દિપ્યમાન રતીપતી. ૨૫
જન્મ ઉત્સવ શેઠ શ્રીધર-પુત્રનો હોંસે કરે,
દૈ દાન દળદર ટાળતો-નિર્ધન ઘરે લક્ષ્મિ ભરે;
બારમે દિન ગોત્ર કુલોચિત-ક્રિયા આદરે,
જાગ જોડી અંબિકાના-"મદન" નામાંકિત ઠરે. ૨૬
અદ્ભુત અંબાએ દિધો-સુત "મદનરાજ" વિરાજતો,
આરાસુરે જઇ અંબ ચરણે-નમી શેઠ સફળ થતો;
દીન રાત વધતો બાળ-કરતો લાડ નવલા તાતને,
માતા પિતાની હોંશ પૂરી થૈ-સફળ દંપતિ બંને. ૨૭
સુખના દિવસ સહજે જતાં-તવ આઠ વર્ષની ઉમ્મરે,

માતા પિતા નિજ બાળને ત્યાં-પાઠશાળામાં ધરે;
ઔત્પાતિકીને સિધ્ર ગ્રાહી-બુદ્ધિ બાળકને વરે,
શોળ વર્ષની વય થયે-વિદ્યા ભણીને ઉતરે. ૨૮
બળવાન મદન યુવાન દેખી-દેવ પણ ઝાંખા પડે,
તરૂણી સકળ ચંદ્રાવતીની-મદન મોહિત લડથડે;
રંગ ફુલ્લ ગુલાબી જેના અંગનો-ઉછરંગમાં,
નિર્દોષ ખેલત ખેલ યુવક-મદનરાજ ઉમંગમાં ૨૯
એક દિન ફરવા નિસર્યો-ચંદ્રાવતી ઉદ્યાનમાં,
સ્વાર થૈ તોખારપર-હથીયાર બંધ અરણ્યમાં;
વણિક કુલોત્પન્ન તદપિ-ક્ષત્રિવટ જશ આંખમાં,
ખેલાવતો હય સંચર્યો-ભુલો પડયો મહારાનમાં. ૩૦
દસ દિસ ભયકર ભાસતું-દિનકર જતો પાતાલમાં,
સંધ્યા સમયથી ઘોર અંધારૂં થયું વેરાનમાં;
વડ વૃક્ષ મોટું નીરખી ઉતર્યો તુરંગથી ધીરતે,
હિંસક પશુના શબ્દ સુણતો-પણ ન ડરતો વીરતે. ૩૧
નિજ દેહની ચિંતા નથી-પણ માત બાપુ શોધશે,
નવ દેખતાં મુજને ગતી શી ?-માતપીતાની થશે ?
એ ચિંતવન હૃદયે કરે-થઈ સ્થિર બેઠો વડ તલે,
"બાવો બચાવો રાંકડી"-એ સબ્દ શુણ્યો તેટલે. ૩૨

પ્રથમોલ્લાસ સંપૂર્ણ.

દ્વિતીયોલ્લાસ
(રાગ–ગઝલ—કવ્વાલી)

બચાવો કોઈ આવોને !–હૃદયમાં રહેમ લાવોને ?
શિયળ મ્હારૂં બચાવોને ! પ્રભુના પ્રેમી આવોને ? ૩૩
સુણ્યો જ્યાં સાદ બાળાનો, મદન થૈ સ્વાર ત્યાં ચાલ્યો;
ગયો શબ્દાનુસારે ત્યાં, શિયળનો ભંગ થાતો જ્યાં. ૩૪
અધર્મી એક મહા કામી,–સતાવે બાળ બીચારી;
મદન છુપાય ગુણગામી,–જુવે ચર્ચા વિકારીની. ૩૫
ગરિબડી ગરદને પકડી,–વદે રાક્ષસ અભીમાની;
નથી કોઈ બાપ ત્હારો હ્યાં,–દઈ દે પ્રેમ મમ માની. ૩૬
થઈ ક્રોધી વદે બાળા,–હરામી શા ? કરે ચાળા !
ભલે લે જીવ હત્યારા,–તજુ નહિ ટેક મ્હારાને. ૩૭
છરાથી ઘા દીયે જેવો,–મદન કર ત્યાં ગ્રહે તેવો;
ઝુંટાવીને છરો લીધો,–તમાચો ગાલ પર દીધો. ૩૮
હરામી શું ? શિયળ લુંટે !–મરિશ તું કાળવણ ખુટે;
કુદીને ઠીક હૈયામાં–મદન દે લાત માથામાં. ૩૯
પડયો મુર્છા વિષે પાપી–ભુમી ભેગો દીધો ચાંપી;
વદી આભારિણી નારી,–"પ્રભુ આપે મ્હને તારી." ૪૦
મદન બોલ્યો સુણો નારી,–બજાવી મેં ફરજ મ્હારી;
પ્રભુએ મોકલ્યો આવ્યો;–કહો આ પાપિ કયમ ફાવ્યો. ૩૧
વદે કુમારિકા વાણી,–કરી હસ્તાંજલી શાણી,
અહો ? મુજ ભાગ્યની કહાણી,–જવા દો એ કટુવાણી. ૪૨

મદન બોલે સુણો બાઈ,–ત્હમારા રક્ષણે ધાઇ;
હમારો હક્ક છે જાણી;–કહો તમ કર્મની કહાંણી. ૪૩
દીસો છો છોકરી નાની,–પડ્યાં શા ? દુખ તોફાની ?
હમારો હક્ક છે જાણી,–કહો બાઇ કર્મની કહાણી. ૪૪
વહે આંશુ તણી ધારા,–ઘુંટણીયે થાય કરજોડી;
પ્રભુ આપો છરો મ્હારા,–જીવનનો અંત દઉં ફોડી. ૪૫
અતિશય દુશકા લેતી,–પડે બે ભાન ત્યાં બાળા;
ભુમીના ભારને દેતી,–પડે પછડાય જ્યાં બાળા. ૪૬
ચતુર તે દાવ કયમ ચુકે ?–પડે જ્યાં સુન્દરી જેવી;
ધસીને દોટ દૈ ઝીલી,–રમા પડતી ખળી તેવી. ૪૭
મનોહર વેણુ રામાની,–"મદન" કરમાં શરણુ માગે;
પડી બેહોશ ઝુંઝુમી,–"મદન" ખોળે શરણુ રાગે. ૪૮
ઉપાધી શામટી આવી,–"મદનને દિલ ગભરાવી;
અધિરા અંકમાં બાળા,–રિપુના જાગૃતિ ચાળા. ૪૯
વદી મુખ "માર મારોને,"–ઉઠયો પાપી ભુમીપરથી;
છરાને શોધવા લાગ્યો,–"મદન" દેખાડવા લાગ્યો. ૫૦
હુંઢે કયાં ? મોત તું ત્હારૂં,–રહ્યું આ હાથમાં મ્હારૂં;
છરાથી પાપિને મારૂં,–નચ્યો તો છે જીવન ત્હારૂં. ૫૧
વદે સેતાન રે ! બચ્ચા-નથી કંઈ મુછ મુખ ફુટી;
મુખે પય માતનું ભાસે,–મરણુ કાળે મતિ ખુટી. ૫૨
મદન દૈ તાલ મુછોપર,–ખરો હેવાન તું નરખર; .
ચહે ડીફાં હજી તનપર,–રૂઠયો શું ? આજ જીવનપર. ૫૩

છરો લેવા ધસી આવ્યો,-ઝુંટવતાં લાગ નવ ફાવ્યો;
કરે વળગ્યો કળે પાપી,-મદન લે દાવ વળ આપી. ૫૪
ત્રિયાના રક્ષણે શુરો,-મહા બળવાન નર પુરો;
ઝપટ દે હાથની જેવે,-પડે દુર પાપિ ત્યાં તેવે. ૫૫
વળી ઉઠી ગળે વળગે,-"મદન" થૈ ગાભરો ભડકે;
હતે ના અંકમાં નારી,-રમત રમતે ઘણી સારી. ૫૬
મદનને એ ફરજ ભારી,-ઝઝુમવું રક્ષીને નારી;
ધરે કળવંત હુશીયારી,-અદા કરતો ફરજદારી. ૫૭
પડી બેભાન બાળા તે,-મદન અંકે બિરાજી તે;
બની સાવધ થઈ બેઠી,-મદનની કાખમાં પેઠી. ૫૮
પિંજરથી કેસરી છુટયો,-રિપુનો કાળ ત્યાં ખુટયો;
વછુટે તોપનો ગોળો, મદન હુંકાર ત્યાં ન્હોળો. ૫૯
તમાચા ચાર દે ચુંપે,-રૂધિર છોળો રિપુ મુખે;
પડયો પૃથ્વી તમર ખાઈ,-બન્યો બેભાન વિખરાઈ. ૬૦
મદન દીલે દયા દાખે,-પડયાને મારિ નવ નાંખે;
નિતી ક્ષાત્રં તણી રાખે,-અરિના ઘાવ પણ સાંખે. ૬૧
વિચારો પાપિના ફરતાં,-સુધરતા ન્યાય સંચરતાં;
મદનના ગુણ સંઘરતા,-થયો આધિન મદઝરતાં; ૬૨
ઉઠયો બે હાથ જોડીને,-ખરા ન્યાયી ત્હમે ભાઈ;
છુટણીચે હાથ જોડીને,-ક્ષમા અપરાધ કર ભાઈ. ૬૩
હવે મુજ બેનિ આ બાળા,-ત્યજું સૌ પાપના ચાળા;
કર્યાં કુકર્મ મેં કાળાં,-ભજું તમ ભકિતની માળા. ૬૪

દ્વિતિયોલ્લાસ સંપૂર્ણ

તૃતિયોલાસ.

(રાગ ઘોળ અથવા લાવણીનો ખ્યાલ)

મદનરાજ સાવધ થૈ–પૂછે,-સત્ય વાત કહે તું પાપી;
અહીં આવવા કારણ શું છે,–આ બાળા ક્યાંથી ? માપી !
સત્ય કહે તો સાથી તું છે.-નહિતર શિર નાંખું કાપી;
મોત તુજ મુજ હાથ પડ્યું છે.–જુઠ વદે તો દઉં ચાંપી. ૬૫
કરજોડી તવ તે નર વદતો,-સત્ય વાત સુણજો મ્હારી;
શ્રીપુર નગર વિષે હું વસતો,-દોષ રહિત છે આ નારી;
એના મોહ વિષે હું પડતો,–નગ્ર શેઠ સુતા સારીઃ
નામે સુંદરિને નિત નડતો,–પ્રેમ ઘાવ લાગ્યો કારી. ૬૬
કોટ વાળ શ્રીપુર નગરનો,–રામસિંહ મુજ નામ ખરૂં;
વિશ્વાસુ થૈ એના ઘરનો,–કિધુ કામ મેં આ કપરૂં.
થૈ વિશ્વાસઘાતી દુઃખ હરનો,-આજ ઘણો દિલમાંહ્ય ડરૂં;
વાંક માફ કરજો પામરનો,-કથા અથેતિ અહિં ઉચરૂં. ૬૭
નગરશેઠ જયચંદ્ર સવાયો,-તાત સુંદરીનો સાચો;
શેઠ કૃપાથી નોકરી પાયો,-દગાબાજ હું છું સાચો,
શ્રીપુર નૃપતિ જગ વખણાયો,–દેવરાજ નામે જાચો;
રાજનિતીમાં રામ ગણાયો,–હું પાપી કામી કાચો. ૬૮
જતાં આવતાં હરતાં ફરતાં,–સુંદરિમાં મુજ ચિત્ત રમે,
કરી માગણી મેં કરગરતાં,-સાચી સતીઓ કેમ ખમે?
શામ દામ ભેદો આસરતા,–નિરાશ થાતાં કામ દમે;
દંડ દાબ ધમકીને ધરતાં,–લાગ મળ્યો દિન એક સમે. ૬૯

નદી તીર માતાનું મંદિર,–નત્થ બ્હાર દર્શન કરવા;
ગઈ સુંદરી બે સખી સંગે,–લાગ મળ્યો મુજકર ધરવા;
ચાર ભીલ તૈયાર કરીને,–મોકલતો સુંદરિ હરવા;
સિદ્ધ કામ કરી તે ઝટ આવ્યા,–ભુજ પાપનો ઘટ ભરવા. ૭૦
નથ્થશેઠને રાજન બીકે,–જંગલનો લિધપંથ હમે,
ભાન રહિત બાળાની સાથે,–હયપરસ્વાર થયો ભરમે;
ન્યાય સર્વને નમસ્કાર કરી,–અહિં લાવ્યો મ્હારા કરમે,
દેખી નિર્જન સ્થાન ઉતારી,-કામ વાસના ધમણુ ધમે. ૭૧
સાવધાન થૈ બાળા એવે.–સમજાવી પણુ નવ માને,
બલાત્કાર કરતો તો તેવે,–તમે અહિં આવ્યા રાને;
શાસ્ત્રહિણુ હું અંધ બનેલો,–ભાન ગયું મુજ અજ્ઞાને,
એક કટાર ત્હમે હરી મ્હારી,–જીત મેળવી તોફાને. ૭૨
ઠીક થયું કે બ્હાર ત્હમે કરી. જ્ઞાનચક્ષુ મ્હારા ખોલ્યા;
આ ભવ પરનારી માતા ભગિની–સમ કાન ત્હને બોલ્યાં;
પરનારીની યારીમાં,–રાવણુરાયે પણુ કર ચોળ્યાં;
ક્ષત્રિવટમાં આગ લગાડી,–નામ વડીલનાં મેં બોળ્યાં. ૭૩
દિનકરના ડંકા દેવાયા,–પ્રાતઃકાળ થયો પળમાં;
મદન કહે બાળાને ચાલો,–સોંપુ માત પીતા કર માં;
રામસિંહને મદન કહે ત્યાં,–ચાલભાઈ મનમાં ડરમાં;
પગે પડીને બોલ્યો પાપી,–હવે નહી જઉં શ્રીપુરમાં. ૭૪

દેવરાજનો ત્રાસ ઘણો, છે,–પ્રાણ પલકમાં લે મ્હારાં;
નગરશેઠનો લૂણહરામી,–થઈ નહી આવું પ્યારા;
જીવિતદાન મુજને તેં દીધું,–પ્રભુ ભજન કરસું સારા;
ન્યાય નિતીથી દુર દેશ જઈ,–ખ્યાલ વર્જસું સૌ ખારા. ૭૫
સગાંસબંધી કોઈ નથી મુજ,–જે પાછળ ચિંતા કરશે;
ધર્મપત્નિ પણ સ્વર્ગવાસી થઈ,–પ્રભુ ઉપાધી સૌ હરશે;
રજા લઈ હયસ્વાર થઈને,–રામસિંહ દઈ દોટ ધસે;
થયો અદ્રશ્ય અધર્મિ અળગો,–તવ સુંદરિ કરિ હાશ હશે. ૭૬
પ્રભુ પરિશ્રમ પ્રૌઢ આપને,–વિશ્રાંતિ પરવાર લહો;
કથા હમારી સાંભળી આપે,–હવે આપની આપ કહો;
બાલ્ય વયે કયમ ? વનવાસી થૈ! કોમળ અંગે દુખ સહો
મારા સમ પુર જ્ઞાતિ બતાવો,–વર્યા કુંવારા સત્ય કહો. ૭૭
ચપળાક્ષી ચમકારા કરતી,–મદનમોહ વશ દીન થઈ;
કરજોડીને મદનરાજની,–સ્હામું સુંદરી જોઈ રહી;
શ્રી હત્યા સાચું નવ કહો તો,–શા ? દુખે વનવાસ લઈ;
એકાકિ નીકળ્યા સુંદર વર,–કેમ ? સ્વજનને ઘાવ દઈ. ૭૮
સહજ હાસ્યથી ખંજન પડતાં,–મદન ઉચરે નિરધારી;
પળમાં હસતા પળમાં રડતાં; દગાબાજ દીસો નારી;
ચપળ નયન અસ્થિર કનડતાં,–દિસે તમારા જયકારી;
ઘાટ દગાના દીસો ઘડતાં,–વશ કરતાં કમણગારી. ૭૯
શેં ? આરોપ દિયો છો ખોટા,–વદે સુંદરી દેવ ત્હમે;
આપ ઠગારા દીસો મોટા,–નિર્મળ અબળા ભોળી હમે;

નવ સમજું તણુ ગડબડ ગોટા,-હૃદયહાર જયમ દિલ ગમે;
સુંદર લાગો વયમાં છોટા, મોટા બળ બુધ્ધિ ધરમે. ૮૦
માન દઈને ભાન ભુલાવે,-દિલ બનીને ડહ્યામ દિયે.
અબળામાં ખપતી સબળા તે,-મટકું કરી હરી ચિત્ત લિયે;
કૈંક ઠગાયા જ્ઞાની જોગી,-પંડીત રાણા માનનિયે;
ભોળી બને ચિત્ત ચોળી ચપળા, મરદ ગુમાન ઉતારિ દિયે ૮૧
વિતક વાત મદને કહી સઘળી,-હું ચંદ્રાવતિનો વાસી;
શ્રીધર તાત શ્રીદત્તા માતા,-પડયો ભુલો થૈ વનવાસી;
મદનરાજ મુજનામ સુંદરિ,-બાળવણિક હું અભ્યાસી;
લગ્ન તણી ઈચ્છા નવ મનમાં,-છે નરને નારી ફાંસી. ૮૨
ઠાલા ચાળા સર્વ જવાચો,-વ્હાલા મ્હારા આપ થયા;
રક્ષણ કરિ પ્રભુ રૂપ પ્રગટ થૈ,-લાવી દિલડા માંહ્ય દયા,
"આશ્વાસન દીધું ખોળામાં"-પ્રાણનાથ શું ? ભુલિ ગયા?
વશ કરિ ભોળી કુમારિકાને,-પ્રણય દાન દૈ ધરી મયા. ૮૩
મદન કહે નવ દેશો ફાંસી,-અલ્પ રૂચી પણ નહી વરવા,
સુંદરિ કહે કયાં જાશો? મ્હારી,-મ્હને તિવ્ર ઈચ્છા વરવા;
મદન તણું પણ હૃદય વિંધાયું,-માન ચહે મોંઘો ઠરવા,
કરયુગ સુંદરિનું વિંટળાયું,-મદન કંઠ કામણ કરવા. ૮૪

તૃતિયોલ્લાસ સંપૂર્ણ

ચતુર્થોલ્લાસ.

(સાર્દુલવિક્રીડીત વૃત.)

નારંગી રૂપ રંગ અંગ મુખની શોભા ગુલાબે હરી,
વાસુકી સમ કેશ પાશ સુખની–આશા વિષે સંચરી;
ત્રિવલ્લી કળીશી પ્રફુલ્લ હૃદયે-ચંપાઈ જ્યાં સુંદરી,
લીધું સ્વર્ગીય સુખ ત્યાંજ મદને–આનંદ અંગે ભરી. ૮૫
બંન્નેનાં બળવાન અંગ વળગ્યાં–મુખે ધરી વ્યંગતા,
રાતાં અમૃતપાન કાજ અધરે–ચારે કરી ઐકયતા;
હૈયેહૈયું ગયું મળી પલકમાં-ત્યાં પ્રેમ સાચો થતાં,
આનંદે સ્મર રંગ રંગત રમે–બે દંપતી શ્રીમતા. ૮૬
વીતી બે ઘડી પ્રેમ પાન કરતાં-તાળી દઈ લૈ રમે,
આવ્યા સુંદરી શોધતા અનુચરા–તે સ્થાન એવે સમે;
ક્રોધાકુળ બનેલ ચાર શુભટે–ખેંચી અસિ સામટી,
શુરા કેશરિએ ચતુર મદને–ચાંપી અસી ઝાપટી. ૮૭
પ્હેલા ઘાવથી બે મુવા પલકમાં–ઝાંખા પડ્યા બે જણા;
દીસે બાળ વિક્રાળ કાળ વનમાં–જોતાં શુરા બે હણ્યા;
જોડી હાથ વદે મિયા કરગરી–ભાઈ રખે મારતાં;
દીઠા સુંદરિ બા હમે ફરિફરિ–આવ્યા અહીં શોધતા. ૮૮
ક્યાંથી? બા કયમ? આ વને ફસી પડ્યા–માબાપ વાટું જુવે,
ખાણુંને પિણું ખેલણું વિષ થયા–વ્હાલાં સગાં સૌ રૂવે;

ક્યાંથી? આ સરદાર કોણ? મળીઆ-ચાલો ઘરે બા હવે,
હાંસી ત્યાં મદને કરી મુજ જીતો-તો સુંદરિ આવશે, ૮૯
ચાલો ભાઇ વિતી કથા નગરમાં-ભાંખીશ સૌ આગળે,
આપ્યું જીવિતદાન આ વિરનરે-એનાંજ બાહુ બળે;
લાવ્યો તો અહિં રામસિંહ હરીને-તેથી બચાવી મને,
પુછયાં વિણુ ઉતાવળે અથડતાં-બે જીવ હુત્યા બને; ૯૦
બન્ને લાસ ભુમિ વિષે પરિડવી-બેઠા સઉ ઘોડલે,
હાંકીને હય એક લીધ સુભટે-શ્રીપુર પંથે પળે;
મધ્યાન્હે નગરે જઈ સ્વજનને-ભેટી મળી સુંદરી,
વિતેલી કથની કહી રૂદનથી ચૌધાર આંખો ભરી. ૯૧
આભારી સઘળાં થયાં મદનનાં-સેવે શુરાને નમી,
માગે આણ જવા તણી મદન ત્યાં-આડી પડી સુંદરી;
થાકયાં પ્રૌઢ પરિશ્રમે મદનજી-આજે રહી વિરમી,
જાજો કાલ પરોપકારિ નરજી-રહો આજ વાસો કરિ.

ચતુર્થોલ્લાસ સંપૂર્ણ

પંચમોલ્લાસ

(રાગ પ્રભાતિ)

સુંદરીના કટાક્ષે મદન વશ થયો-ત્યાં રહ્યા ૭ દિવસ ધીરધારી,
રંગ રાગી બન્યો ઉત્સવે ભાગ લૈ-લાગ સાંધી મળીપ્રાણ પ્યારી;
સકળ કુટુંબ ગૃહ દાસદાસી બધા-નીજ કામે તલાતીન થાતા,
મદન આવાસમાં સુંદરી જૈ મળી-હાથ જોડી વદીપ્રેમ દાતા. ૯૩

પ્રાણવલ્લભ જશો નાહિ તરછોડીને–શી? દશાનાથ થાસે હમારી,
હંશ તનથી જતાં દેહની જે દશા–નાથ વિણ નાગણી થૈ જનારી;
શું? કરૂં જાઉં કયાં? નાથ સુઝે ન કૈં–બુદ્ધિબળ દાખવો સુખકારી,
જેમ વિરહ ટળે પ્રાણપ્યારા કળે–બોધ દૈને બચાવો બિચારી. ૯૪
હૃદય ચાંપી ભણે મદન વ્હાલી સુણો–ભાન મ્હારૂં હર્યું તેંજ ગોરી,
પલક પણ પ્રેમદા પ્રેમ વિસરાયના ચંદ્રને જેમ લાગી ચકોરી;
માતપીતા હશે ઝુરતા મુજ વિના–જીવનની મુજ તુજ હાથ દોરી,
આર્ય સંસારમાં વાત વિવાહની–માતને તાત આધીન ગોરી. ૯૫
સારૂં કરશે સદા અંબિકા માવડી–શોક છોડી ધરો ધ્યાન તેનું,
ઠામ આ છોડીને જાવ પ્યારી હવે માત અંબા કરે ઇષ્ટ બેનું;
ગઈ ત્રિયા મદન તૈયાર થૈ હય ચઢી-શ્રીપુરે સ્હેલ માટે સિધાવે,
રાજમાર્ગે તુરી આપ ખેલાવતો–દેખતાં સર્વને વ્હાલ આવે. ૯૬
રાજ્ય વારાંગના મદન મોહીત થૈ–કામવતિ નામની તે રૂપાળી,
ઈંદ્ર શું? આભથી ઉતર્યો ચંદ્રમા–તિવ્ર કામાતુરા મદન ભાળી;
તાન લાગ્યું મદનનું રમાચિતમાં–પાઠવે દાસી વિચિક્ષણાને,
સિધ્ર વિચિક્ષણા મદનનિ પાસ જૈ-પત્ર વાંચન મિષે મદન લાવે. ૯૭
પ્રેમ પૂરિત તે કામવતિ ધામમાં–દાસીને દૈ તુરી સિધ્ર પેઠો,
કામિની કામ ચાળા કરે તાનમાં–માનિની માનદે મદન બેઠો;
મદન ભાંખે નથી કેમ કૈં પણ ભણ્યા? પારકી ગરજ તેથીજ વેઠો,
કામ ક્રિડા કરો સ્ત્રી કહે કરગરી–આવતાં આપ મુજ જીવ હેઠો. ૯૮
પ્રાણજીવન પ્રભુ દાસિ થૈ ને રહું–કામ કટકા કરે કાળજાંના,

આપ સંયોગ શુભ યોગને હું ચહું–ભોગનું દાન દો દેવદાના;
મદન બોલે અરે! પદ્મિણી શાપિણી–પત્ર વાંચન તણા જુઠ બ્હાના,
વિશ્વ વેશ્યા વનિતા બની ડાકિણી–ભક્ષ મુજ શું ચહે? રંગતાના.૯૯
શ્વાન વેશ્યા તણા ભોગિ હેવાન જે–શિર જુતાં સહે મુરખાતે,
વિત્તને વિર્ય દે નર્ક ખાડે પડે–દુર રંડા રહે હું નથી તે;
ગાનને તાનમાં ખચ્ચરો જૈ અડે–જેમ વેરાનમાં કામિ લાગે,
ઉઠતાં મદન ત્યાં ભૂપ આવી ચ્હડે ઢોંગથી ગુણિકા દાવ સાંધે. ૧૦૦
ચેતવી દાસિએ ભૂપતી આવતા–દાવથી દાબ દે રંડ ભુંડી;
માન રે! મુરખા મરણ હ્યાં આવતાં–આ નથી વિશ્વની ખાળકુંડી;
દેવની દાસિના ધામમાં ઘુસતા–થપ્પડે પેસસે ભોંય મુંડી.
મદન વિસ્મય થતો હોઠ 'નિજ ચુસતા-શું? વદે કુલટા લોકભુંડી૧૦૧
દેવરાજા ચઢયો દાદરે ધસમસી–નેત્રથી ક્રોધ અંગાર વરસે,
સુભટો ચાર સંગાથ આવ્યો ધસી–પ્યાનીના ડર રિપુ સિઘ્ર મરસે;
મદન મજબૂત થૈ અંગરક્ષી દિયો–દેવ નૃપને તમાચો લગાવી,
શ્વાન હેવાન શું? તેં મદિરા પિયો–ભાનહિણ ગુણકા ઘેર આવી.૧૦૨
ચમકતી ચાર તલવારને ચાંપતો–એકનું શીર દીધું ઉડાવી,
ચાર ચંડાળ ત્યાં વળગતા સામટા–ઝુંટી તલવાર લીધી પડાવી;
બંધ મજબૂતથી વિરનર બાંધતા–બાંધિને માર મારે અડાવી,
મદનની લાતથી ભુમિ ભેગા થતા-હાથ પગ માંહ્ય બેડી જડાવી.૧૦૩
રાયના હુકમે બંધિખાને હવે–રાજમાર્ગેથી લૈ જાય સુરો,
સુંદરીની સખીએ દિઠો એહવે–કિધું જૈ શેઠને શેઠ પુરો,
શો? ગુન્હો કિધતે શેઠ જૈ જાણતાં–આપ નિરાશ થૈ ઘેર આવે,
ખુનનો શેઠ આરોપ આરોપતા–ઢળી પડી સુંદરી ભુતલ ભાવે.૧૦૪

સર્વ ભયભ્રાંત જળ વાયુ સિંચન કરે–નિર્મળા સુંદરી માત ચિંતે,
બાળ ચેષ્ટા ગઈ દીકરીની ખરે–વિસ્તરે પ્રેમ મૂર્છા નિમીતે;
નાથને નારિ ભાંખે સુણો કંથજી–બેટી મુંઝાય વિદેશી પ્રીતે,
એહવે સ્હેજ સાવધ થઈ સુંદરી–બેઠી થૈ ભાખતી કુંવરી તે. ૧૦૫
માતપીતા સુણો લાજ આજે તજું–હૃદય શણગાર છે મદનરાજા,
પ્રાણ મ્હારો ઉગારી બન્યા છે પ્રભુ–છોડીસુ સર્વની આજમાઝા;
એહ વિણ ભ્રાતને તાત સૌ નર મ્હને યાચી શું એજ સ્વામી વિરામી
સિધ્ર જૈ તાત છોડાવજો એમને એ વિના બેટી તમ મરણ પામી.૧૦૬
શેઠ કહે સુંદરીને સુણો દીકરી–ન્યાય વિરૂદ્ધ આ કામ ત્હારૂં,
આર્ય સંસારમાં તાતને વશ ઠરી–ગાય ગોવાળ વસ તેમ ધારૂં;
વાત વિવાહની માત પીતા કરે–પુત્રી પરતંત્ર શાસ્ત્રે જણાતી,
પ્રિત પરદેસીની કારમી શું? કરે–શોકથી મુજ ઉભરાય છાતી.૧૦૭
સુંદરી કહે સુણો તાત મુજ વાતડી–આપમાં પાપ ક્યાંથી ભરાયું?
શાસ્ત્રમાં તો સ્વયંવર પિતા આદરે–ઇષ્ટવરને વરે એ જણાયું;
શેઠ કહે ક્ષત્રીને એ ઘટે બેનડી–આપણે વાણીયા રાંક જાતી,
મદન પરદેસીને મોટિ વિપતી પડી-દંડ દેહાંત શિક્ષા જણાતી.૧૦૮
હાય! પ્રાણેશ–વદતી પુનઃ સુંદરી–ઢળી પડીભાન ત્યાગી બિચારી
નિર્મળા શેઠ જયચંદ્રને વિનવે–મદન રક્ષો હવે તો વિચારી;
શેઠને થાય ચિંતા હવે બેવડી–મદન વિણ પુત્રિ નિજ મરણ પામે,
રાજહઠ મદનને ફાંસી સુધી ઠવે–માફી ક્યમ? બક્ષસે મુજ નામે.

(સંધિકર ગાથા.)

પંચમોલ્લાસ સંપૂર્ણ.

કાવ્ય માલા નં. ૧

સમાપ્તા.

षष्ठोल्लास

કાવ્ય માલા નં. ૨

(રાગ ઉપરનો)

એહવે મદન લૈ રાજસેવક જતા—બાંધખાને પુરે દૂઃખ આપી,
મદન કોમળ વપુને પિડા આપતા—નિર્દયા સર્વથા હોય પાપી;
શેઠ સાવધ કરી સુંદરીને કહે—એકની એક તું મુજ બેટી,
મદન છોડવવા તરત તજવિજ કરૂં—રાખીસું અહીં દઇ પુત્રી પેટી. ૧
દેવરાજો તણી પુત્રી ગુણમંજરી—કુંવરી પરણવા યોગ્ય બાળા,
લલિત લલના મહારૂપ ગુણે ભરી—બેઠી ઝરૂખે ગુંથે પુષ્પમાળા;
બંધીખાનું હતું મ્હેલ સ્હામું દીઠો—મંજરી એ મદન માર ખાતા
દાબ સખી સંગ કારાગૃહે જૈ દીધો—દાબથી રાક્ષસો તે દબાતા. ૨
ગુણમંજરી તણા હૃદયમાં મદનની આકૃતિએ કર્યો વાસ વેગે,
પુછતી મદનને કોણ ? પરદેશી તું—શો ? ગુન્હો તુજ તે સત્ય કહેજે
મદન હસીને કહે રે ! કરૂણાવતી—પુરિ અંધેરિ આ ગંડુ રાજા,
ધર્મિને ધાડ કુશળે કસાહ ટકે—શેર ભાજી ટકે શેર ખાજાં. ૩
બોલિ ગુણમંજરી ન્યાયી મુજ તાત છે,—નિતી આ રાજ્યમાં છે વસેલી,
વ્યર્થ બકવા જવાદો ભલા માનવી—વાત વીતી કહેજે બનેલી;
સર્વ વિતર્ક વદે મદન આં જેટલે—દેવ નૃપ એટલે આવી લાગ્યો,
કારમી દષ્ટિ કળી જનકની બાળ ગઇ—પ્રેમનો અંતરે ઘાવ વાગ્યો. ૪

મદનને લૈ ગયા સુભટ ચૌટા થકી—ચંદ્ર નિર્દોષ રાહુ ગ્રસેલા,
સૌ પ્રજા માંહ્ય કલરવ મહા થૈ રહ્યો—થાય અન્યાય અહીં આજ પ્હેલો
ન્યાયના રાજ્યમાં બાળ પરદેશીનો—ન્યાયી રાજા ખરો એક બેલી,
કેદિના વદનથી એહ નિર્દોષ છે—કામવતિ છે ગુન્હેગાર "પેલી" ૫
સર્વ ટોળુ મળીને નગરશેઠને—ઘેર જૈ પ્રબળ પોકાર કીધો,
ન્યાય આપો ! અપાવો ! પ્રજાને અરે !—સુણુતા શેઠ જયચંદ્ર બ્હીધો;
શું ? થયું ભાઇઓ ? દુઃખી સૌ શેં ? બન્યા ન્યાયને કાજમેં જન્મ લીધો
હાય ! મારી કહે કામરૂપ બાળ કો—રાજ્ય કેદી કરીપૂરિ દીધો. ૬
શેઠ કહે સાંભળો ! રાજવી આપણા—ન્યાયી છે. એજ સિદ્ધાંત મ્હારો,
મુજ અતિથી વળી કેદિશીશુ સારિખો—પણ ગુન્હેગાર છે. વ્હેમ મ્હારો
તે છતાં તમ સહુ ન્યાયના કારણે—આવિ મુજ બારણે દાદ માગો
કાલ કેદિ તણો દોષ જાહિર થશે,—જાવ ધંધે હવે સર્વ લાગો. ૭
દેવ નૃપ ક્રોધથી ધમધમી મ્હેલમાં—જાય કારાગૃહે દાબ આપી,
સુભટ સૌ ચોકી મજબુત કરી જેલમાં—બંધવો રક્ષજો દુષ્ટ પાપી;
મુખ્ય દીવાનખાને જઇ પુત્રિને—તાત તેડાવતો દંડ દેવા,
આવિ ગુણમંજરી થરથરે તાપથી—બાપના પાપનો શ્રાપ લેવા. ૮
કેમ ? કારાગૃહે બેટિ જાવું પડ્યું ! સાચું કે' તોજ કૈં રહમ થાસે,
જુઠ જો ભાખસે મરણ અહિંયા થસે, શિરધડથી જુદુ થૈ કપાસે;
ક્ષત્રિ બાળા ધરી ધૈર્ય રાતી થઇ—બાપજી અવનતિ કાળ ભાસે,
મુજને મરણની લેશ ચિંતા નથી—થાય ખુન ન્યાયનું મોહ પાસે. ૯
અશ્વ ખર સંગ કુસંગના રંગથી—ભુકસે સિંહ જેવો કુરંગે,
હંસ જેમ કાગ કુસંગથી વણસતો—તાત ત્યમ ગુણીકાના કુસંગે;
ભાવિ બનસે સદા કેમ ? કારાગૃહે—હું ગઇ તે હવે તાત ભાખુ
બાપડા બાળનો કાળ કરતે પિતુ—નહિ ગઇ હોત તો, કેમ સાંખુ ? ૧૦

શો ? ગુન્હો બાળનો ! કેદ શાને ? કર્યો !–એક વારાંગના વાતમાની
તે છતાં શો ? અધીકાર સુભટ કરે ! રાક્ષસી મારથી થાત હાની,
ઝંખવાણો પડયો બાપ બેટી થકી–આબરૂ થૈ ગઇ ધુળધાણી,
નૃપ કહે વાત ખોટી બધી જાહવે–એ ગુન્હેગાર પીલાવું ઘાણી ૧૧
ગુણમંજરિ ગઇ જેટલે એટલે–શેઠ જયચંદ આવ્યો દુવારે,
આણ લૈ મ્હેલમાં જઇ કરી અંજલી–વાણીયો વાત સઘળી ઉચારે;
નગ્ર કોલાહલે વ્યાપ્ત સઘળું દીસે–શો ? ગુન્હો બાળનો બ્હાર પાડો,
શાંત સૌને કરિ કાલનો વાયદો–મેં દીધો દેવ કે માર્ગ કહાડો ૧૨
દેવ નૃપતિ ભણે શી ? પ્રજાને પીડા–રાજ્યની ભુપને હાથ દોરી,
ધારસે મદનનો પક્ષ ત્હેને હણું–બાળ પરદેશીએ કીધ ચોરી;
શેઠ કહે રાજવી ના બનો રાતડા–મદન મુજ પુત્ર જેવો પ્રમાણો,
માફ તસવાંક કીજે કરૂણા ધરી–બાળને આપ નાદાન જાણો. ૧૩
ભુપ કહે કૈં નથી સુણવું ટાહ્યલું–વાંક તસમાફ નવ કદીય થાસે,
કાલ મધ્યાન્હ સમયે સુળી શોભસે–બ્હાર કરશે નકી તેહપાસે;
શેઠ કહે સાહિબા કાળ વિનાશનો–આવીયો મુજ પણ મરણ પાસે,
ભાવિબનનાર મિથ્યા થશે નવ કદા–નગ્ર શ્રીપુર ખાત્રી જણાસે. ૧૪
જે થવાનું હશે તે ભલે થૈ જશે– ક્ષત્રિ નવ ટેક નિજ છોડવાનો,
સર્વ ઉશ્કેરણી દીસતી તમ તણી–પ્રૌઢ શિક્ષા થશે જરૂર જાણો;
શેઠ કહે દાસ તૈયાર ચઢવા શુળી–પણ પ્રભુ વિનતિ એકમાનો,
મુજ જામાત્રએ મદનને મારી દૈ–મુજ હણો એ ગણી બાળ ન્હાનો. ૧૫
ક્રોધથી રાય બોલે નથી સુણવું–જાવ કામે હવે શેઠ લાગો,
દેખશું વાણીયા બાપડા શું ? કરે !–કેમ ? દે ન્યાયને જોઉં ડાગો;
જેબને શેઠ તમથી કરો સર્વ તે–ડર નહી ક્ષત્રિને દિલ ધારો,
મદનને દંડ શુળી તણો કાલ છે–દોષ તેનો ન જાહિર થનારો. ૧૬

શેઠ નમીને ગયો રાય અકળાયલો–શયન ભુવને ગયો નિંદ લેવા,
પટ્ટરાણી ગુણાવલી સતી નાથની–સિદ્ધ આવિ કરે દિવ્યસેવા;
ગુણમંજરિ ગઇ રાયની પાસથી–રોઇ એકાન્ત જૈ મુગ્ધ બાળા,
એજ પ્રાણેશ આ ભવ તણો ભાગીયો–છોડવી કંથ ભરવા ઉચાળા. ૧૭
દાસી તવ એક આવી કહે બેનડી–મદનનો કાળ કાલે થવાનો,
ગુણમંજરી વદે કૈં કળા કરિ સખી–મદન મુજ પ્રાણ છોડાવવાનો;
એક સુરંગ અહિંથીજ કારાગૃહે–રાત્રિમાં ખોદવી સૂણ બ્હેની,
સઘ સાવધ થજો સોળ સખી સૌત્હમે–ગુપ્ત કામે કરો સાહ્ય ર્‌હેની. ૧૮
મંડી સોળે સખી સંગ ગુણમંજરી–કોમળાંગી વહે માટી પ્રેમે,
ભોંયરૂં કુંવરિનાં મ્હેલમાં ત્યાં થકા–આદરી કોઇ ન ભરાય વ્હેમે;
શેઠ જયચંદ્ર જઇ સુંદરીને કહે–મદન બચવા વણી આશ ખોટી,
કાલ રાજા મદનને શુળી રોપશે–શું? કરૂ બેટિ પિડ થાય મ્હોટી. ૧૯
સુંદરિ કહે પિતા રાતની રાતમાં–જેલમાં લઇ જઇ સુભટ પાસે,
એક મેળાપ મુજને કરાવો હવે–જીવનની દોર ટૂટેલિ ભાસે;
કળકળે સર્વ કુટુંબ સહ શેઠીયો–બ્હેન રહે રાતમાં ધિરધારી
નૃપતણી આણ લૈ કાલ તુજ મેળવું–નહિ બને શુભટથી કામ ભારી. ૨૦
રાત્રી જાગરણ સૌએ કર્યું ધર્મમાં–ગુણમંજરિ સખી સંગ કામે,
બંધિખાને થઇ મદનની શી? દશા!–સાંભળો જે બન્યું તેહ ઠામે;
મધ્ય નિશા ગઇ શાન્ત નગરે થયું–ચોકીદારો હુંકારે ડરાવે,
જેલમાં ધૈર્ય સઘળું મદનનું ગયું–માત અંબા સ્તવે ભક્તિ ભાવે ૨૧
"અરર! માતા વિધાતા હમારી બની–ક્રુરતું માત પણ આજ લાગે,"
"ધન્ય! આરાસુરી અંબ આશાપુરી–દુઃખમાં બાળથી દૂર ભાગે;"
"મોતની લેશ ચિંતા નથી માવડી–આબરૂ ત્હારી જાશે પ્રભાતે,"

વિશ્વ સૌ માત વિહુણો મુવો કહિ ત્હને–નિંદસે, આવશો જેન રાતે.” ૨૨
“સદ્ય સાવધ થઇ માત સિંહપર ચઢી–બાળ અંબા ઉગારો ત્હમારો,”
“બાળ રિસાળને મનવિને અંબિકા–કેદથી છોડવી ભક્ત ધારો;”
“હજુ ન કૈં ધ્યાનમાં ઉતરે માત જો–લ્યો દઉં ભોગ અહિં શીર ફોડી,”
“શુળી કરતા ભલો ભોગ દેવો ત્હને–અંબિકામાં દઉં જીવ જોડી.” ૨૩
એમ “ ૐ અંબિકાયૈનમઃ ”જપજપી–પટકતો શિર નિજમદનજેવે,
કરૂણવંતિ સફ્ળીધસી અંબીકા—ઝિલ્યું શિરમદનનું અંક ત્હેવે;
જોરથી નેત્ર મીચી મદન શીરને—ઝીકતો પૃથ્વીમાં મરણ ચાહે,
અંબ ખોળા વિષે શીર રક્ષણ થયું–ચોંકી જોતો મદન તિમીર માંહે. ૨૪
“શું? કરે દીકરા? અંબ તુજ જીવતી–”શું? ચહે માગ વરદાન ભાવે
મદન ગુસ્સે થઇ પુઠ નીજ ફેરવી–બોલતો “માડી અંબા” સ્વભાવે
“અંબે સુખે પધારો દુઃખી હું ભલે”–મરણ લહી ભોગ દેવોજ ધારૂં
“કુળકળાવી દિયે લાડવો માત જે–યાચનાથી ભલુ મરણ મ્હારૂં.” ૨૫
દેવી કહે દીકરા દેખ માગ્યા વિના–માડી નવ પીરસે ન્યાય એવો,
તુજ સ્મરણ માત્રમાં આવી હાજર થઇ–મદન વ્હાલો છું તું બાળ જેવો,
મદન કહે માવડી એમ માનું નહી–અણુસમજણો ન નાદાન હું તો,
માગતા પીરસે માત અજ્ઞાન તે–જાણતી માવડી જ્ઞાની તું તો. ૨૬
જગતમાં માત સૌ બાળ તૃપ્તિ ક્ષુધા–જાણવા છેજ અજ્ઞાન તોયે,
ભાવથી પીરસે બાળને પુછતી–લાડથી યાચતાં સ્નેહ સ્હોયે;
તૃપ્ત બાળક તથાપિ જનેતા દિયે–આગ્રહે અધિક, એ પ્રગટ વાર્તા,
જ્ઞાની માતા ત્હમે બાળ ભૂલી ગયા–શું? પુછોછો હવે! સુખ શાતા. ૨૭
ભાવથી અંબિકા હૃદય ચાંપી કહે–યાચના વિણુ હવે કામ થાસે,
ચાલ સાવધ થઇ જા હવે દીકરા–આપું વરદાન તે લે ઉલ્લાસે;

એહને બંધિખાને ધડાકો થયો—મદન ચોકી કહે ચિત્ત આ શું ?
કુદિ-પડિ ગુણમંજરિ ગળે મદનને—ધાઇ વળગી વદે મદન મા શું ? ૨૮
તરત ગાંધર્વ વિવાહથી મદનને—ગુણમંજરિ તણો હાથ આપી,
દંપતી શીર એકર ધરી અંબિકા—કહે સુણો બાલુડાં ચિત્ત ચાંપી;
જાઉં છું હું હવે મદન સુણ દીકરા—જ્યાં ઉભો ત્યાંજ દે લાત ઠોકી,
સરસ સુરંગનું દ્વાર ખુલ્લું થશે—જેહથી કોઇ શકશે ન રોકી. ૨૯
ગુણમંજરિ ભણી અંબિકા ફરિ કહે—ઉદ્યમે ધન્ય તુજ ધૈર્ય બેટી
સબળ સાહસ કર્યું કંથ છોડાવવા—પણ ન એ માર્ગથી સુખ પેટી,
એ સુરંગે જતાં સહિસલામતિ નથી—નગ્ર ચોમેર છે કોટ તેથી,
મેં કહી તે સુરંગેથી જાતાં નક્કી—ભેટ ચંદ્રાવતીની સુખેથી. ૩૦
અંબીકા એમ કહિને તિરોહિત થયાં—મદન દે લાત દાબી લીલાથી,
સિધ્ધ પત્થર થયો દુર સૈ ઉતર્યા—પુનઃ ઢાંકે મદન તે કળાથીઃ
ગુણમંજરી સખિ સંગ ધન સર્વ લૈ—નાથની સાથ ચાલી નવેલી,
સુંદરિ મદનને સિધ્ધ ત્યાં સાંભરિ—જનનિ અંબા થએ તાસ બેલી. ૩૧
દેવ નૃપની સુતા આભુસણુ બહુ મુલા—હરણ કરિ મદન લૈ જાય સંગે,
દિપ આગળ ધરી દાસિયો ચાલતી—દંપતી પુંઠ ચાલે સુરંગે;
શ્રીપુરે ત્યાં પ્રભાતે બિના કૌતુકી—ગુણ મંજરિ તણા, મ્હેલ વિષે
રાણી ગુણાવલી પુત્રિ મંદીર ગઇ—સૂન્ય સૌ ત્યાં દિઠું કો ન દીસે. ૩૨
રાણી બેબાકળી થઇ રૂદન આદરે—ક્યાં ગઇ દીકરી હાય ! મ્હારી,
તરત કોલાહલે દેવ નૃપ આવતો—જોવંતાં શુદ્ધ બુધ જાય હારી;
સિધ્ધ અનુચર કવી હુકમ ફરમાવતો—મદન કેદી લઇ જલદી આવો,
ખોલતાં જેલ બેભાન જેલર વદે—કેદિ ન્હાશી ગયો ! જૈ જણાવો. ૩૩
દેવ નૃપ ત્રાસથી બાપડા જેલરે—આણુ ખોર્યાં છરો પેટ મારી,

ત્રાસદાયક સમાચાર બંન્ને મળ્યા–રાય ઝાંખો પડયો હિમત હારી;
ગુણમંજરિ હરી મદન ન્હાસી ગયો–હાથ એમાં નગરશેઠ કેરો,
બાળ પરદેશીની નવ ગતી એવડી સર્વથા વાણીયો એ નમેરો. ૩૪
વાણીયા રાંક સૌ જાતીમાં ઇં ગણ્યા–નાગ કાળા વણીક જાતીવાળા,
ડાહી માતા તણા દીકરા વાણીયા–ઠેસ દે ઠાર કરતા સુંવાળા;
હાય ! ઇજ્જત જશે પુત્રિના હરણથી–મુછ નીચી થશે મદન જાતાં,
કારમો એજ જયચંદ્ર શતરૂ મળ્યો–હાંસી થાસે પ્રજામાં જણાતાં ૩૫
શેઠ જયચંદ્ર લૈ પુત્રિને રોવતી–જાય નૃપ દ્વાર મેલાપ કાજે,
સુંદરી કકળતાં કૈં દયા ઉતરે–રાયના હૃદયમાં લોક લાજે;
રાણીને પુત્રિનું રાખવા ગુપ્ત "આ"–પાઠવીરાય મંદિર જાવે,
કેદિ ન્હાશી ગયો સ્વાર–સો સજ કરે–મદનમૃત જીવતો લેઇ આવે ૩૬
અષ્ટ દિશિ સ્વાર વ્હેંચાઇ ચાલ્યા ગયા–રાય નિજ પુત્રિનું ગુપ્ત રાખે,
હાલ સુભટ લઇ આવસે સર્વને–શુળી રોપીસ સહુ મુજ સાખે;
સુંદરા સાથ જયચંદ્ર આવ્યો ભલો–કહે છડીદારને આણ લાવો,
ખબર મળતાં ખરો ચોંકતો રાઉલો–વાહરે ! વાણીયા દિવ્ય દાવો. ૩૭
દિવ્ય દાવો કરે અરજનો રાંકડો–નાગ કાળો દિધો ડંશ કેવો ?
મૈ સતો એ પ્રપંચી હરામી ભુંડો–આવયો અહિં હવે જીવ લેવો;
ક્રોધયો નૃપ કહે બાંધી હાજર કરો–પાપીને પાપનો દંડ દેવો,
સજ્જ શુળી કરો શેઠ તે પર ધરો–રાય દે શુભટને હુકમ એવો ૩૮
બાંધિને શેઠ હાજર કર્યો તરત ત્યાં–સુદરા થાય વિસ્મય અતીશે,
કરગરે કકળતી રાય ચરણે પડી–તાત ! અન્યાય આ સર્વ દીશે;
શા ? ગુન્હે કંથને તાતને દંડ દ્યો–રાય માબાપ તો છે પ્રજાના,
વિણ ગુન્હે એયને શે ? શુળીપર ધરો–કરૂણ દૃષ્ટિ કરો દેવ દાના. ૩૯

દેવરાજા તણી ગતિ મતી ભ્રષ્ટ થૈ–રૂપવતિ સુંદરી પાય પડતી,
જાવ ઝટ મ્હેલમાં કેદ આને કરો–લૈ સુભટ જાય તે બાળ રડતી
શેઠને શુળી આરોપવા લઇ જવા–આણુ દં શેઠને રાય ભાંખે,
જીવવું હોય જો મદન દેખાડ તો–શેઠ સુણી પ્રૌઢ નિઃશ્વાસ નાંખે. ૪૦
"મદન માર્યો ગયો બાપડો રાતમાં–રાક્ષસે કામ એ ગુપ્ત રાખી,
"મેં ન્હશાડી મુકયો" આળ એવું દઇ–મારશે મુજને કોણ ? સાખી
કાલ સઘળી પ્રજા મદન માટે ઉઠી–દોષ મુજ એ ગણી પ્રાણ લેશે,
હા ! વિધાતા લલાટે લખ્યા લેખ શા ? મ્હોત આ હાલતે આજ દેશે. ૪૧
શેઠ કહે રાયને–"કાળ રાક્ષસ અરે !"–મદનને હણિ મ્હને શુળી દેવી,
પુત્રિ મુજ આત્મહત્યા દઈ તુજને–પામશે મરણ શી ? વાત કે'વી;
અંત તુજ રાજ્યનો નજીક આવ્યો દિસે–રાય અન્યાયની આગ લાગી,
જાવ લૈ જૈ હણો દુષ્ટ નવ માનસે–કહી ગયો મ્હેલમાં તે અભાગી. ૪૨
સુંદરી નેત્રથી અશ્રુધારા વહે–ભૂપ આવ્યો બન્યો અંધકામી,
શેઠને મદન જો જીવતા રાખવા–તો બનો પ્યારી મુજ હૃદય ગામી;
સુંદરી સદ્ય સાવધ સતી થઇ ગઇ–શિયળના રક્ષણે બાળસબળા,
હે ! સ્વામી વદે શું ? પિતા રૂપ થૈ–નિંદણુ છું તું રખે જાણુ અબળા. ૪૩
મ્હોત દૈ તાતને પ્રિતમને રાક્ષસી–મુજને પણ મરણ આપ સુખે,
શિયળ મુજ નવ ટળે ઝાંખું પણ નહિ પડે–કયાં મસી ચોપડે ન્યાયી મુખે?
સુર્યસાગર શશી પૃથ્વી પણ–ઉલટશે–ફેર કાળો થશે દુખકારી,
પણ સતા શિયળને ડાઘ નવ લાગસે–વાગશે કાળજે શ્રાપ ભારી. ૪૪
"સતિ સિતા શ્રાપથી દહન લંકાપુરી–રાય રાવણ દશાનન કપાયાં,"
"પ્રવર પંચાલીની હાયથી કૌરવો–શતપુરા પાણીપતમાં મરાયાં;"
"તાપથી જે તપાવે સતિ સાધવી–દહન તે તાપમાં થાય કામી,"

"રાયને રંકમાં ભેદ કૈં નવ પડે—ઇશ્વરી કાયદો જો હરામી." ૪૫
કામ જ્વરથી બન્યો રાય રાતો ઘણો—બોલતો છોડ હઠ મુગ્ધ છોડી,
જ્યાં બળાત્કાર આરંભતો પાપિયો—રાણી ગુણાવલી આવિ દોડી;
સ્વામી આ શું ? કરો ! ન્યાયપર પગ ધરો—કાળ વિનાશનો ભાસ દેછે,
શુળી દૈ શેઠને લાજ સતિની હરો—જ જુવો સો પ્રજા શું ? વદે છે. ૪૬
દેવ રાજા કહે પતિન તું માહ્યરી—દૂર થા આ ઘડી આણ આપું.
રાણી કહે જો તજો પાપના ખેલ સૌ—આણતો આપની નવ ઉથાપું;
રાય ક્રોધે ભરાયો અસી ખેંચીને—હાલ બંન્ને તણાં શીર કાપું,
શું ? ચહો મ્હોત કે મ્હેરબાની ? કહો—ક્યાં મરો ? દેઇ તલવાર દાપું. ૪૭
શેઠ શુળી જતો હાટથી દેખતાં—નગ્રમાં કેર વર્તાય કાળો,
સર્વ મ્હાજન મળીને સ્મશાને થતાં—એકઠાં માગવા મ્હોત ફાળો;
પ્રથમ હમને હણી મારજો શેઠને—સેંકડો થાય તૈયાર મરવા,
શ્રીપુરે રૂદન આ બાળ ગોપાળ સૌ—આદરે જાય ફરિયાદ કરવા. ૪૮
નગરવાસી ઘણા મ્હેલ આગળ જઇ—ઝઝુમતા દાદ દે મરણ માગે,
રાણિને સુંદરી મારતાં અટકતો—સુણિ હોકાર ભુપ હામ ભાગે;
એહવે સુભટ દસ મ્હેલમાં ચઢી ગયા—નમિ કહે રાણિને રાજ્ય માતા,
શેઠને મારતાં નગર મરવા ચહે—શો ? હુકમ આપનો ? અન્નદાતા. ૪૯
રાણિ ભ્રકુટી ચઢાવી સુભટને કહે—રાય પકડી પુરો બંધિખાને,
નાથ નવ ન્યાય આપે પ્રજાને દઉં—પટ્ટરાણી છઉં હુકમ માને;
હુકમ મળતાં શુરા વળગતાં દશ જઇ—અસિસહ કેદકરિ રાય ચાલે,
રાણિની આણથી શેઠ લૈ છોડી દૈ—મદનની જેલમાં ભૂપ ઘાલે. ૫૦
શાંતિ થઇ નગરમાં ચાલી બિરૂદાવલી—રાણિ ગુણાવલીની સ્વભાવે,
સુંદરી શેઠ ઘર મોકલી એમ કહી—"મદન મળશે ત્હને પ્રેમ ભાવે;

સુમતિરાય દિવાન તેડાવીને–રાજ્યનો ભાર રાણી ભળાવે,
રાયની પાસ સામંત–સેના ઠવી–પટ્ટરાણી પણ સફળ કા'વે. ૫૧

ષષ્ટોલ્લાસ સંપૂર્ણ.

સપ્તમોલ્લાસ.

(રાગ સવૈયા એકત્રિસા.)

ગુણમંજરિ ધન દાસિ સંગ લૈ-મદન સુરંગે ચાલ્યો જાય,
કંથ લપેટી કરયુગ દંપતી–પ્રેમાલાપ કરંતા જાય;
સ્ત્રી કે' રંગ રસિક રાખીને–જીત્યો દેવરાય પળ મ્હાંય,
હરણ કરી મુજ ચોર હૃદયના–બન્યા હર્ષ નવ અંગ સમાય. ૫૨
ચુંબન દૈ ચતુરાને પ્રેમે–મદન ભણે સૌ અંબ પ્રતાપ,
મ્હોત મુઠ્ઠિમાં રાખી જૅલે–તુજ જનક પુરતો દૈ તાપ;
અણિ સમય અંબાજી આવ્યા–કરવા નિજ બાળકની વ્હાર,
કર્યું તિમ સાહસ પ્યારી તેં–મેળવિ રંક વણિકનો પ્યાર. ૫૩
વદે ગુણમંજરિ પાતળીઆ–મ્હેણાંનો નવ મારો માર,
રાંક બની રાજાની પુત્રી–ધન દોલત સહુ હરિ જનાર;
ડાહ્યાડમરા જબરા મળીયા–તનમનધન માલિક શિર તાજ,
કામણગારા વસીકરણથી–હરણ કર્યું છોડાવી લાજ. ૫૪
હાસ્ય વિનોદે રૂમઝુમ કરતા–સુરંગ પંથે સર્વ પળાય,
અંત સુરંગ તણો ત્યાં આવે–સૂર્ય તણો પણ ઉદય જણાય;

ચઢાવ ચઢતાં સુરંગ કેરો—આરાસુરનો પ્હાડ કળાય,
આદ્યશક્તિ અંબા મંદિરમાં—સુરંગનું મુખ દ્વાર ગણાય. ૫૫
સુરંગમાં પત્થર કોતરિને—સુંદર દિવાનખાનું એક,
મદન પ્રિયા દાસિયો સંગે—ઉતર્યો ત્યાં જઇ ધરી વિવેક;
પ્રિયા લહો વિશ્રાંતિ તહ્મે અહિં—જોઉં હવે ક્યાં ? જાય સુરંગ ?
સાહસ કર્મ ઘટે નવ કરવું—ધરવું ધૈર્ય વિપત્તિ સંગ. ૫૬
એમ કહિને સુરંગ મુખે—લઈ દીપ મદન તપાસે જેમ,
જીર્ણ તથાપિ મજબુત પત્થર—સુરંગ મુખ ઢાંકણુ દિઠ એમ;
મિજાગરાની ચાંપ શોધિને—મદન દબાવે જેણીવાર,
સરક્યો પત્થર સુરંગ માંહે—દ્વાર ખુલ્લું દિઠું તેવાર. ૫૭
માતાની પીઠ પાછળ ન્હડીયો—સાવધાન થૈને શુરવીર,
શુભ માતની મુર્તિ પાછળ—રહિ જુવે ચર્ચા તે ધીર;
થયું નક્કી આરાસુર આવ્યા—અંબામા લાવ્યા નિજધામ,
દીવસ આજનો સુરંગમાં રહી—કાલ બ્હાર પડવું ધરિ હામ. ૫૮
એમ મદન વિચારી પાછો—નમિ માત સુરંગે જાય,
દ્વાર બંધ કરિ રાજપૂત્રિની—સમિપ આવ્યો સ્નેહ સુહાય;
ભાથું લાવી સાથ દાસીયો—ખાઈ પિધું ઝરણાનું નીર,
શીતળ થયા શરિર સહુના—બ્હાર નીકળવા થયા અધિર. ૫૯
મદન કહે માનુની પ્રત્યે—આ શ્રી અંબામાનું ધામ,
આજ અહિં ધીરજ ધરિ રહેવું—કાલ બ્હાર પડવું ધરિહામ;
માતાના મંદિરના કૌતુક—રાત્રે નિરખવા સુણ નાર,

સુતી રમા સ્વામી ખોળામાં—લાડ કરી રીઝવે ભરથાર. ૬૦
મદન કહે સાંભળજે સલુણી—આ સ્થળ અંબાની હદ જાણી,
બ્રહ્મચર્ય ત્રિવિધ ધારવું-વિષય વિચારે જાશે પ્રાણ;
ગુણમંજરિને તાલાવેલી—ભોગ વાસના જાગી વિશેષ,
રૂતુદાન નિર્લજ થૈ માગે—ભાવી થાય, ન બને મિન મેષ. ૬૧
કામજ્વરથી અતિ અકળાણી—નિંદ્રાધીન થઇ તે નાર,
પાપવાસનાથી અબળાને—સર્પ ડશે કાળો તે ઠાર;
મદનરાજ પણ લે વિશ્રાંતિ—પળમાં નિંદ્રાને આધીન,
થાકેલી સખીઓ સૌ સુતી- ખબર કાંઈ ન પડી શ્રમલિન. ૬૨
સંધ્યાકાળ સમય સૌ ઉઠયા—પણ ગુણમંજરિ થૈ નિશ્ચેત,
તપાસતાં અહિં ડંશ જણાયો—અરે ! અંબ તું થૈશ ફજેત;
તુજ ધામમાં મરણ પ્રિયાનું—થાય બચાવો અંબા માત,
હસ્તાં અંબામા ત્યાં પ્રગટયા—કહે જશે નવ એની ઘાત. ૬૩
મદન કહે શું ? અંબા બોલો—એ પાખી જીવતર મુજ વ્યર્થ,
બાળ વધુને શિક્ષા દીધી—હવે ઉઠાડો સારો અર્થ;
દેવી કહે હઠ છોડ મદન તું—મર્ણતણી શીક્ષાને યોગ,
મદન કહેતો કયમ અહિં લાવ્યા?—હતો મરણનો ત્યાં પણ જોગ. ૬૪
દયાવંત મા થૈ શું લેશો ? નિજ ભવને સુત વધુનો ભોગ,
પાલવ પકડી લાડકવાયો—કહે અંબા ટાળો મુજ રોગ;
નહિતર ભોગ દઇશ શિરપટકી—અલ્પ ગુન્હો માતાજી સાંખ,
કામ ક્રીડારજ નથી આદરી—"દોષ વિચાર તણો કરમાફ. ૬૫

ગુણમંજરિ શીર હાથ ઠવીને–ઉઠાડીને દીધો બોધ,
" મુજ ધામમાં વિષય વિચારે–નહિ સમાસે મ્હારો ક્રોધ;
એક વાર તુજ સ્વામી ખાતર–માફ કરૂં આ અત્યાચાર,
હવે ચેતીને જો ચાલિસતો–સુખી થશે ત્હારો સંસાર. ૬૬
ગુણમંજરિ કહે ખમામા–અપરાધીછું ન્હાની બાળ,
કુવિચાર હૈયેથી ટાળી–હવે લઊં ત્હારી જપમાળ;
અંબા થાય તિરોહિત એવે–અંબાના ગુણ સઘળા ગાય,
એહ વાત અહિંથી અટકાવી શ્રીધર શ્રીદત્તાની કથાય. ૬૭
ગયો મદન ફરવા હય બેસી ભુલો પડયો નવ આવ્યો ઘેર,
માતતાત ચિંતાતુર થાતાં–થયું ખાવું પીવું સૌ ઝેર;
બનતી શોધ કરીને થાકયો- શ્રીધર થાય અતિવ નીરાશ,
ઘર જઈ શ્રીદત્તાને કહેતો–પુત્ર સુખ થયું સ્વપ્ન સમાસ ૬૮
અંબાએ આપ્યો લૈ લીધો–ધારે દંપતિ તે ઉપવાસ,
આઠ દિવસમાં હાડપિંજર થઈ– જાતાં અંબામાતા પાસ;
આરાસુરિ મંદિરમાં મરવા–આગળ જેમ કળા કરી સાર,
દિવ્ય પુજા કરવી છે રાતે- દેઈ દ્વાર કાઢયા સૌ બ્હાર. ૬૯
મદન ગુણમંજારની સંગે-રંગરાગ કરતો નિર્દોષ,
મંદિરમાં શ્રીધર શ્રીદત્તા–અંબા નામ જપે ધરિ રોષ;
ધન્ય ! ધન્ય ! માતા તેં આપી–બાળ મદનને ખુંચી લીધ,
બાળ હમારો આપો નહિતો–મરવાનો અહિં નિશ્ચય કિધ. ૭૦
માત પીતા વિલપંતા સુણતો–મદન ભોંયરામાં સહુસંગ,

ઉઠી આવી મંદિરમાં ઓથે-અંબા તણે ભરાયો નંગ;
કહે શ્રીધર શું માત ચાહો છો? અથવા લેવો ભોગ જરૂર,
સિંહનાદ અંબા કૃતિમાંથી-ઉઠયો શ્રિધર બનિશ નવકુર. ૭૧
" ભોગ દઈ નિર્દોષ જીવનો-મ્હને શતાવે ભકત કુભકત,
" માંસ ભક્ષકા મ્હને બનાવે-અંબા ભોગ વિષે કહિ રકત,"
"ધીક્ક પડો તે ભકતની ભકિત-હિંશામય કદી ભકિત ન મુજ,"
"હિંસાથી નવ ધર્મ કદાપી-શ્રીધર હિંશક બનીશ ન તુંજ,"૭૨
" મદન રૂડો મેં બેટો દીધો-હાલ વળગશે ગળે વિચાર, "
સફળ અંબવરદાન ઠેરવી- મદન દોડી વળગે નિરધાર;
સુરંગથી કોલાહલ સુણી-ગયો મંદિરે સૌ પરિવાર,
ગુણમંજરિ નમી સાસુસ્વસુરને-થયા સફળ બે સ્રી ભરથાર ૭૩
પ્રભાતમાં સહુ સંઘલઈ ને-અંબા નમી ઘર ચાલ્યો શેઠ,
ધવલ અને મંગળ વરતાયાં-પહોંચ્યા ચંદ્રાવતિ પુર ઠેઠ;
મદનરાજ નૃપ ધારાવર્ષા-દેવ પાસ જૈ વીતક વાણુ,
શ્રીપુરનો અન્યાય જણાવ્યો-થશે સુંદરિની કહી હાણુ, ૭૪
સુરંગની સહુ વાત જણવતાં-શોળ સુભટ લૈ સાથે રાય,
આરાસુર જૈ સુરંગ દ્વારા-મદન સંગ શ્રીપુરે જાય;
બંધિખાને રાય પુરેલો-નિંદ્રાધિન સેનાપતિ સાથ;
ધારાવર્ષા લઈને ચાલ્યો-મદનપાસ રાખી ભટ આઠ. ૭૫
આઠ સુભટ છુપા રાખીને-મદન જેલમાં કરતો સ્હેલ,
સુંદરિનું રક્ષણ કરવાને-રહ્યો જેલમાં ધારી પ્હેલ;

દૈવરાજ કયમ ? જેલ પુરાયો-મદન ઘણો તાજુબ થૈ જાય,
નવીજુની થઈ ઘણી શ્રીપુરમાં-દીસતી જોઉં હવે શું થાય ? ૭૬
એમ વિચાર કરે છે જેવે-રહી જેલમાં સાવધ શુર,
રાણી ગુણાવલીને તેવે-ઉભરાયા પિયુ પ્રેમાંકુર;
હાય ! પાપ મેં પ્રૌઢ કર્યું છે-પ્રાણનાથને પુર્યા જેલ,
પ્રજા રક્ષવા કાર્ય ધર્યું તે-નહોય સતીના આવા ખેલ, ૭૭
સમજાવી સ્વામીને સોંપુ-રાજ્ય ભાર હું શંખિની નાર,
મરણ શરણ લૈ શીક્ષા શોધું-મુજ યોગ્ય છે એજ વિચાર;
વહિ ગયા ત્રણ દીન તથાપિ-નથી મદનની લાગી ભાળ,
પતિ વિરહથી સુંદરી બળતી-રાણી સમીપ જૈ ઈચ્છે કાળ. ૭૮
રાજ્ય માત નવસ્વામી મ્હારા-મળ્યા નકકી થઈ તેની ઘાત,
ચિતા રચાવી બળી મરીશ હું-આજ્ઞા આપો રાણી માત;
રાણી કહે મુજ બેટિ હરિ લઈ-ગયો નાથ ત્હારો સુણ બ્હેન,
તેથી જીવતો છે તુજ સ્વામી-આંસુથી નવ ભરતી નેન. ૭૯
સુંદરિ બોલે માનું નહી એ-સઘળી જુઠ દીસે છે વાત,
માત દયાથી મુજ રક્ષણને-માટે એમ વદો શાક્ષાત;
રાણી કહે જો મરવું ત્હારે-હું પણ ચિતા ચડીશ તુજ સાથ,
ચિતા ચોવડી સજ્જ કરાવા-રાણી હુકમ દીયે નીજ હાથ. ૮૦
મદન જેલમાં અંબા સ્તવતો-સુંદરિની શી ! ગતી વિક્રાળ,
નીજ નજરે જોવી છે માતા-કાઢો બાળ બ્હાર કરૂણાળ;
દૈવી શક્તિને વાર ન લાગે-ભગવી કફની દેતા અંબ
જેલ બ્હાર સુંદર વાડીમાં-મુકી ગયા સો થાય અચંબ. ૮૧
સપ્તમોલ્લાસ સંપૂર્ણ.

અષ્ટમોલ્લાસ.

(રાગ બત્રિશા :કવિત્ત તથા ઈંદ્રવિજય છંદમાં પણ ગવાશે)

શણિ કહે સખિ સુંદરી નાથ, વિયોગથી તું નિજ મોત વિચારે,
ન્યાયની ખાતર હું પતિ પીડન, ધારિ અકારિ થઈ સતિ સારે;
ત્હારિજ સાથ ચિતા ચઢિને, મરવું નથિ જીવવું બેન હમારે,
સુંદરિ સાથ લઈ ગઇ જેલ વિષે પતિ છોડવવા અવધારે. ૮૨
ઉઘડતાં નવ દેવ ભુપાલ દીઠો—નૃપ રાણી વિચાર ઠરાવે,
ક્યાં ? મુજ નાથ ગયા દુખિયા, નવ સૂઝ પડે મુજ ભાન હરાવે;
ચોંકતિ બે રમણી પિયુ વીરહીણી નિજ અંગ અતી અકળાવે,
જાય સ્મશાન ભુમિ મરવા હરવા જીવને કરિ સ્નાન તળાવે ૮૩
જે કફની ધરિ જોગી બન્યો ચરચા સઘળી કળિ જાય સ્મશાને,
શ્રીપુરમાં શીશુ વૃદ્ધ સહુ રડતાં પડતાં વિનવે પ્રમદાને;
નગ્ર બધું ઉલટ્યું સમકાળ મનાવે તથાપિ ન સુંદરી નામ,
ચંદન કાષ્ટથી સજ્જ ચિતાપર—તે ચઢતિ સતિ બે મરવાને ૮૪
હા ! રવથી રૂદને દ્રગ પંકજ આભથી મેઘની ધાર ચલાવે,
ઘોર દશા ધરિ સુંદરિ બે કરજોડી પ્રજા પિતુ ઘેર વળાવે;
શ્રી પ્રભુ ભક્તિ કરે કરજોડી વદે તવ સુંદરિ પ્રેમ સ્વભાવે,
જો મુજ શિયળ સત્ય પ્રભાવજ તો મમ પ્રિતમ આવી બચાવે. ૮૫
દેવની રાણી ચિતા સળગાવણ આણ સુભટને ત્યાં દઈ દેતી,
મળો મદન મુજ રાજ હૃદયનો—ભવભવ સુંદરિ એમ કહેતી;

અગ્નિ સંચાર કરે ભટ જેહવે—મદન રાજ જોગી અકળાયો,
આગળ આવી ચિતા રૂઢ નારિ-પ્રતિ ભણતો મતિમાન સવાયો. ૮૬
જો નિજ પ્રિતમને મળવા રૂચિ—જન્મ અગામિ વિષે સતી રાખો
આત્મહત્યા નવતો કરવિ ધરિ જોગ વિજોગ તણું દુઃખ સાંખો,
દુઃખ અને સુખ છે મન કલ્પિત—મર્કટ છે મન નાર વિચારો;
આત્મ હત્યા વળી સાત ભવે પણ-કેડ ન છોડતી દુષ્ટ વિકારો, ૮૭
જ્ઞાની ગુરૂ વચનામૃત આત્મહત્યા જીવને કરવા મન પ્રેરે,
પાપ તણા ઉદયે કરી આદરિ—પાપનો દંડ દઈ જમ ઘેરે;
પશ્ચાતાપ અતિશય થાય પછી સમજાય કરી ભુલ મ્હોટી
જીવ ગતે નવ જાય કદી સતી જોગણ થાય લહે સુખ કોટી.૮૮
દિવ્ય દિઠો વળી જ્ઞાનિ ભભુતિ વિભુતિ વિયુકત દિસે વય ન્હાની,
નેત્ર ઉઘાડી જુવે સતી એ તવ સુંદરીને ભ્રમણા મદનાની;
નેત્ર મિંચી સતી સુંદરિ ધારે—દીસે છબી જોગીની નાથ સમાણી,
અ... કે મળતી અથવા નવ સ્વામીનિ જોગ દશા સમજાણી.૮૯
સુખે ..ધ રો જોગી મહારાજ મને ઉપદેશ તણી નથી રૂચી,
ચીતા ચ્હડી મરવું મમ નિશ્ચય—ટાળશે અગ્નિ સહુની અસુચી;
સું..રિ નેત્ર ઉઘાડી વિચારતી જોગી જુવે રમણી થઈ ઊંચી,
એજ હૈયા તણા હાર મદનજી એજ વિજોગીના પ્રેમની કુંચી ૯૦
કુદી પડી રતિ સુંદરિ આપ ચિતા પરથી ગઈ દોડી ધસીને,
ધન્ય વિજોગીના જોગી સંજોગી બચાવી બીજીવાર ચિત્તવસીને
કંઠ ..લગ્નિત આ વિલપંતિ સતિ પતિને વળગી અતિ રંગે,
બાથ ..ીડી બળવાન છુટે નહી—શાંતિ છવાણી અતી ઉછરંગે ૯૧

શેઠ વદે જયચંદ્ર અરે ભુંડી અહિં બનતી નવ આવત ભાઈ,
જેલ થકી શી દશા થઈ તે જણવો હમને ઘણી થાય નવાઈ;
રાણી ગુણાવલી ભાંખે સતી સખિ સુંદરી તુજ પતિ ગુણ ધામી,
ક્યાં? મદનરાયસુતા મુજ ક્યાં? પતિ તે જણવો અહિં હર્ષ છું પામી ૯૨
સર્વ કહી કથની મદને નિજ–દેવી અંબા જનની સુપ્રભાવા,
દુખ તણા ડુંગરા વીખરાવી સુખી કીધ આરાસુરી મહામાયા.
પૂર્ણ કૃપા મમ ઉપર એ તણી દેવભુપાળ રૂઠયો દુખી થાવા,
વિણ ગુન્હે મુજ દંડ ઠરાવ કરે નૃપ દેવ અન્યાયી મનાવા. ૯૩

અષ્ટમોલ્લાસ સંપૂર્ણ.

નવમોલ્લાસ

(હારગીત–શેરનીચાલ)

મદન પુછે શેઠને–શા કાજ રાજાને ઠગ્યા,–
બંધિખાને એ અચંબો–કોણ શત્રુ સંભવ્યા;
બળવાન દેવ ભુપાળ શાને ? કાળ મુખે જે પડયા,
રાણી કહે સઘળી કથા–મુજ નાથ બેટી કયાં ? ગયા ! ૯૪
માતા ચિંતાથી ઉતરો–કે' મદન કુશળ છે સહુ,
નથી વાળ વાંકો કોઈનો–કરૂણા શ્રીઅંબાની બહુ;
આ સમય અહિં નવ હોત તો–કેવું ! ભયંકર થૈ જતું,
અંબા જનેતા જાગતી જો–કષ્ટ ચુરણ તો થતું ૯૫
નવનિધ અમૃત માવડી–વરસાવવા આવ્યા ખરા,
પાપી તણો સંહાર કરવા–ધ્રૂજવી જેણે ધરા;

બ્રહ્મા હરિ હર દેવ સેવા—અંબની નીત ધારતા,
વિસ્તારતા નિજ ભક્તનો જશ—આવિ રક્ષણ સારતા. ૯૬
જયવંત જનનિ અંબિકાનું—સુણિ ગૌરવ સૌ લટે
અંબા તણા ગુણ ગ્રામ શ્રીપુરની પ્રજા સઘળી રટે
પકડાવી કામવતિ ગુણીકા—દંડ દેવા કારણે,
તવ સુંદરી આડી પડી—અપકિર્તિ સ્ત્રી સંહારણે ૯૭
જેલે જઈ જાસુસદ્વારા રાય ધારાવર્ષને,
સૌ બાતમી પ્હોંચાડતો—વળી કવિતો ધરિ હર્ષને;
ગુણ મંજરીને દેવ રાજા—સાથ લઇ ઝટ આવને,
મળતાં ખબર આવ્યા સહુ—પ્રગટયા પરોણા ભાવને. ૯૮
રાણી નમીને દેવ નૃપને—કહે પ્રભુ મુઢ હું ખરી,
પતિને પીડા દીધી ઘણી શીક્ષા મ્હને દો સુખ ધરી;
રાજા કહે હું અંધ થયલો—નેત્ર ખોલ્યાં તેં પ્રીયા,
રંડા ગુણીકા કારણે—અન્યાય ધાર્યો મેં પ્રીયા. ૯૯
સૌ શુભ અંબાએ કર્યું—પણ વાણીઓ માઠો મળ્યો,
બેટી ઉઠાવીને ગયો—કયમ ? વ્હેમ મ્હારો નવ ટળ્યો;
સઘળી બનેતી વારતા—મદને કહિ નૃપ આગળે,
અંબા તણી ભકિતની શકિત—દિવ્ય રાજા સાંભળે. ૧૦૦
લગ્ન મંડપ મોટકો ઉત્સવ કરે રાજા ઘણો;
ગુણમંજરીને સુંદરીને—હર્ષ ઉભરાયો ઘણો;
પરણાવતા નૃપ શેઠ પુત્રી—મદન કરમાં શોંપતા,
ધન માલ હય ગજ રથ ઘણા—દે દાનમાં તે ઓપતા. ૧૦૧

દીન બે રહી લઈ બે પ્રિયા દેખાય ન્હાનો ભુપતી,
પરમાર ધારાવર્ષ સાથે-જાય સૌ. ચંદ્રાવતી;
ઘેલા બન્યા શ્રીધર શ્રીદતા-પુત્ર રિદ્ધિ દેખીને,
ગુણ ગાય અંબા માતના સૌ મદન ભકિત દેખિને. ૧૦૨
જૈ ગોત્રજે ચરણે પડ્યા તે દંપતિ માતા તણે,
બોલ્યો મદન હે! માત પ્રગટો-ચરણ પડવું તમ તણે;
હસતાં દયાળી અંબીકા-પ્રગટ્યા ભગતના ભાવથી,
દંપતિ સૌ સાથ નમતાં-અંબ ચરણે ભાવથી. ૧૦૩
"દેવી અંબા વદે સુણજો-ભકત તે વ્હાલા મને,"
"કરૂણા કરે સૌ ઉપર સરખી-તે ઘણાં વ્હાલાં મને;"
"મુજ નામથી જીવ કૈંક હણતા-માંસ ભક્ષક રાક્ષસો,"
"બુરિ થશે તે સર્વની-અપ કિર્તિ કરિ મુજ રાક્ષસો" ૧૦૪
"અંબા હમારૂં નામને સૌ જીવની પ્રતિપાળ છું,"
"ક્યમ? ભોગ ચહું બકરા તણો હું ગરિબ જીવનો કાળ શું?"
"નિર્દોષ જીવનું કો નહિ-અંબા બધાની હું છઉં,"
"હું જોઉં તિરોહિત રહી-પછી રાક્ષસો દાબી દઉં." ૧૦૫
"ભકતો બની મુજ ભોગ જો દેવા ચહો રે! રાક્ષસો;"
"તો કેસરિ કે વાઘનો દે ભોગ જુવો! રાક્ષસો;"
"નિર્બળ બિચારા બોકડાને-મારી ખાવા રાક્ષસો,"
"મુજ ધામમાં ખુનધાર ચલવો-હજી સહન કરૂં રાક્ષસો."૧૦

"તમથી યવન દીસે ભલા નવ ભક્તિમાં કૈં શુન્યતા,"
"મક્કા તણી હજ જાય ત્યાગે માંશ ભક્ષણ શુન્યતા,"
"નવ ધર્મમાં કૈં ઢોંગ ધરતા—યવન પણ તમથી ભલા,"
"ભકતો સુધારો ધારશો તો—સુખ લેશો નિર્મળા." ૧૦૭
"નિર્દોષ જીવને દુખદે—તેના હમે તો કાળરે,"
"પ્રત્યક્ષ કે પ્રચ્છન્નથી—શિક્ષા દઉં વિક્રાળરે;"
"અન્યાયને જખ દાબવા ત્રીશુળ ધારી ભારતી,"
"નવ અંશ રહેશે રાક્ષસી—ચંડી સ્વરૂપ ધરૂં યદિ." ૧૦૮

નવમોલ્લાસ સંપૂર્ણ.

(કાવ્યમાલા નં. ૨ સમાપ્ત.)

ઈતીશ્રી મદન સુંદરી નવલકથા (સંગીત) સમાપ્ત.

(સાર્દુલવિક્રીડીત વૃત.)

શાન્તિનાથ સદા પ્રશાન્તિ ભરજો—જ્ઞાનેશ્વરી સારદા,—
શ્રીઅંબા કુળદેવતા વિચરજો—હૈડા વિષે સર્વદા;
તિગ્રાનંદ મુનીવરા ગુરૂ હજો—જ્ઞાની દયાળુ થજો,
"શ્રીમત્સાગરચંદ્ર" તો વિનવજો—સત્સંગ સંચારજો.

(સંઘિકર ગાથા મંગલમ્.)

ઈતી મદન સુંદરિ નવલકથા (સંગીત) સમાપ્તા.

શ્રી અંબિકાદેવીના પ્રભાવ દર્શક

મદનસુંદરીની વારતા.

શ્રી મદનસુંદરી નવલકથા (સંગીત) ની ટીકા.

શ્રી અરિહંત ભગવાનને, શ્રી સિદ્ધ ભગવાનને, શ્રી આચાર્યજી દેવને, શ્રી ઉપાધ્યાયજી મહારાજને, શ્રી સર્વ સાધુ મુનિ મહારાજાઓને, ૐયુક્ત નમસ્કાર થાઓ. (૧) જ્ઞાનનું મહાવરદાન દેનારી, શ્રીમતી એવી સરસ્વતી દેવીને નમસ્કાર થાઓ નમસ્કાર થાઓ જેના પ્રભાવથી આ સંગીત બે માળાઓમાં કાવ્ય કુસુમનું ગુંથન થયું, તેવા સદ્ગુરૂ મહારાજને નમસ્કાર થાઓ. (૨) દયાળુ એવા, વળી શાંતીનુંજ પ્રકૃષ્ટ વરદાન આપવામાં દાતાર ગણાયેલા, દેવાધિદેવ તરિકે સિદ્ધ થયેલા, સર્વજ્ઞ ભગવાન, સોળમા જૈન તિર્થંકર શ્રી શાન્તિનાથજી, કે જેમના ભકત તરિકે શ્રી ગરૂડદેવ તથા શ્રી નિર્વાણીદેવી જગજાહેર છે તે, મ્હારા હૃદયમાં પ્રતિક્ષણે પ્રત્યક્ષ થાય છે. મંગળાચરણમાં શ્રી જગદંબા તથા શ્રી સરસ્વતી દેવીની સ્તુતી કરી, શ્રીમાન્, તત્વ આનંદમય, શુદ્ધ સંવેગી, યોગી, ગુરૂમહારાજ, તેના પદકમળને, આલેખનો આરંભ કરતાં, વંદન કરીશું. ૧ શ્રી આબુ પર્વત સર્વ પર્વતોના મુકુટ તુલ્ય, તથા સર્વ ગિરીઓનાં.

શૃંગાર તુલ્ય ગણાય છે. તે આબુજીના પહાડ ઉપર અઢારભાર વનસ્પતી છાઇ રહી છે, જેથી ત્યાંનો પ્રદેશ દિવ્ય, શૌગંધિક, અને વિશાળ થઇ પડયો છે. વળી હું એમ માનું છું કે તે ગિરીરાજની ભક્તી કરવાનેજ, સુર્ય, ચંદ્ર, રાત્રિદિવસ તેને પ્રદક્ષિણા દઇ રહ્યા છે; અને તે પર્વતરાજ ઘણો ઉંચો હોવાથી મેઘરાજ, ગર્જનારૂપે તેની ભક્તીના નાટકો કર્યા કરે છે. અર્થાત્ સદાકાળ મેઘ ગર્જનારૂપી દિવ્ય નાટક થૈ રહ્યાંછે. ૨ તે આબુગિરિના ફળદ્રુપ પ્રદેશમાં ચંદ્રાવતિ નામની નગરિ હતી, જેની શોભાની અદેખાઇ આવ્યાથી, અલકાપુરી (સ્વર્ગપુરી)સ્વર્ગમાં અર્થાત દેવલોકમાં ગઇ દેખાતીહતી, અર્થાત સ્વર્ગપુરી શરમની મારી સ્વર્ગે ગઇ દેખાતી હતી તે શહેરમાં પરમાર કુળ તિલક ધારાવર્ષાદેવ નામનો રાજા રાજ્ય કરતો, જેને મેનારાણી નામની શિયળ પાળવામાં સિંહણ જેવી, તથા સારી બુદ્ધિવાળી પટ્ટરાણી હતી, જેણી સ્વરૂપમાં અપ્સરા જેવી દેદિપ્યમાન હતી. ૩ પરમાર ધારાવર્ષાદેવના રાજ્યથી ચંદ્રાવતીના પ્રદેશમાંથી ચોરી, જુગાર, દુર્ગુણો, તથા કુવ્યસનોને દેશનિકાલ થયો હતો, જ્યારે સુનિતિ, ન્યાયધર્મ, સુધર્મ, અર્થાત્ વિતરાગ ભાષીત ધર્મ, તથા સત્કર્મો વિગેરે ચંદ્રાવતી નગરને વસ થઇ તે નગરમાં વસ્યાં હતાં. તે નગરમાં મહાલક્ષ્મીવાન, અને મોટા વેપારી તરિકે પ્રખ્યાત, શ્રીધર નામનો શેઠીયો વસતો હતો, જે પોતાની, રંભા જેવી રૂપાળી તથા ઉત્તમ ગુણોવાળી પત્ની સાથે રસીક બની આનંદમાં દિવસો ગુજારતો હતો. તે શેઠાણીનું નામ શ્રીદત્તા હતું. ૪ તે દંપતિ સાથેજ જમતાં અને અપૂર્વ રમત ગમતોથી દેવતાઇ સુખ ભોગવતા હતા. જગતમાં સંપૂર્ણ સુખી કોઇ વિરલા ભાગ્યશાળીઓજ હોય છે. આ દંપતિ

સર્વ પ્રકારે તો સુખી હતા પણ કાંઇ પુર્વભવના ભુંડા કર્મના વિપાકથી તે દંપતિને કાંઇ સંતાન નહોતુ. અર્થાત સંતાન સુખ મળવાની તૃષ્ણામાં તે દંપતિ પીડાતા હતા. ખુદરતિ રીતે આ દુખ પુરૂષ કરતાં સ્ત્રીઓને વિશેષ રીખે, તેમ શ્રીદત્તાને થતું કે વાંઝીયા મ્હેણું કેમ ટળે ? જેના અનુગ્રહ તરિકે, દોરા, ચિઠ્ઠી, તપ, જપ, મંત્ર, તંત્રાદિ કરતી હતી, પણ વંધ્યાપણું દુર થતું નહોતું. ૫ પાતાલ, પૃથ્વી, તથા સ્વર્ગના સર્વ દેવોની સેવા શ્રીદત્તા કરી ચુકી, પણ વાંઝીયાપણું ગયું નહિ, અને પ્રતિક્ષણે રખાતી પ્રજાની આશા નિરાશામાં ફેરવાઇ ગઇ; આથી તેણીના મુખ કમળ ઉપર દિલગીરી છવાઇ રહેતી ને ચંદ્ર વિના જેમ કુમુદિની પુષ્પ કરમાઇ, બીડાઇ જાય તેમ તથા સુર્ય વિના કમળ પુષ્પ, કરમાઇ, બીડાઇ જાય તેમ બાળક વગર શ્રીદત્તાની દયામણી સ્થીતી થઇ પડી. ૬ એક દીવસ નિરાશ બનેલી શ્રીદત્તા પોતાની હવેલીના એકાન્ત દીવાનખાનામાં બેઠેલી હતી, એવામાં લટકતી ચાલે ચાલતો શેઠ શ્રીધર ત્યાં આવ્યો, ને પોતાની ધર્મપત્નિની નીરાશાનું કારણ તરત સમજ્યો. શેઠે હાંફળા ફાંફળા બની શ્રીદત્તાને પોતાના વિશાળ બાહુ પ્રદેશથી હૃદય સરસી ચાંપી, અને આશ્વાસન આપવા ગાઢ આલીંગન દઇ તેણીની પાસે બેસી બોલ્યો—હે ! મ્હારા હૃદય બાગની માલિક ભ્રમરી તું જ મ્હને અત્યંત પ્યારી છે, ત્હને પ્રત્યેક સુખ આપવાની મ્હારી મુખ્ય ફરજ છે, પણ જ્યાં ભાવિભાવરૂપ વિધાત્રી બળવાન અર્થાત પ્રતિકુળ છે, ત્યાં મ્હારો ત્હારો કે કોઇનો ઇલાજ નથી, માટે વ્હાલી તું શોક છોડી, આનંદમાં રહી મ્હને પણ આનંદમાં રાખ. ૭ પતિના દિલાસાના શબ્દો સાંભળી, શ્રીદત્તાનું હૈયું ભરાઇ આવ્યું,

અને ચોધાર આંસુ વરસાવતી, પોતાના સ્વામી શ્રીધરની છાતી ઉપર પોતાનું માથું નાંખી, રડતી તે નવોઢા સ્ત્રી બોલી—હે ! પ્યારા મ્હારૂં પાપિણીનું મુખ પણ આપને જોવું યોગ્ય નથી, માટે જેમ આપણાં બારણામાં બાળક રમતું થાય તેમ કરવાને બીજી સ્ત્રી પરણો; હે પ્રભુ આપજ મ્હારા ઇશ્વર છો. જેમ ફળ વગરની આંબાની ડાળી ઉપર પોપટો પણ રમણ કરતાં નથી, તેમ અથવા મ્હારા જેવી વાંઝણી સ્ત્રીરૂપ ફળહિણ આંબા ડાળ ઉપર પ્રીતમ રૂપ આપ પોપટ તરિકે શા માટે ભ્રમણ કરો છો ? અને તેથી હું ખુશીથી વીનતિ કરૂં છું કે બાળકને ખાતર જરૂર આપ બીજી સ્ત્રી પરણો. ૮ આ સાંભળી ગળગળો થઇ શ્રીધર બોલ્યો—અરે ! સુંદરી તું આ શું બોલી ? શું સિંહણની સોડ છોડી, વનરાજસિંહ એક ગદર્ભી (ગધેડી) ને વરસે ? અથવા મધુરી મેનાને ત્યાગી શું પોપટ એક કાગડી સાથે રમણ કરશે ? કદીજ નહી, વળી હે ! પ્રીયા આ બાબતમાં ત્હારો કંઇ દોષ નથી, પણ મ્હારૂંજ કોઇ પૂર્વનું પાપકર્મ નડયું છે. જેમ ત્હને આ વેદના થાય છે, તેમજ મ્હને પણ બચ્ચાં વિનાનો સંસાર અને સર્વ સાહ્યબી વિષ તુલ્ય જણાય છે, માટે ત્હારી જો અનુમતી હોય તો એક અંતિમ ઉપાય પુત્ર મેળવવાને કરીયે. શ્રીદત્તાની તે જાણવા મરજી જણાયાથી શેઠ બોલ્યો—નવરાત્રી નજીક આવી છે. તો આપણી કુળદેવી શ્રી જગદંબાની યાત્રા કરવા આરાસુર જઇ, બાળકને બ્હાને કુળદેવીના મંદીરમાં કમળપૂજા કરવી, કદાચ જો આપણા ઉપર માતાજીની કૃપા હશે તો પ્રગટ થઇ અંબામાતા બાળકનું વરદાન આપશે; ને પોતાના બાળકની આશા સંપૂર્ણ કરશે. અથવા તેણીના ચરણ કમળમાં આપણું

મરણ થશે. ૧૦ દંપતિએ એ વિચાર ઠરાવી જવાને ઠરાવ કર્યો, સારા ચોઘડીઆમાં શુભ સુકન મેળવી, પોતાના દાસ દાસીને સાથે લઇ, આરાસુર પ્હોંચ્યા, સમુદાય સાથે અલગ મુકામ કર્યો, અને અંબા માતાના મંદિરે જઇ તે દંપતિએ નમન કર્યું. ત્યારબાદ સર્વ પુજારિયો વિગેરેને કહ્યું કે હમારે માતાજીની દિવ્ય પુજા કરવી છે, અને તેથી આજની રાત્રી હમને મંદિરમાં રહેવા દો. એ રીતે કુશળતાથી વાણીયાએ વાતમાં સર્વને સમજાવ્યાં. ૧૧ જ્યાં નાણાં કોથળી છુટી, અને સોના મ્હોરો પુજારિ વિગેરેને મળી, એટલે આ કોઇ શ્રીમંત ભક્ત છે. એમ જાણી મંદીરનાં દ્વાર બંધ કરી શ્રીધર અને શ્રીદત્તાને માતાના મંદીરમાં રાખી સૌ સૌને ઠેકાણે વિદાય થયા. દંપતિ એકાગ્રચિત્તથી અંબિકાની મૂર્તિ સ્હામે જોઇ ધ્યાન ધરી રહ્યા છે, એમ કરતાં મધ્યરાત્રિના વખતે મંદિર બ્હારના ચાચરચોકમાં યાત્રાળુઓ વિગેરેનો કલરવ બંધ થયો ને સર્વ શાન્ત થયું, ત્યારે મંદિરમાં ચોધાર આંસુથી દેવીના ચરણકમળને પખાળતાં તે દંપતી દિલગીર થઇ અંબાનું સ્તવન કરવા લાગ્યા. ૬૨

અંબિકા સ્તવન.

હે ! વિજયી માતા જાગૃત થાઓ ! શું તમને ઉંઘનું આવ્યું છે ? અરે ? તમારા બાળક દંપતિના માથાં અત્યારે ત્હારા ચરણમાં અર્પણ થાય છે, કેમકે હમારૂં વાંઝીયામેણું ટળ્યું નહિ, વળી હે માતા ! બાળકના સુખના વખતમાં જનેતાને પણ સારી ઉંઘ આવે છે. દુઃખમાં નહી. પણ અરે ! માતા—હાય ! મારીને કહીએ છીયે કે કળીકાળ વિકાળમાં બાળકો દુઃખી અને માતા સુખી હોય છે.

જેનો પ્રત્યક્ષ દાખલો આપણોજ છે, અર્થાત્ હમે દુખી છતાં તમે સદા સુખી છો. ૧૩ શ્રીદત્તા બોલી—હે ! અંબામાતા તમારી જપમાળનો સત્ય પ્રભાવજ છે, માટે હમને વરદાનની માળા પ્હેરાવજો અને પોતાના વહાલા ભક્તનું નિર્વંશ જતું કુળ હમેશાં નવપલ્લવ થજો અર્થાત બાળક મળજો. કદાચ હમારા નિમિત્તથી હમારૂં અહીં તમારા ચરણમાં મરણ થશે, તો પ્રભાતમાં દુનિયાં તમનેજ નિંદશે—કે અંબિકા દેવી પોતાના બાળકનું પણ રક્ષણ કરી શકયાં નહીં, માટે જાગો. ૧૪ શ્રીધર બોલ્યો—હે ! માતુશ્રી હાથમાં તરવાર ધારણ કરીને તમારી સમીપ કમળપુજાનો આરંભ કરૂં છું, માટે સત્વર જાગો, નહિં તો બે જીવની હત્યા થશે તે પાપ તમનેજ લાગશે. મ્હારી પત્નીનું શિર પ્રથમ તારા ચરણમાં કાપી મુકીને, પછી મ્હારૂં મસ્તક છેદીશ. અરે ! આદશક્તિ બાલામંજી નામના ત્હારા ભક્તને અનેક સંકટોમાંથી તેંજ બચાવ્યો હતો. તેમ માતા મ્હારૂં ભવ દરિયે બુડતું નાવ વરદાન દઇ કિનારે ઉતારી દો. ૧૫ શ્રીદત્તા બોલી—વળી એક ત્હારા ભક્તનું વ્હાણ ભરદરિયે બુડતું તેંજ તાર્યું, અને સિંહ પર સ્વાર થઇ, હાથમાં ત્રિસુળ લઇ, ઝટ ત્યાં જઇ, તે નાવને બચાવ્યું. વિમળ નામના કોઇ ગોવાળીયોને પણ તે મહાલક્ષ્મિ અર્પણ કરી શ્રીમંત બનાવ્યો. અને વળી બ્રહ્મા, વિષ્ણુ, તથા શિવ વગેરેના કરતાં શકિતની ભકિત જાહેર છે. શકિત વધે છે. ૧૬ વળી બંને સાથે બોલ્યા, હે દેવી ! જો હમે તમારા પરમભક્ત હોયે તો, સત્વર હમારો ઉદ્ધાર કરવા પધારજો. સજ્જ એવા રૂડા શ્વેત સિંહરાજ ઉપર સ્વારી કરીને પ્રત્યક્ષ થઇ પુત્રનું

વરદાન આપો, વળી આ હમારી અંતઘડી વખતની પ્રાર્થના છે. તો વરદાન આપશો તોજ હમારા જીવનનું બીજ ત્હમે વ્યાપ્ત ભાવે વાવ્યું એમજ હમે માનીશું. સિદ્ધ હમોને પ્રજાનો વર આપજો. અને નાસ્તિકો, કે જેઓ જગદ્વ્યાપી વ્યામૂર્તિનો અનાદર કરે છે, તેવા પતિતોને ત્હમારી શુદ્ધ ભક્તિનું બળ કેવું અને કેટલું છે ? તે બતાવી દેજો. ૧૭ વળી હે ! દેવી દુનિયામાં ભકતો કદાચ કુભકતો થાય, પણ દેવીથી કુદેવી થવાય નહીં, તેમજ હે ! માતુશ્રી અંબા ! પુત્રો યદિ કુપુત્રો પણ થાય, પણ માતાથી કુમાતા નજ થવાય, વળી બચ્ચાંને જન્મ આપનાર શંખણી અથવા રાક્ષસી માતાજ મારી નાંખવા તૈયાર થાય, તો પછી તે નિરાધાર બાળકનું રક્ષણ કોણ કરી શકે? અર્થાત કોઇજ નહિ. આ ન્યાય જગ જાહેર છે, માટે હે ! અંબા જનેતા જાગૃત થઇ પધારજો, અથવા ત્હમેજ હમારા પ્રાણ ઘાતક છો એમ જગત્ મુકત કંઠે પ્રભાતે કહેશે. ૧૮ દશેદીશામાં ત્હમારા વિજયના ડંકા જો ગાજતા હોય આરાસુરી, અને આશાપુરી જો ત્હમારૂં અભિધાન સત્ય હોય, એને ચોઘડીયાં ત્હમારાં સદાય સત્ય વાજતાં હોય તો, હમારી સાથે બોલતા કયમ નથી ? અથવા શું હમારા મરણકાળે ત્હમને હસવું આવે છે ? તેમ હોય તો સ્વમુખે આપ બલિદાનની માગણી કરી અમને કૃતાર્થ કરો, કે કમળ પુજા કરી દઇએ ૧૯ હમારી આ સર્વ વિનંતિયો આપ ન ગણકારતા મૌન રહી જોયાંજ કરશો તો, ક્ષણમાં બે માથાં ધડથી જુદાં થશે, માટે તમારા કાન ખોલો ને હમને સાંભળો, હમારી આ અંતિમ અરજી સાંભળી વ્હારે ન્હડો ને હમારાં સઘળાં દુઃખો હરિ લ્યો. નહિતર લૌકિક મતે ત્હમે પાપિયોથી

ખપ્પર ભરનારા છે. ને હમે પાપિયો છીયે, તો, હે ! ભવાની હમારો ભોગ લેજો, અથવા સમુદ્રમાંથી બળવાન ચંદ્ર જેમ પ્રગટ થાય છે, તેમ હમારા હૃદયથી, અથવા આપની આ મૂર્તિમાંથી, અથવા ગમે તે રીતે પ્રગટી, હમને વરદાન દેવા જલદી પધારો, ભાક્ત વશ થઇ અમને મરતાં ઉગારો. ૨૦

ઉપર મુજબ સ્તવન ભણ્યા પછી —શ્રીધરે શ્રી જગદ્દઅંબાને નમન કરી તિવ્ર અને ઝળકતિ તલવાર મ્યાનથી ખેંચી બહાર જયાં કાઢી, કે શ્રીદત્તા શેઠાણી અંબિકાના ચરણ સમિપ હાથ જોડી કમળ પુજા કરવાની તીવ્ર ઇચ્છાથી ઘુંટણીયે પડી, આ શેઠાણીના કમળ જેવા કોમળ શરિર ઉપર જેવો ઘાવ શ્રીધર દેવા જાય છે, અર્થાત તલવારને ઝટકે તેણીનો શીરચ્છેદ કરવા જાય છે, કે તરતજ મંદિરમાં એક સિંહનાદ થયો કે—"હાં ! હાં ! હે ! મુર્ખ સબુર કર." એવો પરોક્ષ શબ્દ થયો. ૨૧

વળી તે દિવ્ય સિંહનાદ લંબાયો કે—હે ! મુર્ખ મ્હારાં મંદિરમાં મરવાની ઇચ્છા કરેછે ? અને હઠ કરી ભોગ દેવાને અને વરદાન મેળવવાની અરે ! મુર્ખ તું અભીરૂચી રાખે છે ? કેંક મુર્ખ માણસો મ્હારા ભકતમાં ખપી મ્હને નિર્દોષ જીવોનો ભોગ આપે છે, તેવો મુર્ખ તું ન થા. અને આ હિંસ્ય અને ભયંકર કર્મથી નિવૃત્ત થઇ ઘરે જા, ત્હને પુત્ર મળશે, અને મ્હારૂ આપેલું વરદાન સફળ થશે. ૨૨

એટલું કહી તે નાદ અંતર્હિત થયો. શ્રીધરનું શરીર અને કાનો આ સાંભળી, તથા કુળદેવીની કૃપા મળવાથી જે અનંત આનંદ ઉપજ્યો તેથી, સ્તબ્ધ, અક્કડ, થઇ ગયાં, ને શ્રીધર આખો દિવાનો હર્ષથી બન્યો શ્રી દત્તાને પણ અપાર હર્ષ થયો,

અને સજોડે તે દંપતિએ પોતાનાં માથાં તે દેવીના ચરણમાં સ્થાપ્યાં અને તેના નામનો જાપ જપવા લાગ્યા. એટલામાં પ્રભાત થયું. અને તે દંપતી શ્રી અંબાદેવીના મુક્ત કંઠે, મોટા સાદથી ગુણ ગાવા લાગ્યા. મળસ્કે પુજારીઓએ માતાના મંદિરના દ્વાર ઉઘાડયાં. એટલે જેમના શરિરનું તેજ શાક્ષાત દૈવી બન્યું છે એવા તે પતિ પત્નિ અતિશય શોભવા લાગ્યા. તેમના મુખ ઉપર પ્રફુલ્લતાથી આનંદ છવાયો હતો. મંદિર ઉઘડયાથી શ્રી અંબા માતાના જપનો જ કેવળ નાદ કરતાં પોતાના ચાચર ચોકમાંના મુકામે ગયા. અને પોતાના દાસ દાસીયોના સમુદાયને સાથે લઇ શ્રી અંબાને નીકળતી વખતે પુનઃ નમસ્કાર કરી પોતાના ઘરને, ચંદ્રાવતીને રસ્તે, સર્વ સાથે ચાલ્યા. ૨૪ તેજ દીવસની રાત્રિના તે દંપતિના નિષ્કલંકિત પ્રણય સમાગમથી, શ્રીદત્તા સારા ગર્ભને ધારણ કરનારી થઇ, અને શોભવા લાગી, મુળ તો રૂપનો ભંડાર તેમાં ગર્ભવતી હોવાથી અપ્સરાને પણ લજાવે તેવી ગર્ભના પ્રભાવે શેઠાણી શોભવા લાગી. સર્વ રોમરાજી ખીલવાથી કામદેવની સ્ત્રી સાક્ષાત રતિસુંદરિજ હોયની? તેવી દીપવા લાગી. બચ્ચાંની સફળ આશા ધારણ કરતી, તેણી પોતાની શ્રીમંતાઇની સાહ્યબી બેપીર બની ભોગવતી હતી. જે વખતે જે ચીજની ઇચ્છા થાય, તે વખતે તે શ્રીમંત શ્રીવર સંપૂર્ણ કરતો એમ કરતાં સંપૂર્ણ નવ મહિને કામદેવના જેવો કાન્તિવાળો તથા દેદિપ્યમાન, એવા સુંદર પુત્રને શ્રીદત્તાએ જન્મ આપ્યો. ૨૫ પુત્રના જન્મનો ઉત્સવ શ્રીવર હોંસથી કરવા લાગ્યો, દાન આપી કેંક નિર્ધન તથા નિરાધાર મનુષ્યોના દાળિદ્ર ટાળી, તેમને આજીવિકા બાંધી આપી. નિર્ધનોને શ્રીમંત કર્યા. બારમા દીવસે નાંળ

છેદાદિ અશુચી કર્મોની પુર્ણાહુતી બાદ સ્વજન વર્ગ એકઠો કરી પોતાના ગોત્ર તથા કુળને ઉચિત ક્રિયા સમારંભી શ્રી અંબિકાના જાગવાવી કુળગોરાદિ વિપ્ર વર્ગને શંતુષ્ટી બાળકનું નામ " મદનરાજ " એવું અંકિત ઠરાવ્યું ૨૬ શ્રી અંબિકા માતાએ, બિરાજમાન તથા અદ્‌ભુત પુત્ર " મદનરાજ " આપ્યો. તેથી પૂર્ણ સંકલ્પ યુક્ત—શ્રીધર શેઠ પોતાના મોટા પરિવાર સાથે આરાસુર જઇ, શ્રી અંબા માતાના ચરણ પંકજમાં નમસ્કાર કરીને, પોતાને સર્વથા સફળ માનવા લાગ્યો. બાધા વિગેરે ધારણા મુજબ શર્વ સંપૂર્ણ ભક્તિ પુર્વક અંબિકાના ચરણમાં ન્હડાવી, પોતાને ઘેર પાછો ફરી સુખરૂપે પોતાના મોટાં વૈભવનો ઉપભોગ કરવા લાગ્યો. મદનરાજ રાત્રિદિવસ વધતો અને પિતાને નવા નવા લાડ કરતો હતો. તેના જેવા સુંદર, ગુણજ્ઞ તથા નમ્ર પુત્રથી માબાપની હોંશ સૌ પુંરી પડી, ને બંન્ને સ્રી ભરથાર પોતાને કૃત કૃત્ય માનવાં લાગ્યા ૨૭ આ પ્રમાણે પ્રણુયનો અપૂર્વ લ્હાવો લેતાં આઠ વર્ષ વિત્યાં, સુખના દિવસો પસાર થતાં માલુમ પડતાં નથી, મદનની વય આઠ વર્ષની થતાં માબાપે તેને ચંદ્રાવતીની પાઠશાળામાં ભણવા મુક્યો. દેવીકૃપાથી મદનનો અભ્યાસ તાકીદે ચાલ્યો ઔત્પાતિકી—આપતિની વેળાએ તે દુર કરવાનો માર્ગ દેખાડનારી- તથા ગમે તેવી ગુઢ બાબતો ક્ષણુવારમાં શમજી જવાય તેવા=સિદ્ધ આદી—વિગેરે બુદ્ધિ બાળકે મેળવી, મહાબુદ્ધિમાન ગણાયો. આઠ વર્ષમાં તેને પોતાને યોગ્ય સર્વ વિદ્યા સંપાદન કરી; શોળ વર્ષની ઉમ્મરે તેણે પાઠશાળા છોડી. ૨૮ શરિરે બળવાન્ તથા યુવાવસ્થાના પ્રભાતમાં પેઠેલો મદન સૌંદર્યમાં દેવને પણ ઝાંખા પાડતો, અથવા તેને

દેખી દેવ પણ શરમાતા. શિયળવતિ સાધ્વીયોને બાદ કરતાં, ચંદ્રાવતિ સર્વ યુવતિયો મદનને જોઇ મોહિત થઇ લથડીઆં ખાવા લાગી. કેટલીકોએ પરોક્ષ, પ્રત્યક્ષ, પત્રદ્વારા, જાસુસોદ્વારા, મદનના સુરત સમાગમની નિર્લજ્જ રીતે માંગણી કરી, પણ બહાદુર, અને દેવતાઇ ગુણોવાળા મદનરાજે, તે સર્વનો તિરસ્કાર કર્યો. શામ, દામ, દંડ તથા ભેદના ચતુર સ્ત્રીયો તરફથી થતાં કાવત્રાંઓમાં ક્યાંય પણ મદન ન ફસાતાં મોહક રીતે તે વિપત્તીયોમાંથી જીત મેળવી સર્વ આતુર સ્ત્રીઓને નિરાશ કરી મદનના શરિરનો રંગ ખીલેલા ગુલાબના ફુલ જેવો હતો, ઉછળતા રંગમાં, યુવાન મદનરાજ નીર્દોષ રમત ગમત કરતો, સદા તે ઉમંગમાં રહેતો, કોઇને પણ ત્રાસ આપતો નહીં. ૨૯ એક દીવસ મદન ઘોડેસ્વાર થઇ સર્વ પ્રકારના હથીઆરમાં સજ્જ થઇ, ચંદ્રાવતીની બહારના ઉદ્યાનમાં ફરવા નીકળ્યો, તે આગળ જતાં જંગલમાં નીકળી ગયો. પોતે વાણીયાનો પુત્ર હોવા છતાં જેની આંખોના ખુણાઓમાં લાલ ક્ષત્રીય તેજ હતું, અર્થાત તેને જોનાર સર્વ તેને ક્ષત્રીપુત્રજ ધારતા તે પોતાના ઘોડાને ખેલાવતો ચાલ્યો, અને મહાવિકટ અરણ્યમાં (જંગલમાં) ભુલો પડયો. ૩૦ સંધ્યા સમય થતો હતો, દશે દીશાઓ ભયંકર દેખાતી હતી. સુર્ય પશ્ચિમના પાતાલમાં ઉતરી પડતો હતો, અને તેથી જંગલમાં ઘોર અંધારૂં થયું એક મોટું વડનુ ઝાડ જોઇ મદન ઘોડાપરથી ઉતર્યો. તે મહાધૈર્યવાન હોવાથી ડરતો નહીં. હિંસક પશુઓના ત્રાસદાયક ઘોર શબ્દોથી પણ તે વીર મદન જરા પણ ભય ન પામ્યો. ૩૧ મદનને પોતાના શરિરની લેશ પણ ચિંતા નહોતી, પણ મારાં માબાપ મ્હને શોધશે, અને મ્હને ન દેખતાં

તે વડિલોની શી દશા થશે ? મ્હારા વિરહથી તેમને ઘણું દુખ થશે. હૃદયમાં એજ ચિંતવન કરતો, ઘોડાની શુશ્રુષા કરી વડતલે મદન સ્થિર થઇને જેવો બેઠો, કે તરત, "કોઈ ધાવો–ગરિબડી અબળાને અને મ્હારાં શીયળને બચાવો." એવો શબ્દ વિલાપ મદને સાંભળ્યો. ૩ર

પ્રથમ ઉલ્લાસ સમાપ્ત.

બીજો ઉલ્લાસ.

"કોઇ દયા લાવીને, પ્રભુના પ્રેમી બનીને, આવો અને મ્હારૂં ભંગ થતું શિયળ બચાવો." એવો પોકર રૂદન પૂર્વક કોઇ બાળા કરવા લાગી. ૩૩ જેવો તે બાળાનો શબ્દ મદને સાંભળયો કે તરતજ, તે અત્યંત થાકેલો છતાં, ઘોર અંધારિ રાત્રી, તથા જંગલ છતાં, ઉઠયો, ને ઘોડા ઉપર સ્વાર થઇ ત્યાં ચાલ્યો. પરોપકારી પુરૂષો પરોપકારમાં પોતાનું સર્વસ્વ ખરચી નાંખે, અને પ્રાણાંતભયથી પણ ન ડરતાં અન્ય દુઃખીનું રક્ષણ કરે. જે દીશામાંથી વિલાપનો કિન્નર સ્વર આવતો હતો, તે દિશામાં શબ્દાનુસારે ચાલ્યો, અને અલ્પ સમયમાં જ્યાં શિયળનો ભંગ થતો હતો ત્યાં પહોંચ્યો, અતિશય અંધારૂ હોવાથી તેમજ મદનનો ઘોડો કલાસર છુપી ચાલથી ચાલતો, તેથી મદનનું આગમન તે કોઇએ જાણ્યું નહી. તેઓથી થોડે દુર મદન ઉતરી, ઘોડાને એક વૃક્ષ સાથે બાંધી, હણહણાટ ન કરવા તેના કાનમાં સુચના કરી, ન્હાલથી થાબડી, છુપાતો તે શિયળનો ભંગ થતો હતો તે જગ્યાની નજીકમાં છુપાયો. ૩૪ એક અધર્મી અને કામાગ્નિથી

અંધ થયેલો, નરપિશાચ, એક સુંદર અને નિરાધાર, તથા અનાથ બાલિકાને સતાવી રહ્યો છે, એવું મદને પોતાની તિવ્ર આંખોની મદદથી જોયું, અને વિકારી રાક્ષસની ચરચા જોવાનેજ ગુણમાં ગમન કરનાર મદન તે પુરૂષની પાછળના ભાગમાં વૃક્ષના ઓઠામાં છુપાયો. ને તે વિકારીના ચેન સર્વ હથીયારને સંભાળતો જોવા લાગ્યો. ૩૫ તે ગરિબ ઓરતને ગરદનમાંથી પકડી, તે અહંકારી નર રાક્ષસ બોલ્યો–કે–હે ! મ્હારી માનીતી તું મ્હને પ્રેમદાન ખુશીથી આપ, નહિ તો હું બળાત્કાર જરૂર કરીશ; કારણકે અહીં કોઇ ત્હારો બાપ પણ ત્હારૂં રક્ષણ કરનાર નથી, માટે માનીજા, ૩૬ આ શબ્દો તે બાળાને તિવ્ર બાણુ જેવા લાગવાથી તેણી ક્રોધના આવેશમાં આવી, પોતાની ગરદન તે પાપીના પંજામાંથી ઝટક મારી છોડવી, લાલ નેત્ર કરી બોલી–"હરામખોર કુતરા આ શું ચાળા કરે છે ? રે ! નરપિશાચ ત્હારે મારો જીવ લેવો હોય તો ભલે લે, પણ મ્હારા શિયળનો ટેક હું કદીપણ છોડનાર નથી. ૩૭ આવાં બાળાના શબ્દો સાંભળીને દુષ્ટ રાક્ષસ ખીજવાયો, ને તેણીને મારી નાંખવા, પોતાની પાસેનો છરો કાઢી જેવો ઘા દેવા જાય છે કે તરતજ મદને તે છરાવાળો હાથ મજબુત પકડી લીધો. બીજા હાથે બળવાન મદને છરો ઝુંટાવી લીધો. અને તે હરામખોરના ગાલ પર એક તમાચો લગાવી દીધો ને બોલ્યો. ૩૮ હે ! હરામી શું સતીનું શીયળ લુંટે છે. અને તેથી તું વગર મ્હોતે મરવાનો છે, એમ કહેતાંની સાથે કુદકો મારી તેની છાતીમાં એક મુક્કી મારી. તમાચો અને મુક્કીથી બે માર, તે પાપી બેભાન થઇ પડવા લાગ્યો. પડતાંજ મદને ખભુરામાં પુરૂ માથામાં સખ્ત લાત ઠોકી દીધી. ૩૯ તે માણસ પોતાના

પાપે મૂર્છાવશ થઇ પડયો, મદને તેને ભોંય ભેગો કરી દીધો, મદનનું બળ તથા યુદ્ધકૌશલ્ય જોઇ તેમજ પોતાને અણી વખતે બચાવી માટે આભારના ભાર નીચે દબાયેલી તે સ્ત્રી બોલી–હે ! પ્રભુ આપેજ આજે મ્હને તારી છે. ૪૦ મદને કહ્યું–હે ! સ્ત્રી આમાં મેં મારી ફરજ બજાવવા ઉપરાંત કાંઇપણ કર્યું નથી. નિર્દોષ એવા ગૌબ્રાહ્મણ સ્ત્રી તથા બાળકનું રક્ષણ કરવું એ પ્રત્યેક પુરૂષાર્થી પુરૂષોની ફરજજ છે. છતાં આ ક્ષણે મ્હને મોકલનાર ઇશ્વરી પ્રેરણાનો તમારે આભાર માનવો જોઇએ, કે જેથી તમારો સ્વર મેં સાંભળ્યો ને અહીં આવ્યો. હવે તમે મને જણાવો કે આ પાપી તમને અહિં લાવવામાં સફળ કેમ થયો ? ૪૧ અંહિ લખવાની જરૂર પડે છે મદનને જોતાંજ સુંદરિ તેના સુંદર અંગ લાવણ્ય તથા યુદ્ધ કુશળતાથી તેના મોહમાં પડી હતી, પણ ક્ષત્રી હોય, અથવા પરિણીત હોય, અને એક પત્નીવૃતી હોય, તો પોતાની આશા નિષ્ફળ થશે. તેથી તે મનમાંજ રાખી, પ્રપંચથી તે કોણ છે તે જાણવાની ઇચ્છાથી નમ્ર બની, બે હાથ જોડી અંજલિ કરી સ્હામી ઉભી રહી તે કુમારિકા બોલી અરે ! સુંદર પુરૂષ મ્હારા ભાગ્યની કહાણી કડવી છે. તેને જવા દો ૪૨ ચતુર મદન તેણીનો મર્મ કાંઇક સમજ્યો, ને બોલ્યો, હે ! સુંદરિ તે સાંભળવાનો મ્હારો હક્ક છે, એમ જાણી તમારા કર્મની જે કહાણી હોય તે કહો, મેં દોડી આવી ત્હમારૂં રક્ષણ કર્યું તે માટે જાણવાનો મ્હારો અધિકાર છે માટે કહો–૪૩ વળી તમે નાની છોકરી જેવા દેખાઓ છો ને આટલી નાની વયમાં તે તમને એવાં શાં તોફાની દુખો પડયાં ? તે જાણવાનો આ ક્ષણે તો અવશ્ય મ્હારો હક્ક છે, એમ

માની-હે ! ભલીબાઇ ત્હમારા કર્મની જે કહાણી હોય તે કહો ? ૪૪ સુંદરિને તેની પાસે પ્રથમ તે કોણ છે. તે જાણ્યા પછી પોત્તાનું ચરિત્ર કહેવું હતું. પણ મદને યુકતી પુર્વક વાત કરીને પ્રપંચને ઉડાવી દીધો, એટલે સુંદરીએ બીજો પ્રપંચ શરૂ કર્યો. આ વખતે સુંદરી મદનનું દેવતાઇ અંગ જોઇ એટલી તો કામાતુર બની હતી, કે તેણી એક મદિરાપાન કરી મસ્ત બનેલી બળવાન બીલડી જેવી સુંદર લાગતી; જ્યારે મદન પૂર્ણિમાના સુધાકર જેવો ઝળકતો હતો. સુંદરીએ ઢોંગથી આંખોમાં આસુ આણ્યાં, સ્ત્રીઓને ગમે તે વખતે જેટલાં જલ્દીથી આંસુ લાવતાં આવડે છે, તેવું કોઇ પણ પુરૂષને આવડતુંજ નથી. આંસું આણ્યાં તથા બે હાથ જોડી ધુંટણીયે પડી બોલી-મારા પ્રભુ મ્હને છરો આપો કે મારા દુખી જીવનનો અંત તે મારી છાતીમાં ભોંકી તરત લાવું એમ કહેતી. કામ ની પ્રબળ વેદનાથી તેણી બેભાન થતી હતી ૪૫ પોતાની સન્મુખ ધુંટણીયે થયેલી, તિલોત્તમા જેવી રૂપવંતિ, પળેપળે રૂદનના ડુસકા તથા ગાઢ કામ જન્ય નિશ્વાસો નાંખતી, તે બાળાને મદને બેભાન થતી, પડતી, જોઇ. જેવી તેણી જ્યાં પછડાઇ ઝુમીને ભાર દઇ શરણુ થાય તે પ્હેલાંજ-મદને ધસી જઇ તેણીને ભોંય પડતિ અટકાવી, ચતુર પુરૂષ કદી પણ દાવ ચુકતોજ નથી ને પોતાના દુખી આશ્રીતનું સર્વ પ્રકારે અને સર્વ શક્તિથી રક્ષણ કરેજ છે. ૪૬-૪૭. આ પ્રમાણે મદને દોડી જઇ તે બેભાન થઇ પડતી સ્વર્ગની સુંદરીનો વેણીદંડ (અંબોડો) પકડી લીધો, અથવા મનોહર એવો તેણીનો વેણીદંડ મદનના હાથમાં શરણુની માગણી કરવા લાગ્યો. કુમારિકા બે હોશ થઇ ઝઝુમી,

અમળાઇ ભોંય ઉપર પડી તેણીને ધીમેથી ભોંય પડવા દઇ મદને તેણીનું માથું પોતાનાં ખોળામાં લઇ, તેણીને જાગૃત કરવાના ઉપચારો કરવા લાગ્યો. ચંદ્રાવતિની સર્વ યુવતિને નિરાશ કરનાર, દેવતાઇ સ્વરૂપ ધારણ કરનાર મદન, સુંદરીના મોહમાં લેવાયો, તેણીના પ્રપંચમાં સપડાઇ તેણી કોઇ મહા દુખિણી હોવાનુ માનવા લાગ્યો. ૪૮ એટલામાં મદનને સામટી બે ઉપાધી પીડારૂપ થઇ, જેમાંની પ્હેલી સુંદરીનું બે ભાન શરિર પોતાના ખોળામાં હતું, જ્યારે બીજી પીડા એ હતી કે, બે ભાન થઇ મદનના મારથી ભોંય ભેગો થએલો શત્રુ જાગૃત થયો, શીતળ ઉપચારો, તેમજ પવન નાંખવાથી પણ સુંદરી સાવધ થઇ નહી. આથી તેણીનું માથું પોતાના ખોળામાં હોવાથી મદન ગભરાયો ૪૯ મુખેથી મારો ! મારો ! બોલતો તે રાક્ષસ ભુમી ઉપરથી ઉઠયો, અને પરવશ બનેલા બાળ વીરને મારવાનો લાગ સારો જાણી છરો શોધવા લાગ્યો, મદન તેને પોતાના મજબુત દક્ષિણ હસ્તમાં પકડેલો છરો બતાવી બોલ્યો–હો! નરપિશાચ તું ત્હારૂ મ્હોત ક્યાં શોધે છે ? તે મ્હારા હાથમાં આ રહ્યું; આ છરાથીજ ત્હારૂ હૃદય ચિરીને હને ત્મારીશ, અથવા જો શરણે આવીશ તો મ્હોતના પંજામાંથી હાલ તું બચશે. ૫૦–૫૧ આવાં મદનના વચનો સાંભળી તે સેતાન બોલ્યો બચ્ચા મુખ ઉપર જરા પણ મુછ તો ફુટી નથી, મોઢામાં તો માતાનું ધાવણ દેખાય એટલો નાદાન છે, છતાં મરણની વખતે મનુષ્યની બુદ્ધિ ઘટી જાય તેમ તને થયું છે. ૫૨–મદન મુછ ઉપર તાલ દઇ કહેવા લાગ્યો, અરે ! ગધેડા તું ખરેજ નરખર મનુષ્ય ગધંવ છે, જેને ઠીક્રાં ખાવાનો કુદરતિજ સ્વભાવ હોય,

તેમ એક વખત તો ધુળ ચાટતો થયો, દયાની ખાતર મારી નાંખવામાં ના આવ્યો તો પુનઃ મરવાનીજ તિવ્ર ઇચ્છા ત્હને હોય એમ લાગે છે. શું ? તું ત્હારા જીવન ઉપર ગુસ્સે થયો છે ? ૫૩ તે દુશ્મન છરો લેવાને, ઝુંટવવાને આવ્યો, પણ કાંઇ લાગ ફાવ્યો નહિ, એટલે તે છરા વાળા હાથે કળાથી વળગ્યો, મદન પણ તેને વળ દઇને દાવ આપવા લાગ્યો. ૫૪ મદન એકી વેળાએ બંન્ને કામો કરતો, સુંદરીના રક્ષણમાં ચિત્ત રાખતો, અને લડતો, જે મહા બળવાન તથા પૂર્ણ પુરૂષ હતો, લાગ આવતાં મદને પોતાના ડાબા હાથની એક ઝાપટ મારી, જેથી કીડાંની જેમ તે દુષ્ટ દુર ગબડી પડ્યો. ૫૫ ફરીથી તે હરામી ઉઠી, છરો ઝુંટવી લેવાને મદનની કોટે વળગ્યો, આથી મદન ચમકવા લાગ્યો, ગાભરો બની તે વિચારવા લાગ્યો, કે જો મ્હારા ખોળામાં આ દુઃખી ને નિરાધાર સ્રી આ વખત ના હોત, તો આ ગળે વળગેલા શશલા જેવા દુષ્ટ સાથે ઘણી સારી લડાઇની રમત હું રમી શકત. પણ કમનસીબે આ બિચારી સાવધ પણ થતી નથી. ૫૬ આ વખતે મદનને એકી સાથે બે મ્હોટી ફરજો બજાવવાની હતી. એક તો સુંદરીનું રક્ષણ કરવું, અને બીજી દુશ્મન સાથેની લડાઇમાં જીત મેળવી તેને જેર કરવો અથવા હણવો. એ પ્રમાણે વિચાર કરતો, ગળે વળગેલા પણ અશક્ત શત્રુના હાથમાં છરો કે પોતાનું કોઇ હથીઆર ના જાય તે સાવધતાથી સંભાળતો કળાવાન મદન હુશીયારીથી દાવ પેચો લેવા દેવા લાગ્યો, લડાઇ લંબાવવાની તેની એ મુરાદ હતી કે એ અરસામાં સુંદરિ સાવધ થાય. આ પ્રમાણે પોતાની બંન્ને જીવલેણ ફરજો અદા કરતો, તે

વણિક પુત્ર મદનરાજ સુંદરીને સાવધ થયેલી જોવાની તિવ્ર ઇચ્છા-વાળો બન્યો. ૫૭ બન્યું પણ તેમજ. મદનને કુદરતી મદદ મળી હોય તેમ તેના ખોળામાં બીરાજેલી, પડેલી, બેભાન બાળાને શુદ્ધિ આવી, તેણી ઉઠીને બેઠી થઇ, મદનને ગળે રાક્ષસ વળગેલ જોઇ, એક બ્હીકની કારમી ચીશ પાડી તેણી મદનની સોડમાં લપાવા લાગી. ૫૮ સુંદરી સાવધ થઇને મદનની સોડમા ભરાઇ, કે તરતજ મદને તેણીને થોડે દુર રહેવાની સૂચના, આંખના ઇસારાથી કરી, તેણી તરત દુર થઇ; એટલે તોપમાંથી જેમ ગોળો છુટે, અથવા પાંજરામાં પુરાયલો સિંહ છુટો થાય તેમ મદન છુટો થયો. દુશ્મન ગળે વળગેલો છતાં તેનો કાળ નજીક જણાવા લાગ્યો, મદને એક મ્હોટો જબરો હોકાર કરી કહ્યું—રે ! પાપી હવે ત્હને મેથીપાક જમાડું છું. ૫૯ એમ કહી એક હાથે તેની ગળચી પાછળથી પકડી ઉંદરની માફક તેને માથા ઉપર ફેરવી, પોતાના સામે પટકી, મદને જોરથી, તેના ગાલ ઉપર એક સામટા ચાર તમાચા લગાવી દીધા. આથી તેના ગાલ સુજી જઇ મુખમાંથી લોહીની છોળ નીકળી, અને તેને તમ્મર આવવાથી પૃથ્વીમાં પટકાયો, અને અંગોપાંગની અવ્યવસ્થિત સ્થિતીથી વીખરાઇ તે બેભાન થયો. ૬૦ મદન પોતે વાણીયો છતાં રાજનિતિ બરોબર જાળવતો, અને પોતાના દિલમાં દયા લાવીને, તેણે તે બેભાન પડેલા શત્રુને મારી નાંખ્યો નહી, જો તે ધારત તો તેને મારીજ નાંખત. કારણ મદન હથીયારબંધ હતો. પણ ક્ષત્રીની નિતી મુજબ "શત્રુ ગમે તેટલા કારી ઘા મારીને પણ બેભાન પડયો હોય તો તેને મારી નાંખવો નહિ." એ ન્યાયથીજ દયાળુ અને શુરા મદને તેને બેભાન દશામાં માર્યો નહિ. ૬૧ થોડી

વારે તેને શુદ્ધિ આવી, ને પડયા પડયા તેણે મદનના ગુણો સાંભર્યા. તેણે વિચાર્યું કે આ બાળક શુરાને ધન્ય છે, બેભાન દશામાં તેણે મ્હને મારી નાંખ્યોજ હોત. "મારા જેવો અધર્મિ અને અન્યાયી તથા આ જુવાન જેવો ધર્મિષ્ટ અને ન્યાયી ભાગ્યેજ કોઇ હશે." આ વિચારથી તેનું અભિમાન ઝરી ગયું-જતું રહ્યું, અને તેના પાપી વિચારો દુર થયા, એથી તે મદનનો આભારી તથા આધિન બન્યો. ૬૨ તે બે હાથ જોડી ઉઠયો ને બોલ્યો-ભાઇ ત્હમે ખરેખરા ન્યાયી પુરૂષ છો, એમ કહી તે ઉભેલા સાવધાન મદનના પગ આગળ બે હાથ જોડી ધુંટણીયે થઇ કહેવા લાગ્યો. "ભાઇ મ્હારા અપરાધની ક્ષમા આપ." ૬૩ આજથી, આ મિનીટથી, આ બાળા મ્હારી બ્હેન જેવી છે, એટલુંજ નહિ પરંતુ તેં આજે મ્હને આપેલા જીવતદાનથી હું શીયળનો સંકલ્પ દૃઢ નિશ્ચયથી કરૂં છું. અત્યાર પૂર્વે મેં ઘણાં કાળાં કુકર્મો કર્યાં, કોઇક ગરીબડીઓના શીયળ ઉપર જંગલી વરૂ બની હુમલો કરી તેનો ભંગ રૂપી ભક્ષ કર્યો; પણ આજથી તે સર્વ પાપકર્મથી વિરામ પામી સદા તમારી ભક્તિની માળાનો જાપ કરીશ. કારણ તમે આજે મ્હમે નવો અવતાર તથા પવિત્ર શીક્ષારૂપ ઉપદેશ આપ્યો છે.

બીજો ઉલ્લાસ સમાપ્ત.

ત્રીજો ઉલ્લાસ.

મદન-દુશ્મન કદાચ દગો ન કરે તેની સાવચેતી રાખી, તેને પુછવા લાગ્યો-કે હે! પાપી પુરૂષ તું અહિં કેમ આવ્યો? તથા આ સુંદર બાળાને કયાંથી ઉઠાવી લાવ્યો? તે સાચું કહે. જો

તું સાચુંજ કહેશે, તો ત્હને તારા વિચારો સુધરવાથી મીત્ર ગણીશ, જ્યારે જુઠું કહેશે તો હમણાંજ સમસેર વડે ત્હારૂં માથું કાપી નાંખીશ, અને ભુમીમાં સદાને માટે ચાંપી દઇસ. કારણ ત્હારૂં મ્હોત મ્હારે હાથ, અત્યારે પડેલું છે. ૬૫ એ સાંભળી તે પુરૂષ બે હાથ જોડી બોલ્યો મ્હારી સાચેસાચી વાત સાંભળો–હું શ્રીપુર નગર જે અહીંથી આઠ દસ માઇલ ઉપર છે ત્યાંનો રહીસ છું, આ બાલિકા દોષ રહીત શુદ્ધ છે. તેણી શ્રીપુરના નગ્રશેઠની "સુંદરી" નામની પુત્રી છે, જેનો મોહ લાગવાથી મ્હારાં હૃદયમાં પ્રેમનો અસહ્ય, અરૂહ્ય, ઘાવ પડયો, જેથી હું તેણીને હમેશાં નડતો હતો, દુખ દેતો હતો. ૬૬ હું શ્રીપુર નગરનો રામસિંહ નામનો કોટવાળ છું. અને નગરશેઠના ઘરનો વિશ્વાસુ થઇને મેં આ ઘણું ભુંડું કામ કર્યું. આ બાળાના પીતાએજ મ્હને દુખદ અવસ્થાથી ઉદ્ધારી, પોતાના બચ્ચાં જેવો ગણ્યો, જ્યારે મેં વિશ્વાસઘાતી થઈ ત્હેનીજ પુત્રી હરવાનું મોટું પાપ કર્યું. આજે હું તેથી ઘણો બીહું છું. મ્હારો પામર નરનો વાંક માફ કરજો. અહિં હું અથથી ઇતી સુધીની કથા કહું છું. ૬૭ નગરશેઠનું નામ જયચંદ્ર છે, તેની મ્હેરબાનીથીજ હું નોકરી પામ્યો હતો. તે શેઠની આ સુંદરી પુત્રી થાય, તે શ્રીપુરનગરનો રાજા દેવરાજ નામનો છે, જે મહા રાજ્ય કુશળ તથા નિતીજ્ઞ હોઇ, જગતમાં બીજા રામચંદ્ર જેવો ગણાયો છે. ખરેખરો દગાબાજ, પાપી તથા કામથી આંધળો બનેલો હુંજ દુર્ભાગી છું, ૬૮ શેઠને ત્યાં મ્હારૂં હમ્મેશ ઘણી વાર જવું થતું, સુંદરીનો મોહ લાગ્યા પછી તે પગરવ વધ્યો, સર્વ મ્હને પોતાનો ગણતાં તેથી મ્હારૂં કાળું કર્મ કોઇએ જાણ્યું નહી. જતાં આવતાં દરેક સમયે મ્હારૂં ચિત્ત સુંદરીમાંજ પરોવાતું, એક

વખત મેં તેના ઘરમાંજ એકાન્ત સાંધી, કરગરીને સુંદરી પાસે તેણીના પ્રેમની માગણી કરી, સાચી સતીયો આવું વર્તન કેમ સહન કરે? નહિંજ. આખરે તેણીએ મ્હને તીરસ્કારી ચાલ્યા જવા હુકમ કર્યો, મેં તે વાત ગુપ્ત રાખવા પ્રાર્થના કરી, ફરીથી આવું વર્તન હું નહિં કરૂં તો તેણીએ તે ગુપ્ત રાખવા કબુલ્યું. ત્યાર બાદ પ્રસંગોપાત શામ. દામ, તથા ભેદની કળામાં તેણીને ફસાવવા યુક્તિ કરી, તે સર્વમાં નિરાશાજ પ્રાપ્ત થવાથી, કામરૂપ અગ્નિ મ્હને દમવા, દુઃખ દેવા લાગ્યો. આખરે ક્રોધને વશ થઇ દંડ નિતિ અખત્યાર કરી. દબાણ, તથા ધમકીથી એ બિચારીને મ્હારી બનાવવા મથ્યો, તેમાં પણ નિષ્ફળ નિવડયો. એટલામાં એક દી મને મન માનતો લાગ મળ્યો ૬૯ નગર બ્હાર નદી કીનારે એક દેવીનું મંદિર છે, ત્યાં બે સાહેલીઓ સાથે સુંદરીને દર્શન કરવા જતી મેં જોઇ, મેં તેણીને મ્હારે હાથ કરવાનો લાગ મળેલો માન્યો. બીજે રસ્તે તેમની આગળ જઇ, ચાર ભીલોને થોડી લાલચ દે, સુંદરીનું હરણ કરવા મોકલ્યા. તેઓ હરિણિને જેમ વાઘ ઉઠાવી લાવે તેમ બે સખીઓમાંથી, મ્હારા હાથના પાપનો કાંઇ અધુરો રહેલો ઘડો પુરો કરવા, ઉંચકી લાવ્યા. બે ભીલો મારી સુચના મુજબ તે બે સખીયોને ચુપ રહેવા ધમકાવી, બીજી તરફ લઇ ગયા, પછી તેનું શું થયું તે હું જાણતો નથી, પણ સંધ્યા કાળે તે બન્નેને છોડી મુકવા મેં તે ભીલોને કહેલું. બેભાન સુંદરીને રડતી બે ભીલો સંકેત સ્થાને લઇને આવ્યા, એ જોઇ હું અત્યંત ખુશ થયો, તેઓને પૈસા દે ખુશી કર્યા. ૭૦ રાજાના તથા નગરશેઠના ડરથી, બેભાન સુંદરીને મ્હારી આગળ ઘોડા ઉપર નાખી મેં જંગલનો રસ્તો લીધો. કામદેવના કલ્પીત ભરમથી મેં સર્વ ન્યાયને

નમસ્કાર કર્યા. મ્હારાં સર્વ અંગોપાંગમાં ધમણથી અગ્નિની જેમ કામવાસના સળગતી, એમ કરતાં હું અહિં આવ્યો. અને નિર્જન સ્થાન તથા ધટ્ટઝાડી જોઇ સંભોગની તિવ્ર ઇચ્છાથી તેણીને ઘોડા ઉપરથી નીચે ઉતારી. ૭૧ એટલામાં એ સાવધાન થઇ. મેં તેણીને ઘણી સમજાવી પણ માન્યું નહી, જેથી બલાત્કાર કરતો હતો, એટલામાં ત્હમે આવ્યા હું કામથી આંધળો બન્યો હતો, તેથી ઘેરથી હથીઆરો લેવાના ભુલી ગયેલો,અજ્ઞાન દશાથી મ્હારૂં ભાન જતું રહ્યું હતું હથીઆરમાં મ્હારી પાસે એક કટારી હતી, જે વડે આ હઠીલી બાળાનું હું ખૂન કરતો હતો. તે આપણી લડાઇમાં ત્હમે ઝુંટવી લઇ મ્હારા ઉપર જીત મેળવી. ૭૨ ભાઇ ત્હારી આગળ મેં કાન ખોલીને સર્વ સાચું કહ્યું. વળી ઠીક થયું કે ત્હમે અહીં પધારી, વ્હાર કરીને મ્હારાં જ્ઞાન રૂપી નેત્રો ઊઘાડયાં, હવે મ્હારે આ ભવમાં પરસ્ત્રી માબહેન સમાન છે. એ ત્હારોજ આભાર છે. રાવણ જેવા મોટા રાજાએ પણ પરસ્ત્રીની પ્રીતીમાં હાથ ચોળીને અગ્નિ ઉપજાવી તેમાં પોતેજ પોતાની મેળે શ્રીરામદ્વારા દહન થયો. અરે ! મેં પણ ક્ષત્રિવટમાં આગ લગાડી, ને વડિલોના નામ ઉપર પાણી ફેરવ્યું ૭૩ એટલું કહીને તે ચુપ રહ્યો. પછી મદને સુંદરીને કહ્યું કે ચાલો ત્હમારા માતાપીતાના હાથમાં ત્હમને સોંપું, આ પ્રસંગે પ્રભાતનો સમય થયો હતો. સુર્યના આગમનનો, પ્રભાત મળસ્કારૂપ ડંકાથી ભાસ કરાવતું હતું. મદન રામસિંહને કહેવા લાગ્યો—કે ચાલ ભાઇ હવે તું મનમાં જરાય ડરીશ નહી. એટલે તે પોતાના પાપથી ધ્રુજતો પગે લાગીને બોલ્યો—હું હવે શ્રીપુરમાં જઇશ નહિ કારણ કે દેવરાજાનો ત્રાસ ઘણો છે. તેથી તે મ્હને તરતજ મારી નાંખે,

તથા નગરશેઠનો લૂણુ હરામી થઇ મ્હારૂ કાળુ મ્હોડું બતાવવા હે ! પ્રિયમિત્ર હું ત્યાં આવીશ નહી. ત્હમે મને જીવિતદાન આપ્યું છે. તેના બદલામાં હવે પ્રભુનું ભજનજ કરીશું અને દુર દેશ જૈ, ન્યાય તથા નીતિની રાહે ચાલી, સર્વ પ્રકારના ખારા ખ્યાલો–દુષ્ટ વિચારો છોડી જીંદગી પુરી કરીશું ૭૪–૭૫ વળી મ્હારાં કોઇ સગાં સંબંધિ પણ નથી, કે જેઓ મ્હારી પાછળ શ્રીપુરમાં ચિંતા કરશે, મ્હારી ધર્મપત્નિ પણ મરણ પામેલી છે. મ્હારી સર્વ ઉપાધિ ભગવાન દુર કરશે, એમ કહી જવાની રજા માંગી. સુંદરીની સંમતિથી મદને રજા આપી કે તે તરત ઘોડેસ્વાર થઇ શ્રીપુર રાજ્ય તરફથી, પકડાઇ જવાની દહેશતથી, ઘોડાને એડી મારી દોટ દઇ રામસિંહ ધસ્યો–ચાલ્યો, અદૃશ્ય થયો. તે અધર્મી ગયો–અળગો થયો, ત્યારે સુંદરી લટકાળી અદાથી પોતાની છાતી ઉપર હાથ મુકી હાસ્ય કરતી “ હાશ ” એટલું બોલી. ૭૬ સ્મિત હસીને તેણી બોલી હે ! પ્રભુ આપને પ્રૌઢ–મ્હોટો પરિશ્રમ થયો છે. તેથી થોડીવાર વીશામો લ્યો. હમારી કથા પાપી મુખે બધી આપે સાંભળી, તો હવે આપની કથા આપ પોતે કહો. મ્હને એ સાંભળવાની અત્યંત અભિરૂચી થાય છે કે, આપ આટલી કિશોર અને સુકુમાર ઉમ્મરમાં વનવાસી બની, મોગર પુષ્પ જેવા કોમળ અંગે, જંગલના મહાન દુખો સહન કરો છો ત્હેનું શું કારણ છે ? વળી જો આપ ના કહો, અથવા ફેરફાર કહોતો આપને મ્હારાં સોગંદ છે. આપનું નગર, જ્ઞાતિ, તથા આપ પરણેલા છો કે કુંવારા ? તે સર્વ મ્હારે જાણવું જોઇયે. સત્યજ કહેજો; ચપળ છે આંખો જેણીની એવી તે સુંદરી મદનના મોહથી

દીન બની. વીજળી જેવો ઝગઝાટ તેણીના મુખ મંડળ ઉપર પડયો, અથવા સ્ત્રીયો જ્યારે પોતાની કોઇ નેમ સાધવા ગરિબડી બની પુરૂષ પ્રતિ કરગરે છે ત્યારે તેની સૌંદર્યતામાં અત્યંત વધારો થાય છે. તેમ થયું. બે હાથ જોડી મદનરાજની સ્હામે તે ચમકતી બાળા જવાબની આશાથી જોઇ રહી—મદન કાંઇ બોલ્યો નહિ. ત્યારે ફરીથી તેણીયે કહ્યું—જો આપ સાચું ના કહેશો આપને સ્ત્રી હત્યાનું પાપ છે, એવા કયા દુઃખે આપ વનવાસ ધારણ કરી, સ્વજન કુટુંબને વિરહનો કારી ઘાવ દઇ, હે ! સુંદર અને ઉતમ પુરૂષ સ્વયમેવ એકલાજ નિકળ્યા ? ૭૮ આથી, એકી વખતે સામટા પ્રશ્નો કરવાથી,-તથા તે કરવાની લટકાળી અને વ્યામોહક છટાથી, મદનને સ્વાભાવીક હાષ્ય થયુ, મદન હસતો ત્યારે તેના બે ગાલોમાં ખાડા પડતા, અને તેણે સિદ્ધગ્રાહી બુદ્ધિના ઉપયોગથી સુંદરીનું મનોવાંચ્છીત સર્વ જાણી લીધુ; અને બોલ્યો—હે ! સ્ત્રી ત્હમે કોઇ દગાબાજ દેખાવછો; એક પળે રડવું અને બીજી પળે હસવું એ દગલબાજીનું લક્ષણ છે. વળી ત્હમારાં પલકારા મારતાં જય વંત નેત્રો અસ્થિર હોઇ, હમારા જેવા ગરીબ, અને ભોળા પુરૂષોને દુઃખ દેતાં લાગેછે- કનડતા દેખાય છે. ત્હમે કોઇને ફસાવવા, વશી કરણનો ઉપયોગ કરી પોતાને કામણગારી કહેવરાવોછો, અને દગાના ઘાટ ઘડતા દેખાવછો. ભોળા પુરૂષને ઠગનારી સ્ત્રીને કામણગારી કહી છે. ૭૯ સુંદરી મનહર ભ્રકુટી ચ્હડાવી અભીમાન યુક્ત બોલી હે ! દેવ હૃદય ઉપર પહેરેલો ચંદ્ર હાર જેમ દિલને ગમે છે, તેમ આપ ઉમ્મરે ન્હાના પણ બળ બુદ્ધિ તથા ધર્મમાં મોટા છો, તેથી હમને હૈયાના હારની જેમ ગમી ગયા છો. જે સર્વ પુરૂષોનો શિર-

સ્કાર કરતી, તેજ હું તમારા ગડબડગોટાળા તથા 'દગલબાજી ન સમજતાં, આપની પ્રણય જાળમાં મૃગલીની જેમ ફસાઇ ગઇ છું. તેથી આપજ મોટા ઠગારા દેખાવ છો, ને હમને ખોટા આરોપો શા માટે દયો છો? ગમે તેટલી તોપણ હમે તો, અશકત, ભોળી અબળા, અને તમે પુરૂષજ જબરાછો. એ સાંભળી મદન બોલ્યો–રહેવા દો. મૃગનયની! ત્હમારી બધી સફાઇ મ્હારી આગળ નહીં ચાલે, સ્ત્રીયો કેવી છે તે જુવો–મુછે તાલ દેનારા મર્દને માન આપી તેનું ભાન ખસેડી દે, વળી દિલજાન બની જરા પણ કસુર થતાં બીજા સાથે વ્યભીચાર કરી પતિને ડહામ દે, આવી બળવાન બાયડીઓ અબળામાં ખપે છે. મુખનું મલકટડું કરી મરદના ચિત્તનું હરણ કરે. ગાંડા બનાવે, એવી સ્ત્રીયોમાં કેંક ગ્નાનીઓ, જોગીઓ, તથા પંડીતો, તેમજ રાજાઓ વિગેરે મોટા મરદો પણ અભીમાનના ઘર જેવીમાં, ઠગાઈ ગયા છતાં–પોતાને અબળામાં ખપાવનારી સ્ત્રીયોએ શું બાકી રાખ્યું? અને વળી ચિત્તનું મર્દન કરી પોતાને ભોળી ઠરાવે, મ્હોટી મુછોવાળા અટંકી મરદોનું અભીમાન સુંદરતા રૂપી સાધનથી. એક તડાકાની સાથે, કે આંખના એક પલકારાની સાથે માનુનીયો ઉતારી દેછે. પ્રભુ એવી સ્ત્રીયોનો સ્વપ્ને પણ સમાગમ ન આપો. ૮૧ ઉપર મુજબ હાષ્યવિનોદ તે બંને કરી રહ્યા, બાદ મદને પોતાની વિતક વાત સર્વ કહી. તે બોલ્યો. હું ચંદ્રાવની નગરનો રહિસ છું. મ્હારા પિતા શ્રીધર તથા માતાનું નામ શ્રીદત્તા છે. હું ફરવા નીકળેલો ત્યાંથી જંગલમાં ભુલો પડી જવાથી વનવાસી બન્યો છું. વળી હે સુંદરી મ્હારૂં નામ મદનરાજ છે. હે! નારિ હું વરેલો નથી ને પરણવાની ઇચ્છા પણ રાખતો નથી. કારણ હું હજી બાળ

છું, વણીક જ્ઞાતીનો છું, અને અજ્ઞાની છું. તે ઉપરાંત સ્ત્રિ પુરૂષને ગળાની ફાંસી રૂપ માનું છું માટે લગ્નની ઇચ્છા નથી ૮૨ સુંદરી દયામણે મુખડે કરગરતી હોય તેમ બોલી. હે! પ્રભુ ઠાલા ઢોંગ બધા જવા દ્યો. શાસ્ત્રોક્ત રીતે આપે મ્હને પોતાની વ્હાલી કરી, મ્હારા વ્હાલા આપ બન્યા છો. કદાચ આપ તે ભુલી ગયા હોય હોય તો યાદ કરાવું. પવિત્ર ખોળામાં આશ્વાસન દઇ અનાથ અને નિરાધાર બાળાને પોતાની ગણી. વળી ખરેખરો સ્વામી ધર્મ તો પરમેશ્વરની માફક રક્ષણ કરવા પ્રગટી, રક્ષીને આપે સાબિત કર્યો છે. આપ દયાળુ છો તેથીજ કિંકરીના ઉપર ઘણી દયા કરી. આ સર્વ હે! પ્રાણનાથ આપને સાંભરેછે કે? નિષ્ઠુર દુષ્યંત રાજાની જેમ, તે પ્રેમ પ્રસંગ એટલામાંજ વિસરી ગયા? વળી મ્હારા જેવી ભોળી કુમારીકાને બેભાન થઇ પડેલી, તે અવસરે પ્રણયદાન પણ દયાથી આપે આપ્યું છે, મસ્તકે આપનો પ્રેમાળ હાથ પડતાંજ મ્હારૂં ચિત્ત ઠેકાણે આવી ગયું હતું. અને આવી રીતે આપે મ્હને વશ કરી છે. અને આપ મ્હારા વશીકર પ્રીતમજી થયાછો. ૮૩ મદનને પણ શુદ્ધ અમૃત વેલીનો આલ્હાદ લેવાની તાલાવેલી લાગી હતી. તેનું હૃદય સુંદરીના પ્રેમ બાણે વિંધી આરપાર કર્યું હતું, પણ તે નાહક મરદાઇની મોંઘાઇ બતાવતો હતો. તે બોલ્યો. સુંદરી મ્હને ત્હમે ફાંસી પ્હેરાવશો નહી કારણ મ્હને પરણવાની જરા પણ મરજી નથી. સુંદરી તેનો આંતરભાવ સમજી, તેનું પોગળ તથા ભાવ ખાતો હતો, તે જાણી રોફ બજાવતી હોય તેમ, કેદી ઉપર સત્તા ચલાવતી હોય તેમ, તેણી બોલી-એટલો ત્હમે ક્યાં ન્હાસી જશો? મ્હને ત્હમારી સાથેજ વરવાની તિવ્ર ઇચ્છા છે, એમ છતાં ન્હાસી જવાની આપની શક્તિનો ઉપયોગ

ફરી જુવો જોઉ ? એમ કહી મદનને કામણ કરવાનેજ સુંદરીએ પોતાના બે હાથ તેના કંઠમાં વિંટાળયા. દઢ આલિંગનથી તે બંને ગુલાબ જેવી કાયા પ્રેમના પાઠો ભણવા લાગી. ૮૪

ત્રીજો ઉલ્લાસસમાપ્ત.

ઉલ્લાસ ચોથો.

ઉપર કહ્યા પ્રમાણે મદન તથા સુંદરી પ્રણયની મજાહ ભોગવવા લાગ્યા . સુંદરીના શરીરનો રંગ નારંગી જેવો મનોહર, તથા સૌગંધિક હતો, જ્યારે મુખ કમળની કાંતી ગુલાબના પુષ્પમાં પોતાનો મુકાબલો કરતી હતી. જેણીનો કેશ કલાપ વાસુકી નાગ જેવો ચમકતો તથા અત્યંત શ્યામ હતો, એવી સુંદર સુંદરીમાંજ મદનના સુખની આશા સ્થિર થઇ, જેણીનું ત્રીપલ્લી સમાન અર્થાત સ્તનરૂપ બે કળીઓથી મધ્ય ભાગે ત્રિકોણ જણાતું હૃદય હતું. એવી દેવાંગના સરખી સ્ત્રી હસતે મુખડે જ્યાં મદનનાં વિશાળ હૃદય સાથે ભેટી, એટલે મદને પોતાને સ્વર્ગીય સુખ મળ્યું એમ માન્યું, અથવા ઉત્કટ વિષયનું દેવતાઇ સુખ મદને ત્યાંજ, તેજ સ્થળે સર્વાંગે આનંદ લાવી અનુભવ્યું. ૮૫ બન્નેના શરિરો પુષ્ટ તથા તાકાતવાન હતાં. તે બંન્ને કાયા દઢાલિંગનથી ભેટી, આ સમયે બે સુંદર મુખડાંઓએ મૌન્ય ધારણ કર્યું હતું. વળી તેમના બંન્નેના રાતા તાંબુલ જેવા ચારે હોઠોએ અમૃતપાન કરવાને ઐકયતા કરી—એકઠાં થયા. તે સ્થળે બંન્નેના મન મળી જવાથી હૈયાં સાથે હૈયું મળી ગયું અથવા સાચો પ્રેમ પ્રગટ થવાથી બંન્નેના હૈયા સજ્જડ મળી ગયાં આ રીતે તે બે ભાગ્યશાળી દંપતિ આનંદથી કામદેવના રંગથી રંગા-

ક અદ્દભુત રમણ કરવા લાગ્યા. ૮૬. એમ રમત રમતાં તથા પરસ્પર અખંડ અને અસ્ખલિત પ્રેમનું પાન કરતા, બે ઘડી જેટલો કાળ વિતી ગયો. તોપણ તેઓ અતૃપ્ત હોઇ, પરસ્પર તાળીયોની આપ લે કરી રમતાં હતાં; એટલામાં સુંદરીની શોધમાં નિકળેલા ચાર યોદ્ધાઓ તે સ્થાને આવી ન્હડયા. ત્હેમણે દુરથી આ લોકોની પ્રેમ ચેષ્ટાઓ જોઇ, અને ગુસ્સે થઇ ગયેલા તે ચારે શુરાઓએ એકી વખતે ચાર તલવારો મ્યાનમાંથી ખેંચી કાઢી. મદન પ્રેમની રમત ઘણી સાવધતાથી રમતો હતો, તેથી તેણે દુરથી તેમની વૃત્તિ જાણી, અને તેઓ પાસે આવી તરવારો મ્યાન મુક્ત કરી, મદન ઉપર ઘાવ દે, તે પ્હેલાંજ સિંહ જેવા ચતુર તથા શુરા મદને સફાળા ઉઠી, કુદકો મારી, પોતાની ચપળ અને હુકમમાં રહેનારી સમસેર, હવામાં તેમની ઉપર ફેરવી, એક જબરો ઘા કર્યો. ૮૭ મદનના પ્હેલા ઘાથી બેમાથાં ધુળ ચાટતા થયાં, જ્યારે બે સુભટ ઝાંખા પડી, ઘોર જંગલમાં મદનને વિકાળ જમરાજ જેવો, બાળક છતાં દેખવા લાગ્યા તેઓ ગભરાઇ જઇ, કરગરીને હાથ જોડી બોલ્યા—હો ભાઇ હમને મારશો. નહી. સુંદરીબાને શોધતા સઘળે ફરી ફરીને હમે અહિં આવ્યા, અને સારા નશીબે ત્હેમને હમે અહિં જોયા ૮૮. તેઓ સુંદરીને કહેવા લાગ્યા—બા તમે આ જંગલમાં કયાંથી?કેવી રીતે પસાઇ પડયા છો ? માતપીતા ઘેર પાણીની જેમ રાહ જુવેછે. ખાવું પીવું ને ખેલવું એ સૌ તમારા વિના ઝેર જેવું થઇ પડયું છે, વ્હાલાં અને સર્વ સગાંઓ ચોધાર આંશુથી રૂદન કરે છે. વળી આ સરદાર કોણ છે ? ત્હમને તેનો મેળાપ કેવી રીતે થયો? તે કહો, અને બા, હવે ઘેર ચાલો. આ સાંભળી મદને હાંશી—મશ્કરી કરતાં કહ્યું જો ત્હમારે સુંદરીને

લઇ જવી હોય તો મ્હને જીતો, તો તે આવશે. ૮૯ સુંદરિ બોલી હે ! ભાઇઓ હવે આપણે શ્રીપુર ચાલો, મ્હને વીતેલી બધી કથા સૌની પાસે વિસ્તારથી કહી બતાવીશ. ટુંકમાં આ વિરપુરૂષેજ પોતાના બાહુબળથી મ્હને જીવીતદાન આપ્યું છે. આપણા નગરનો કોટવાલ પાપી રામસિંહ મ્હને અહિં હરિને લાવ્યો હતો, તેથી મ્હને આમણે બચાવી. ત્હમે લોકોએ પુછપરછ કાંઇ પણ ન કરી જેથી બે જીવની નાહક હત્યા સાહસથી અથડાતા થઇ. ૯૦ મુવેલા બે સીપાઇઓની લાસોને ભુમીદાહ કરી સૌ ઘોડે બેઠા, મદન પોતાના ઘોડાપર સ્વાર થયો, મુવેલા બેના ઘોડામાંથી એક ઉપર સુંદરી બેઠી, જ્યારે વધારાનો એક ઘોડો સીપાઇએ ખાલી હાંકી લીધો. અને સર્વ શ્રીપુરના રસ્તે ચાલ્યાં, બપોરના સમયે સૌ શ્રીપુરમાં જઇ પહોંચ્યા. સુંદરીએ પોતાના સ્વજનને મળી ભેટી, ચોધાર આંસુ વર્ષાવતી રૂદન કરી પોતાપર વિતેલી સર્વ કથા કહી. ૯૧ આ સાંભળતાં સર્વ મદનના આભારી થયાં, અને તે શુરા પુરૂષની નમીને સેવા કરવા લાગ્યા, મદને પોતાને દેશ જવાની રજા માંગી કે તરત તેમાં સુંદરી આડી પડીને બોલી ઉઠી—હે ! નરવિર મદનજી આપને મ્હોટો શ્રમ પહોંચ્યો છે. તેથી આપ ઘણા શ્રમિત થયા છો. માટે આજે વિરામ પામીને રહો. અને હે ! પરોપકારી પુરૂષ આપ આવતી કાલે જજો; આજ તો આપને શ્રીપુરમાંજ હમારે ઘેર વાસો કરીને રહેવુંજ પડશે. એ પ્રમાણે સુંદરીએ કહ્યું. મદને આખરે તે કબુલ્યું. ૯૨

ચોથો ઉલ્લાસ સમાપ્ત.

ઉલ્લાસ પાંચમો.

સુંદરીના પ્રેમ કટાક્ષથી વશ થયલો મદન, તે દીવસ શ્રીપુરમાં નગરશેઠને ઘેર રહ્યો. તેને એકાન્ત હૉલ અપાયો. ઉત્તમ પ્રકારની તેની પરોણાગત થવા લાગી. સુંદરી ગુમ થયેલી પુનઃ મળવાથી નગરશેઠને ઘેર રંગરાગ તથા ઉત્સવ થઈ રહ્યો. મદન પણ તે આનંદમાં હર્ષથી ભાગ લે આનંદી બન્યો. એકાંતનો લાગ સાધી સુંદરી મદનને આપેલા આવાસમાં તેને જઇ મળી, આ વખતે સ્વજન, કુંટુંબ, નોકર, ચાકરો વીગેરે, પોતપોતાના કામમાં તલ્લીન હતાં, તેથી મદન તથા સુંદરી તરફ કોઇનું લક્ષ નહોતું. સુંદરી મદનની સામે ઉભી રહી હાથ જોડી બોલી હો પ્રેમદાતા–પ્રેમના દેવાવાળા પ્રાણેશ ૯૩ આપ મ્હને પ્રાણથી પણ વધારે વ્હાલા છો, આપ હમને તરછોડીને જશો નહિ. કદાચ તેમ થશે તો હે! પ્રભુ હમારી શી દશા થશે? તેનો વીચાર કરજો. સ્વામીનાથ જેમ શરિરમાંથી જીવાત્મા પોતાના પ્રાણ સંકલ્પનું, સંકેલન કરી, સ્વધામ જાય ત્યારે દેહ સ્થુળની જે દશા થાય છે, તેમ સ્વામી! આપના શિવાય હું ક્રોધી કાળી નાગણ જેવી ક્રુર થઇ જઇશ, અથવા આત્મહત્યા કરી પોતાને ડંશ કરનારી સર્પિણી ([1]ચાકરણ) થઇશ, હે નાથ! હું શું

---

૧ ચાકરણ આ જાતની સાપણને બે મુખ હોય છે, એક મુખ બંધ હોય છે, ને બીજે ખુલે મુખે આહારાદિનો ઉપયોગ કરે છે. પણ એકી વખતે ઉપયોગમાં બન્ને મુખ લેવાની તેની ઇચ્છા થાય, ત્યારે તે ક્રિયાથી બંધ મુખ ખોલી, જે કાંઇ વસ્તુ તે દ્વારાએ ખાય કે તરતજ તેને તે મુખનું ઝેર ચ્હડવાથી થોડા વખતમાં મરણ પામેછે. તે જીવનું મ્હોત થનાર હોય ત્યારેજ તે આવી ઇચ્છા કરે છે.

કરૂં ? ક્યાં જાઉં ? આમ થાય છે, ને કાંઇ સુઝ પડતું નથી માટે જે રીતે આપનો વિયોગ ના થાય, અને આપની ચરણસેવામાં મ્હારાથી પણ સાથે અવાય, તેવી કોઇ કળાનો મ્હને ઉપદેશ કરો, પોતાનું બુદ્ધિબળ કામે લગાડો, અને મ્હને ગરિબડી સ્ત્રીને કૃપા કરી કોઇ પણ ઉપાયે બચાવો. આપજ મ્હારા તારણહાર ઇશ્વર છો પોતાના હૃદય સાથે સુંદરીને લગાડીને મદન બોલ્યો—હે ! ગૌરાંગી ! તેંજ મ્હારૂં ભાન હર્યું છે. જેમ ચંદ્રને ચકોરી પક્ષીનો દૃઢ પ્રેમ લાગ્યો છે, તેમ હે! પ્રેમદા ત્હારો પ્રેમ પલક માત્ર પણ ભુલાય તેમ નથી. મ્હારાં માબાપ મ્હારા વીના ઝુરાઇને મરતાં હશે, માટે મ્હારે જવુંજ જોઇયે, હું ત્યાં જઇશ, પણ મ્હારા જીવનની લગામ તો હે ! પ્રીયમુખી ત્હારાજ હાથમાં છે. આપણે લાચાર છીયે કે આપણા આર્ય સંસારમાં સ્ત્રીનો વિવાહ થવો, તે માબાપની સત્તામાં છે, પુત્રી માબાપને આધિન છે. હું એક ભટકતો પરદેશી હોવાથી ત્હારો નગરશેઠ પીતા ત્હને મ્હારી બનાવે એમ પણ લાગતું નથી. ૯પ પણ પ્રાણપ્યારી—આપણાં કુળદેવી શ્રી અંબિકા માતાજી સદા સારૂંજ કરશે. ત્હમે શોક છોડી દઇને તે જાગૃત દેવીનુંજ ધ્યાન ધરો. હવે આ ઠેકાણેથી ત્હમે ચાલ્યા જાઓ, કારણ વળી કોઇ આવી પહોંચી આપણી આ ચેષ્ટા જોશે, તો કોઇ નવી ઉપાધી આવી પડશે, માટે જાઓ. અંબા માતા ત્હારૂં તેમજ મ્હારૂં બંન્નેનું ભલુંજ કરશે. આ પ્રમાણે કહેવાથી સુંદરી ત્યાંથી ચાલી ગઇ, અને મદન તૈયાર થઇ ઘોડે બેસી શ્રીપુર નગરમાં સ્હેલ કરવા—ફરવા નિકળ્યો. તે શરિરે અત્યંત મનોહર હોવાથી, તેને જોતાંજ સર્વ કોઇને વ્હાલ ઉપજે જતું હતું. ખુદરતને આવી મુર્તિરૂપે પોતેજ પ્રગટ થયેલી માની

ખુશ થતાં હતાં. રાજ્ય માર્ગ ઉપરથી (ધોરી રસ્તે) ઘોડાને નચાવતો કુદાવતો મંદમંદ ગતીથી ઘોડાની મરજી મુજબ ચલાવતો, બજાર, નગર રચના, તથા તરેહવાર માણસોની ક્રિયાઓ, જોતો મદન પસાર થવા લાગ્યો. મધ્ય બજારે આવી પહોંચ્યો ૯૬

શ્રીપુરના રાજ્યની ગુણુકાનુ નામ કામવતિ હતું, તેણી ઘણી રૂપાળી હતી, તે ગુણીકા ગોખમાં બેઠેલી હતી, તેણીએ મદનને જતો જોયો. તેણી પોતાના મન સાથે ગણુગણી—શું આકાશમાંથી ઇંદ્ર અથવા ચંદ્રમા ઉતરી પડયા છે? આહા! મ્હારી જીંદગીમાં આવો મનોહર પુરૂષ મેં કદી જોયો નથી. એમ વિચારતી મદન ઉપરના તિવ્ર રાગથી કામાતુર થઇ. તેના ચિત્તમાં મદનનુંજ તાન લાગ્યું, અને વિલક્ષણા નામની દાસિને મદનને તેડી લાવવા મોકલી. દાસી તરત જઇ કાગળ વાચવાને બ્હાને મદનને બોલાવી લાવી. ૯૭

પોતાના પ્રેમથી પૂરાયલી તે કામવતિ વેશ્યાના ઘરમાં દાસીને પોતાનો ઘોડો સોંપી મદન તરત ગયો. મેડી ઉપર જતાં કામવતિને પોતાનું અંગ મરોડતી, કામ ચેષ્ટાઓ કરતી જોઇ. મદનને તેણીએ માન દીધું, અને તે બેઠો. મદન બોલ્યો—હે! બાઇ ત્હમે કાંઇ પણ અભ્યાસ કેમ નથી કર્યો? અને પત્ર વાંચવા માટે ત્હમારે તેથીજ પારકી ગરજે વેઠવી પડે છે. ત્હમને વાંચતા આવડતું હોત તો કોઇનો ખપ ન પડત. લાવો ત્હમારો પત્ર હું વાંચી દઉં. આ સાંભળી જેણીને ફક્ત કામ ક્રિડાનુંજ ધ્યાન લાગ્યું હતું, તે વેશ્યા કરગરતી હાથ જોડી બોલી—સાહેબ આપના આવવાથી મ્હારો જીવ સ્થીર થયો છે, આપ મ્હારા સ્વામી જેવા છો, માટે કૃપા કરી રંગ રસ રમો, કામ ક્રીડાનો અપૂર્વ લ્હાવો મ્હને આપ ચિતાડો. ૯૮

વળી તે બોલી–હે ! પ્રાણજીવન પ્રભુ ! હું આપની કિંકરી થઇને રહીશ. રડયો કામદેવ તો મ્હારૂં કાળજું કાપી નાંખે છે, માટે આપના ઉત્તમ સંભોગના યોગની મ્હારી ઇચ્છા પૂર્ણ કરી, મ્હને કૃપા કરી, ઋતુદાન આપો. આપ દાનેશ્વરી દેવ જેવા છો, તેથી મ્હારી ઇચ્છા સંપૂર્ણ કરશોજ. ક્રોધાવેશથી મદન બોલ્યો– અરે ! પાપણી શું પત્ર વાંચવાને બોટે બ્હાને મ્હને બોલાવી, રંગતાન રૂપી ભક્ષણ સર્પિણીની જેમ ઇચ્છે છે ? કાગળ વાંચવાનું ખોટું મિષ કરી, તું જારકર્મ કરવા માંગે છે ? આથી તું આખા જગતની રાખ, વેશ્યા સિદ્ધ થાય છે. ખરેખર વેશ્યા જીવતી ડાકણ જેવીજ છે. ૯૯ વળી હે ! કમજાત ઓરત–જે પુરૂષો વેશ્યાના યાર બની, અનેકથી ભોગવાતી શંખિણી જેવી સ્રીમાં મોહ પામી, કુતરાંની માફક વિષયી થાય છે, તે કમ અકલના ખાસડાંનો માર ખાય છે, એટલુંજ નહિ પણ ધન અને જોબન બન્નેની ખુવારી કરી નર્કના ખાડામાં સદાને માટે પડે છે, વિત્ત તથા વિર્ય એ બંન્નેનો દુરૂપયોગ કરવાથી નર્કનો ખાડો તેઓને માટે નિયત થાય છે. હે ! રાંડ તું મ્હારો સ્પર્શ પણ કરીશ નહી, કારણ હું તેવો "વેશ્યા વિહારી" નથી. કેટલાક મૂર્ખ શીરોમણી વારાંગનાના ગાનતાનમાં, ખચ્ચર જેમ જંગલમાં અડી જાય–અટકી પડે, તેમ કામી બની ત્હેને ઘેરજ અડી રહે છે. પડી રહે છે. આખરે તે વખતે મરણને શરણ પણ થાયછે. એમ કહી મદન ત્યાંથી ઉઠી જવા લાગ્યો. તેવામાં તે શ્રીપુરનો રાજા દેવરાજ ત્યાં આવી પ્હોંચ્યો. ગુણકાએ કામ ક્રોધથી બળી, ઢોંગ કરી દગાનો દાવ સાધવા માંડયો. ૧૦૦ દેવરાજ દાદરે ચઢવા લાગ્યો, કે નિચે રહેલી દાસીએ રાજા આવ્યાં

ની સાંકેતિક સમસ્યાથી કામવતીને ચેતાવી દીધી, દાસીનું વચન સાંભળી તે ચેતી ગઇ, મોટા સાદથી રાજાને માન આપવાના દાસીના કામે કામવતિને ચેતાવી. મદન ઉપર વૈર લેવાના વિચારથી તે ભુંડી રાંડ વેશ્યા મદનને સતીની જેમ દાબ આપતી બોલી—અરે ! મુરખના સરદાર અહિં આવનારને મ્હોતની સજા થાય છે. બીજી વેશ્યાઓની માફક આ કાંઈ જગતની ખાળકુંડી નથી, કે તેમાં ગમે તે ડુબકું ખાઇ શકે. આ મ્હેલ મહારાજાધિરાજની વ્હાલી દાસીનો છે, તું પૂછયા ગાછયા વિના અહીં ઘુસ્યો છે. માટે થપ્પડોથી માથું ભાંગી જશે, ભોંય સરસું તે માથું દાબી દેવાશે. વેશ્યા રાજાને આવ્યો જાણુતીજ ના હોય તેમ, ઉપર મુજબ બોલી–તે સાંભળી મદન અજાયબ થયો અને પોતાના હોઠને પીસીને વિચારવા લાગ્યો કે આ કુલટા અને આખા જગતની ગુલામડી વેશ્યા શું બોલે છે ! ૧૦૧ મદન વિચાર કરે છે—તેટલામાં વેશ્યાના છેલ્લા શબ્દો સાંભળી, આંખોમાંથી ક્રોધાગ્નિના બળતા અંગારા વરસાવતો, દેવરાજ ચાર સીપાઇ સાથે ઝપાટા બંધ દાદર ઉપર ચઢયો, ચાર સુભટ સાથે સામટો હુમલો કરી, તે ધસી જતો બોલ્યો—હે ! પ્યારી ભય પામીશ નહી, હમણાંજ દુશ્મન મરણને આધિન થશે. દેવરાજ જેવો દાદર ઉપર ધસી આવ્યો, તેટલા વખતમાં મદન આવેલી આપત્તિથી તરત ચેત્યો, પોતાનાં હથીઆર સજ્જ કરતો, મજબુત થઇ, પોતાના અંગનું પણ રક્ષણ કરીને, જેવો રાજા ધસીને સામો આવ્યો, તેવોજ એક સખ્ત તમાચો તેને મદને લગાવી દીધો. અને બોલ્યો—રે ! કુતરા ! ગધેડા ! તેં શું દારૂ પીને ભાન ગુમાવ્યું છે ? દારૂડીયા અને ભાન વિનાના પુરૂષોજ વેશ્યાને ઘેર જાય છે. ૧૦૨

મદનના આ કામથી રાજાના રક્ષણાર્થે ચારે સીપાઇઓએ તરવાર નગ્ન કરી, તે ચારે તરવારોને લીલાથી રમાડતો મદન લડયો, અને તે યુદ્ધમાં એક સુભટનું માથું મદને ઉડાવી દીધું—કાપી નાંખ્યું. આ જોઇ દેવરાજે ઇસારત કરવાથી ચારે ચંડાળો મદનને વળગી પડયા, ન્યાયની લડતનો ધ્વંશ કરી, અન્યાયથી ચારે રાક્ષસોએ સામટા વળગીને મદનની તલવાર ઝુંટવી પડાવી લીધી. અને મદનને મજબુત બંધથી બાંધી માર મારવા લાગ્યા. મદન બંધાયલો છતાં તેની લાતોથી અત્રાર નવાર ચારે રાક્ષસો ભોંય ભેગા થતા હતા. આખરે મહા મુસ્કેલીથી તે દુષ્ટોએ મદનના હાથો તથા પગોમાં મજબુત બેડીયો જડી દીધી. ૧૦૩ હવે રાજાના હુકમથી મદનને બંધીખાનામાં રાજમાર્ગથી સીપાઇયો લઈ જવા લાગ્યા. સુંદરીની એક સખીએ તેને કેદી બનેલો જતો જોયો. તેણીએ નગરશેઠને આ બીના કહી, જે પુરો ચતુર હતો. ત્યાર બાદ જયચંદ્રે રાજમ્હેલના ધોરી રસ્તાપર જઇ, મદનને લઇ જનાર સિપાઇયો દ્વારા તેણે શો ગુન્હો કર્યો છે ? તે જાણી લીધું. સીપાઇયોએ શેઠને ખુન કર્યું છે, એટલુંજ માત્ર જણાવ્યું, તેથી પોતાની પુત્રીને ઉગારનાર આવી દશાને પામ્યો, માટે શેઠ ઘણુંજ દીલગીર થઇ ઘેર આવ્યા. અને સર્વ સમક્ષ તેણે ખુનનો આરોપ મદન ઉપર આવેલો જણાવ્યો. આ સાંભળતાંની સાથેજ ત્યાં ઉભેલી સુંદરીએ એક કારમી હાયની ચીચીઆરી પાડી. બેભાન થઇ. તેણી ધરણી ઉપર ઢળી પડી. ૧૦૪ આમ અચાનક પરદેશીને ખુની જાણતાંની સાથેજ સુંદરી બેભાન થઇ, ભુમી ઉપર પટકાઇ પડી, તેથી ઘરનાં સર્વ ભયથી આકુળ વ્યાકુળ થઇ, સુંદરીને જળ તથા પવનના

શીતળ ઉપચારો કરવા લાગ્યા. સુંદરીની માતા નિર્મળાદેવી ચિંતવવા લાગી કે પુત્રીની બાળચેષ્ટા ગઇ, અને આ મુર્છાના નિમત્તથી તેણીમાં પ્રેમનું વિસ્તારણ થયું છે; એમ ધારી નિર્મળા જયચંદ્રને કહેવા લાગી. સ્વામી દીકરી પરદેશી મદનના પ્રેમમાં પડી લાગે છે, તેથીજ તેનું અમંગળ સાંભળતાં મુર્છીત થઇ પડી દેખાય છે. એટલામાં શીતોપચારથી કાંઇક સાવધ થઇને તે કુમારીકા બેઠી થઇ, ગાંડી ઓની જેમ બકવા લાગી. ૧૦૫–વ્હાલા માતા પીતા—હું આજે ત્હમારી શરમ છોડીને કહું છું કે–મદનરાજજ મ્હારા હૈયાના હાર સમાન શૃંગાર છે, તે મ્હારો જીવ બચાવીને મ્હારા ઇશ્વર થયા છે. ત્હમારી સૌની માઝા–પડદો આજે હું છોડીશ. એના શિવાય જગતના સર્વ પુરૂષો મ્હારે ભાઇ બાપ સમાન છે. ત્હમારી વડીલો ની પાસે એ મદનરાજને પરણવાની યાચના હું નિઃશંકપણે કરૂંછું; અને હે ! પિતાજી ત્હમે જલદીથી જઇ એમને છોડાવો; નહીતો એના વિના ત્હમારી વ્હાલી બેટી મરણ પામેલી જાણજો. ૧૦૬ આ સાંભળી જયચંદ્રશેઠ સુંદરીને કહેવા લાગ્યા—દીકરી ત્હારૂં આ કામ ન્યાયથી વિરૂદ્ધ છે, કેમકે આપણાં આર્ય સંસારમાં દીકરી હમ્મેશાં બાપને વશ છે, ગાય જેમ ગોત્રાળીયો દોરે તેમજ જાય, તેમ દીકરીને માબાપ પરણાવે; તેની સાથેજ ડાહી દીકરીએ વરવું જોઇએ. વિવાહની વાતમાં બાળા શું સમજે ! માટે તે માબાપને હસ્તગત છે. શાસ્ત્રોમાં પણ પુત્રી પરતંત્ર જણાય છે. વળી પરદેશીની પ્રીતી કારમી છે. માટે તેવી દુઃખદાયક પ્રીતી તું શા માટે કરે છે ? તું ભણેલી અને ડાહી છે, છતાં ત્હારી આવી ગાંડી વાત સાંભળી મ્હારી છાતી દીલગીરીથી ઉભરાઇ જાયછે. ૧૦૭ આ સાંભળી સુંદરી બોલી–બાપુ !

આપના પવિત્ર હૃદયમાં આવું રાક્ષસી પાપ કયાંથી ભરાયું ? શાસ્ત્રોમાં તો એમજ જણાય છે કે-પિતા સ્વયંવરની રચના કરી, અનેક ગુણજ્ઞ પુરૂષો એકઠાં કરે, અને પુત્રીની મરજીમાં આવે તે ઇષ્ટ વરને પરણે, વળી મદનજી શીવાય આ શરિર ઉપર કોઇની માલિકી પણ નથી, કારણ જે જેનું રક્ષણ કરે તેજ તેનો માલિક બને, એ સ્પષ્ટ છે. શેઠે કહ્યું-બેટા સ્વયંવર નિતિ ક્ષત્રી માટે હોય, આપણે તો ગરિબ વાણીયા છીયે, મદન પણ શુશીલ, ગુણજ્ઞ છે, વળી આ પણી જ્ઞાતિનો ત્હારા યોગ્ય વરછે. એ નિઃશંક છે; પણ તે બિચારો બાળ પરદેશી મોટી આપત્તિમાં પડયો છે, તેણે ખુન કર્યું છે, માટે તેને દેહાંત દંડની શીક્ષા થશે એમ લાગેછે. માટે એ વીચાર છોડી દે, ત્હને થોડાજ વખતમાં કોઇ સુંદર વણિક વર સાથે પરણાવી હું સફળ થઇશ ૧૦૮ મદનને દેહાંત દંડની શીક્ષાની વાત સાંભળતાં સુંદરી ફરીથી-" હાય ! પ્રાણેશ ! " એમ બોલતી મુર્છીત થઇ અવનિ ઉપર પછડાઇ પડી, તે ગરિબ બાળાને પ્રેમનો સબળ ઘા હૃદયમાં લાગ્યો, તેણી બે ભાન થઇ ભોંયપર મરણ તોલ થઇ પડી. આથી નિર્મળા જયચંદ્રને નમ્ર બની વીનવવા લાગી. હે ! પતિ ! હવે તો વિચાર કરીને મદનનુ રક્ષણ કરો, કારણ તેના વિના પુત્રી મરણ પામવી છે. આ જોઇ જયચદ્ર શેઠને બેવડી ફીકર થવા લાગી, પ્હેલી ફીકર મદન વિના પોતાની પુત્રી જીવનાર નથી, એ થઇ. અને બીજી ફીકર એ લાગી કે ખુનના આરોપી મદનને રાજા રાજહઠથી જરૂર ફાંસી અથવા શુળીની શીક્ષા કરશે. મ્હારા કહેવાથી તે ગુન્હાની મદનને માફી કેમ આપશે ? અને જો રાજા ગુન્હો માફ નહિ કરે, અને મદનનું મરણ થશે, તો નક્કી તેના

નિષ્કલંકિત પ્રેમપાસમાં સપડાયલી, મ્હારી પુત્રી પણ મરણજ પામશે. આ બે ચિંતાથી શેઠ ગાભરો બની ગયો. તેને કાંઇપણ બુદ્ધિ સુઝી નહી. (સંધિકર ગાથા)

પાંચમો ઉલ્લાસ સમાપ્ત.

કાવ્યમાલા નં. ૧ ની ટીકા સમાપ્ત.

શ્રી મદનસુંદરી નવલકથા (સંગીત)ની કાવ્ય માલા નં. ૨ની ટીકા.

ઉલ્લાસ છઠ્ઠો.

એવા અવસરમાં, મદનને હાથ પગે બેડીઓ નાંખેલી હાલતમાં, રાજમાર્ગેથી સુભટો લઇ ગયા. રાજ્યમ્હેલ સ્હામેના કેદખાનામાં લઇ જતી વખતે, મદનના કોમળ શરીરને તે દુષ્ટો ઘણું દુઃખ દેતા હતા. નિર્દય મનુષ્યો સર્વ પ્રકારે પાપીજ હોય છે. બીજી તરફ નગરશેઠને ઘરે, બેભાન થયેલી સુંદરીને સાવધ કરી શેઠ બોલ્યો—બેટા! તું મ્હારી એકની એકજ દીકરી છે. જ્યારે ત્હને એ બાળ પરદેશી મદનરાજ ઉપરજ તિવ્ર અનુરાગ છે તો, હું ત્હેને છોડાવવાની સઘળી બની સકતી તજવીજ કરૂં છું. ત્હને તેના સાથે ત્હારી મરજી મુજબ પરણાવી, તેને મ્હારી સર્વ દોલત તથા પુત્રી જે તું, તે આપીને ઘર જમાઇ કરીને, અહિંજ રાખીશું. માટે તું શોક છોડી દે. ૧. હવે મદનને કારાગૃહને વિષે અત્યંત માર મારતા સુભટો લઇ ગયા. રાજકુમારી "ગુણમંજરી" નામે દેવ રાજાને શોળ વર્ષની ઉમ્મરે પ્હોંચેલી એક કુંવારી પુત્રી હતી. આ વખતે ગુણમંજરી જેણી અતીશય રૂપાળી, ઉત્તમ ગુણોવાળી, મનોહર લલના હતી, તેણી રાજમહાલના ઝરૂખામાં સખીઓ સાથે બેઠી બેઠી, ફુલની

માળાઓ ગુંથતી હતી, તેણીએ મદને માર ખાતો જોયો. સકુમાર અને દેવતાઇ રૂપવાળો મદન ગુણમંજરીને ગમી ગયો. તેણીએ તેને દુઃખ પામતો જોઇ, સખીઓ સાથે કારાગૃહે જઇ, સિપાઇઓને તેમ નહિ કરવા ધમકાવ્યા. કુમારિના દાબથી તે રાક્ષસો દબાયા. મદનને મારવો છોડી દીધો. ૨. ગુણમંજરિના હૃદય પટ ઉપર મદનની સુંદર છબી આલેખાઇ. અથવા મદને આકૃતિદ્વારા ગુણમંજરીના હૃદયમાં નિવાસ કર્યો. તેણી મદનને પુછવા લાગી—અરે ! પરદેશી તું કોણ છે ? અને તેં શો ગુન્હો કર્યો છે ? તે સાચુંજ કહેજે. મદન સ્હેજ હસીને બોલ્યો—અરે ! દયાળુ બાઇ—આ અંધેરી નગરિ છે, અને અહીં ગંડુ રાજા જેવો મુઢ ભુપાળ રાજ્ય કરે છે, જ્યાં ધર્મીને ઘેર સદાકાળ ધાડ પડે છે, જ્યારે કસાઇઓ આનંદથી વાસ કરી રહ્યા છે. અહિં "ટકેસેર ભાજી અને ટકેસેર ખાજાં"વાળો ન્યાય, ન્યાયાન્યાયના વિચાર વગરનો ઇન્સાફ જોવામાં આવે છે. ૩ આ સાંભળી જરા ક્રોધ યુકત ગુણ મંજરી બોલી—મ્હારા પિતા ન્યાયી છે, અને આ રાજ્યમાં નિતિએ સદાને માટે વાસ કર્યો છે. માટે ભલા માણસ ખોટા આલાપ જવા દઇ જે બીના બની હોય તે કહે. મદને પોતાપર વિતેલી વેશ્યાના ઘરની સર્વ બીના કહી, રાજકુમારિ પોતાના બાપની આ અનિતી જોઇ મનમાં જરા કચવાઇ, એટલામાં દેવ રાજા ત્યાં આવી લાગ્યો. રાજકુમારીને ત્યાં જોઇ રાજાની આંખોમાં ક્રોધ વર્ષી રહ્યો. રાજકુમારી પોતાના બાપની કારમી આંખો જોઇ પાછી ગઇ, અને તરતજ, જેણીના અંતઃકરણમાં પ્રેમનો જબરો ઝટકો લાગ્યો છે, એવી તે સુંદર રાજકુમારી

ત્યાંથી રાજ્યમ્હેલમાં ચાલી ગઇ. ૪. સુંદરતાની ટોચે પહોંચેલા યુવાન મદનરાજને કેદ કરી, સિપાઇઓ, ચૌટામાંથી, મ્હોટા બજારમાંથી તેને, લઇ ગયા તે જોઇ, સઘળી પ્રજામાં મ્હોટો હાહાકાર ! વર્તાઇ ગયો. સૌ કોઇ કહેવા લાગ્યા કે "આ નગરમાં આજે પ્હેલો વ્હેલો આ અન્યાય થાય છે." નિર્દોષ ચંદ્રનું જેમ દુષ્ટ રાહુ ગ્રહણ કરે છે, તેમ સિપાઇથી વિંટાયલો મદન દેખાતો, અથવા રાહુરૂપ રાજ સેવકોથી ગ્રસાયલો, છતાં પોતાની નિર્દોષતા જાહેર જણાવતો, મદન કેદી બની બજાર-માંથી જતો દેખાતો હતો. પ્રજાના કેટલાક માણસો બોલવા લાગ્યા "ન્યાયના રાજ્યમાં બાળકોનો, તથા પરદેશીયોનો, ખરેખરો બેલી ફક્ત ન્યાયી રાજા એકજછે." જેમણે મદનને કામવતિના ધામમાં જતો જોયેલો તેઓ કેહેવા લાગ્યા—"આ કેદીના મુખ ઉપરથીજ તે નિર્દોષત સાબીત થાય છે, અને ખરેખરી ગુન્હેગાર તો પેલી રાંડ કામવતિ વેશ્યાજ છે." ૫. શ્રીપુરની બળવાન પ્રજાથી આ અન્યાય સાંખી શકાયો નહીં, તેથી લોકોનું મોટું ટોળું એકઠું થઇ, નગરશેઠને ઘેર ગયું, અને જબરો પોકાર કરી તેઓ કહેવા લાગ્યા— "અરે શેઠ! પ્રજાને ન્યાય આપો અને અપાવો." એ પ્રમાણે એક સામટી ફરીયાદના હોંહાટથી, તથા મનુષ્યોનો મ્હોટો સમુહ એકત્ર થઇ, પોતાને ઘેર આવેલો, તેથી હુલ્લડ થવાની દહેસતથી, નગરશેઠ જયચંદ્ર ઘણો બ્હીવા લાગ્યો. તે પોતાના ઘરના ગોખમાં આવી, સર્વને સલામ કરતો બોલ્યો—" ભાઇઓ ! શું થયુંછે ? ત્હમે સર્વ આટલા બધા દુઃખી કેમ બન્યા છો ? ત્હમારા ઉપર જે અન્યાય થયો હોય તે કહો, કારણ ન્યાય અપાવવાને માટેજ મેં

જન્મ લીધો છે." આ સાંભળી કેટલાક તિવ્ર પ્રજાજન હાય મારીને બોલ્યા કે—કોઇ કામદેવ જેવા રૂપાળા પરદેશી બાળકને રાજ્ય તરફથી કેદી બનાવી જેલમાં પુરી દીધો છે. તેનો શો ગુન્હો છે? તે હમારે જાણવું છે. ૬. નગરશેઠ ગોખમાંથીજ બોલ્યા—"ભાઇઓ ત્હમે શાંત થઇને સાંભળો—આપણા રાજા ન્યાયી છે, એજ મ્હારો સિદ્ધાંત છે, તેમજ જે કેદી વિષે ત્હમે કહો છો, તે પણ મ્હારો અતિથી, તથા પુત્ર જેવો છે, છતાં તે ગુન્હેગાર હોવો જોઇએ, એ મ્હારો ચોક્કસ વ્હેમ છે." તેમ છતાં ત્હમે સહુ ન્યાયને માટે મારે આંગણે આવીને દાદ માંગો છો, તો આવતી કાલે કેદીનો દોષ જાહેર કરવામાં આવશે. હવે ત્હમે શર્વ વિખરાઇ જઇ પોત પોતાને કામે લાગો. ૭. આ પ્રમાણે કહેવાથી સૌ વિખરાઇ ગર્યા. હવે દેવરાજ જેલમાં સીપાઇઓને, દુષ્ટ અને પાપી કેદીનું મજબુતાઇથી અને સાવધતાથી રક્ષણ કરવાની સખ્ત ધમકી આપી, રાજ્ય મહેલના મુખ્ય દીવાનખાનામાં ગયો. આસન ઉપર ક્રોધયુક્ત બેસી, પોતાની પુત્રીને, જેલમાં ગઇ તે માટે શીક્ષા આપવા, તેણીને બોલાવવા છડીદારને હુકમ કર્યો. તરતજ તે હુકમનો અમલ થયો. બાપના તાપથી થર થર કાંપતી રાજકુમારી આવી, અથવા પોતાના બાપે કરેલા પાપનો શીક્ષારૂપ શ્રાપ લેવા, ગુણમંજરી થરથર કાંપતી આવી. ૮. રાજપુત્રીએ પોતાના ક્રોધી બાપને નમન કર્યું. તિરસ્કાર ભરી એક દષ્ટિ કુંવરી ઉપર નાંખી રાજા બોલ્યો—"કુમારી ત્હમારે કારાગૃહે શા માટે જવું પડયું? જો સાચી વાત કહેશે તોજ ગુન્હાની શીક્ષામાં કાંઇક દયા રાખવામાં આવશે, જ્યારે જુઠું બોલી—તો આ-પળેજ ધડ ઉપરથી ત્હારૂં માથું કપાઇ જુદું થશે;

અને શિરચ્છેદથી અહીંજ ત્હારૂં મરણ નિપજશે. આ સાંભળી ક્ષત્રીની પુત્રી સુણુમંજરી ધૈર્ય ધારણ કરી, ગુસ્સાથી લાલ બની બોલી–"પિતાજી શ્રીપુરનો અવનતિનો સમય દેખાય છે, મ્હને તો મ્હારાં મરણુની જરા પણ ચિંતા નથી, પણ આપ મોહ પાસમાં સપડાયા છો, તેથી આ રાજ્યમાં આજે ન્યાયનું ખૂન થાય છે, એ જાણી મ્હને અત્યંત ગમગિની ઉપજે છે." ૯. વળી હે ! બાપુ–ગધેડા સાથે બાંધેલું ઘોડું પણ કુસંગના પાસથી હણુહણુાટની તેજી ભુલી જઇ ભુંકવા શીખશે, શિયાળોમાં ઉછરેલું સિંહનું બચ્ચું ગરિબના કુસંગથી બોકડા જેવું બને છે, નિઃસત્વ બને છે, તેમ આપ કુલટા વેશ્યાની સોબતમાં પોતાનુ નૃપત્વ ભુલી, અન્યાયી બની, રાજા થઇ પોતાનાજ હાથે ન્યાયનુ ખુન કરોછો. આપને હું ઉપદેશ દેવા યોગ્ય નથી, તેમ કુંસગના રંગથી આપને મ્હારી સાચી સલાહ ખોટીજ લાગશે. હમેશાં ભાવિ બનનાર કદી પણ મિથ્યા થનાર નથી, હવે હું કારાગૃહે કેમ ગઇ ? તે આપની આજ્ઞાનુસાર સત્ય જણાવું, ફાવે તો સાચું માનજો, અથવા મ્હારો શિરચ્છેદ ખુશીથી કરજો. જો હું જેલમાં ના ગઇ હોત તો તે બિચારા ગરિબ છોકરાનો ત્હમારા દુષ્ટ રાક્ષસ સીપાઇઓએ કાળજ કર્યો હોત–મારીજ નાંખ્યો હોત. કોમળ કદળી વૃક્ષ જેવા બાળક ઉપર સિપાઇઓના કુહારના ઘાવ જેવા સખ્ત મારને હું કેમ સાંખુ ? કદીજ નહી. માટે મેં ત્યાં જઇ તે ગરિબ પરદેશી બાળકને માર ખાતો બચાવ્યો. એ શિવાય મ્હને જેલમાં જવાને કાંઇ કારણ ન્હોતું. ૧૦ વળી તે બાળા લાલ આંખો ચમકાવતી બોલી—આટલા ન્હાના

બાળકનો શું ગુન્હો છે? તથા એને કેદ શા માટે કર્યો છે? એક કમજાત અને કુલટા વેશ્યાની વાત માનીને આપને આમ કરવું છાજતું ન્હોતું. તેમ છતાં આપ માલીક છો, ફાવે તેમ કરવા મુખત્યાર છો, પણ સીપાઇઓને તેને ઘાતકી રીતે માર મારવાનો શું અધિકાર હતો? જો હું ના ગઇ હોત તો ફુલ જેવા તે પરદેશી બાલકના જીવની હાણુ થઇ જાત, એવો રાક્ષસી માર સીપાઇઓ તેને મારતા હતા. આ સાંભળી પોતાની પુત્રિની પાસે વેશ્યા સંબંધી પોતાનું પોગળ ખુલી ગયલું જોઇ, દેવરાજ ઝંખવાણો પડી ગયો. એક છોકરીની પાસે પોતાની ઇજ્જત "ધુળધાણી" થઇ ગયલી ત્હેને દેખાઇ. તે પોતાનું પોગળ છુપાવતો બોલ્યો—આ સર્વ વાત ખોટી છે. હવે ત્હારે જવું હોય તો રજા છે. એ મ્હારો પોતાનો ગુન્હેગાર છે. એને ઘાચીના ઘાણીમાં પીલાવું તોજ હું ખરો ૧૧ રજા મળવાથી રાજપુત્રી નિરાશ થઇ પોતાના આવાસમાં ગઇ. એટલામાં નગરશેઠ જયચંદ્ર રાજ્યમંદિરના દ્વાર આગળ આવ્યો. દ્વારપાળની પાસે પોતાને અંદર જવાનો રાજાનો પરવાનો મેળવી, અંદર જઇ રાજાની સ્હામે હાથ જોડી ઘુંટણીયે બેસી, તે વણિકશેઠ પ્રજામાં ઉઠેલા કોલાહલની સર્વ વાત કહેવા લાગ્યો. તે બોલ્યો—"મહારાજા ધિરાજ! બાળકે શો ગુન્હો કર્યો છે? તે જાણવાને આખા નગરમાં જબરો કોલાહલ મચ્યો છે, પ્રજાનું મ્હોટું ટોળું હુલ્લડખોરોની માફક મ્હારા મકાન ઉપર ધસી આવ્યું હતું. તેઓને "આવતી કાલનો બાળકનો ગુન્હો જાહેર કરવાનો વાયદો આપી, મેં સર્વને શાંત કર્યા છે, માટે હે! દેવ કાંઇ માર્ગ બતાવો, જેથી પ્રજામાં સુલેહ શાંતિ જળવાયલી કાયમ રહે. ૧૨ 'રાજા

બોલ્યો—રાજ્યની લગામ રાજાને હાથ હોય છે. ત્હેની પ્રજાને શું ફીકર? વળી હું જણાવું છું, કે જે કોઇ મદનનો પક્ષ કરશે ત્હેને હું દેહાંત શીક્ષા દઇશ. એ પરદેશી બાળકે મ્હોટી ચોરી કરી છે. નગર શેઠ બોલ્યો—મહારાજ! આપ ગુસ્સાથી તપી ના જશો, મદનને મ્હારા પુત્ર જેવો માનીને, તેનો જે ગુન્હો હોય તેની મ્હારા ખાતર ક્ષમા કરવા દયા લાવો. એ બાળકને આપ નાદાન ગણીને માફી આપો, ત્હેના વડિલ તરિકે ત્હેની વતી હું આપની પાસે ક્ષમા ચાહું છું. ૧૩ રાજા બોલ્યો ત્હમારૂં ટાઢલું મ્હારે કાંઇ સાંભળવું નથી, તેમ તેનો વાંક કદી પણ માફ થશે નહીં. આવતી કાલે મદનને સુળીએ ચ્હાડવામાં આવશે. જે કોઇ ત્હેની વ્હાર કરશે, તે પણ નક્કી મરણને શરણ થશે. આ સાંભળી દીન બની શેઠ બોલ્યો—સાહેબ! વિનાશકાળ આવેલો દેખાય છે. મ્હારૂં મરણ પણ નજીક જણાય છે. પ્રજામાં આ અન્યાયથી ત્રાસ પડશે. અને ઘણાં શહેરીઓ શ્રીપુરમાંથી પોતાના ઉચાળા સાથે નીકળી જઇ, કોઇ બીજા ન્યાયી રાજ્યમાં જઇ વસશે, એટલે શ્રીપુર નગર સુન્ય—ખાલી જેવું લાગશે. ૧૪ રાજા ઉસ્કેરાઇ એક તિક્ષ્ણ દૃષ્ટીપાત શેઠ ઉપર ફેંકી કહેવા લાગ્યો—શેઠ જે થવાનું હોય તે ભલે થાય, પણ ક્ષત્રી પોતાનો ટેક કદી પણ છોડશે નહી. મ્હને એમ લાગે છે કે, આ સઘળી ઉસ્કેરણી પ્રજામાં ફેલાવનાર ત્હમેજ છો; કારણ કેહિ ત્હમારો સંબંધિ લાગે છે. આ રાજ્યદ્રોહના ભયંકર ગુન્હાની સખ્તમાં સખ્ત શીક્ષા, નગરશેઠ હોવા છતાં ત્હમને કરવામાં આવશે. એ નક્કી સમજજો. કાલાવાલા કરતો શેઠ બોલ્યો—સાહેબ-સેવક શુળીયે ચ્હડવા તૈયાર છે, પણ આપ મ્હારી એક

વિનતી માનો, તે એકે મ્હારા જમાઇ મદનને ન્હાનો બાળક ગણી છોડી દઇ, મ્હને ત્હેના ગુન્હાની શીક્ષાના બદલામાં ગમે તેવા પ્રકારના દેહાંત દંડની સજા ફરમાવો. ૧૫ ક્રોધિત થઇ રાજા બોલ્યો— મ્હારે કાંઇ પણ સાંભળવું નથી, શેઠ હવે ત્હમે ત્હમારા કામે લાગો. જાઓ, હું જોઉછું કે બિચારા વાણીયાભાઇ શું કરી શકે છે ? ન્યાયને ડાઘો દેવાનું બળ વાણીયામાં કેટલું છે? તે દેખીશું. વળી શેઠજી ત્હમારાથી રાજ્યનું જે અનિષ્ટ બની શકતું હોય તે સઘળું પુર્ણ કરજો, કંઇ બાકી રાખશો નહી. ક્ષત્રીયો કદી પણ ગરીબડાં વાણીયાઓથી હાલમાં ડરતાં નથી, વળી ફરીથી એક વાર ત્હમને કહું છું કે— મદનને—ત્હમારા જમાઇને-આવતી કાલે શુળીયે ચ્હડાવવામાં આવશે, તેમજ ત્હેનો ગુન્હો પણ જાહેર કરવામાં આવનાર નથી. ત્હમારાથી તથા રાંકડી પ્રજાથી જે કાંઇ બની શકતું હોય તે સર્વ અજમાવજો. ત્હેનો પક્ષ કરનારને પણ હણવામાં આવશે, એ વાત ભુલવી નહી. હવે ત્હમને રજા છે. આ સાંભળી નિરાશ બનીને નગરશેઠ દેવદાજને નમન કરી, પોતાને ઘરે ગયો. ૧૬ રાજા ઘણો અકળાઇ ગયો હતો, નગરશેઠને ચોક્કસ રાજ્ય-દ્રોહી માનતો રાજા નિંદ્રા લેવા, સયન ભુવનમાં ગયો, કે તરત પટ્ટરાણી ગુણાવલી સાધ્વી ત્યાં આવીને, રાજાની ઉત્તમ પ્રકારની સેવા કરવા લાગી. ગુણમંજરિ રાજા પાસેથી પોતાના આવાસમાં જઇ, તે મુગ્ધ બાલિકા એકાન્તમાં પુષ્કળ રડી. તેણીયે પોતાના મનથી નિશ્ચય કર્યો કે—" મદન કેહિજ મ્હારો આ ભવનો ભાગીદાર ભરથાર છે. એ શિવાય અન્ય નર મ્હારે ત્યાજ્ય છે. ગમે તેમ કરી સ્વામીનાથને છોડાવી સાથે લઇ અહિંથી અગાઆરા

અણુવા-પોબાર થઇ જવું. ૧૭ એટલામાં એક દાસી આવી બોલી-બ્હેન મદનરાજને કાલે શુળી ઉપર ચ્હડાવવામાં આવશે. આ સાંભળી ગુણમંજરીએ તેણીને કહ્યું-સખી-કંઇ પણ રીતે, કળા કૌશલ્ય વાપરી મ્હારો પ્રાણનાથ મદન છોડાવવો જોઇયે. જો તેમ નહિ થાય તો કાલે હું પણ તેના મૃતદેહ સાથે ચિતારૂઢ થઇ બળી મરીશ. પણ આપણે જો શોળે સખીયો એકત્ર થઇ આ મ્હેલમાંથી એક સુરંગ બંધીખાના સુધી; આજની રાતમાં ખોદી શકીયે, તો તે બચે, અને તોજ હે સખીયો ! મ્હારો જીવ પણ બચવાની આશા રાખજો. ક્ષત્રી બાળા પોતે મનથી પણ વરેલા સ્વામીના મરણ પશ્ચાત ભાગ્યેજ જીવી શકે. માટે હે ! મ્હારી સોળે સખી રૂપ સગી બ્હેનો ! ત્હમે જલ્દી તૈયાર થઇ, મ્હારા આ ગુપ્ત કામમાં મ્હને સાહ્ય કરજો. તે મ્હારા પ્રિયતમનું રક્ષણ-કરો. ૧૮ કુમારીકાના મ્હેલમાં એક ભોંયરૂં હતું. ત્યાંથી તે સુરંગ ખોદવી શીરૂ કરી, કે જેથી બ્હાર કોઇ પણ વ્યક્તિને વ્હેમ ના આવે. શોળે સખીયો સાથે કોમળ અંગવાળી ગુણમંજરી ખંત લઇ સખ્ત મહેનતથી, અને સિઘ્ર-તાથી તે કામ કરવા લાગી. સુરંગ ખોદતાં નીકળતી માટીની ટોપલીયો ગુણમંજરિ સખીયોએ વાર્યા છતાં વહન કરવા લાગી. આ પ્રમાણે એક તરફ ગુણમંજરિ મદનને છોડવવા માટે જીવતોડ મ્હેનત સોળે સાહેલીઓ સાથે કરી રહી છે, જયારે બીજી તરફ રાજાની પાસેથી નિરાશ થઇ નગરશેઠ ઘેર જઇને, સુંદરિને કહ્યું-બેટા ! મદન ઉગરવાની આશા વ્યર્થ ગઇ છે. અને ક્રોધી રાજા મદનને આવતી કાલે શુળી દેશે. બ્હેન મ્હારાથી બનતું સર્વ કર્યું; પણ તેમાં નિષ્ફળજ નિવડયો, મ્હને ઘણુ દુઃખ થાય છે. પણ હું શું કરૂં ?

મ્હને કાંઇ સુઝતું નથી. ૧૯. નિરાશાથી સુંદરિ બોલી—બાપુજી ! જો એમજ છે તો રાતમાં જઇ સુભટને પુછી રજા મેળવી, મ્હને ત્હેમનો એક છેલ્લો મેળાપ કરાવો, મ્હારા જીવનની દોરી ટુટી ગયેલી જણાય છે. હું પણ તેની સાથે મરિશજ. આ સાભળતાં, સર્વ કુટુંબની સાથે કળકળાટ કરતો શેઠ બોલ્યો બ્હેન, કાલે પ્રભાતે રાજાની આજ્ઞા લઇ તેનો મેળાપ હું ત્હને જરૂર કરાવીશ. આજની રાત્રિમાં ધૈર્ય ધરી ધર્મ ધ્યાન કર. આ કામ ભારે હોવાથી સુભટોથી મેળાપ કરાવવાનું બની શકશે નહીં. ૨૦. નગરશેઠને ઘેર ધર્મધ્યાનમાં સર્વ માણસોએ આખી રાત્રીનું જાગરણ કર્યું. તેજ રાત્રીમાં ગુણમંજરી પોતાની સખિઓ સાથે સુરંગ ખોદવાના અંતિમ પ્રેમકાર્યમાં ખંતથી મચી રહી છે. બંધીખાનામાં મદનની શી દશા થઇ? ત્યાં જેલમાં શું બીના બની તે સાંભળો—અર્ધરાત્રિ જવાથી નગરમાં શાંતી છવાઇ હતી. તે શાંતીનો વચ્ચે વચ્ચે ભંગ કરનાર ફક્ત ચોકીદારોના હુંકારાજ હતા. કાયર મનુષ્યો તે ચેકિયાતોના હુંકારાથી ડરતા હતા. આ વખતે જેલની અંદર કેદિ તરિકે રહેલા મદનની ધીરજનો લોપ થયો. ત્હેનું સર્વ ધૈર્ય જતું રહ્યું. હિમ્મત હારી તે ભક્તિ ભાવથી પોતાની કુળદેવી શ્રી અંબીકા દેવીનું સ્તવન ભણવા લાગ્યો—તે માતાની સ્તુતી કરવા લાગ્યો. ૨૧. એકાગ્ર ચિત્ત કરીને, તે બે હાથ જોડીને, બોલવા લાગ્યો—હે ! અંબામાતા હમારી વિધાતા તો આજકાલ દુર થઇ દીસે છે, અને તું પણ તેવી બનેલી દેખાય છે. હે! આરાસુરી અંબા, ત્હમારા આશાપુરી નામને ધન્યવાદ ઘટે છે? મ્હારા દુઃખના વખતમાં તું માતા બની દુર ન્હાસે છે, એ ઠીક નથી. મેં નક્કિ કરીને અત્યારે ત્હને માથું પટકી ભોગ આપવો ધાર્યો છે. મ્હને

મરણુની જરા પણુ ચિંતા નથી પણુ ત્હારી ઇજ્જત ઉપર પ્રભાતે પાણીજ ફરશે. જો આ રાત્રિમાં મ્હને સ્હાય કરવા નહિ આવશો તો હું મરિશ, અને સ્હવારમાં " અંબાનો બાળક રક્ષણુ વિના, માતા વિનાનો બની મુવો " એમ કહી લોકો ત્હમારી નિંદા-કરશે. ૨૨ માટે હે! અંબામાતા જલદીથી સાવધાન થઇ, સિંહ ઉપર સ્વારી કરી, અહિં પ્રગટી મ્હને ઉગારો— ત્હમારા બાળકનું દુઃખ દુર કરો. વળી ત્હમે જાણો છો કે, હું ત્હમારો રિશાળ બાળક છું, માટે અહિં પધારી જન્મ આપનારી માડીની જેમ મ્હને, ત્હારા રિશાળ બાળને, મનાવી, ભક્તને ધારણુ કરો, કેદથી મ્હને છોડાવો, મ્હારી આ ટુંકી, અને અંતિમ અરજી જો ધ્યાનમાં ના ઉતરે, તો મ્હારો ભોગ હું ત્હમને અહિંજ માથું પટકી, આપું છું તે લઇ રાજી થજો. કાલે બપોરે નરાધમ નૃપતિ મ્હને શુળી દેનાર છે. તો શુળી ચ્હડવા કરતાં અત્યારે ત્હને ભોગ દેવા માથું પટકી મરવું એ બહેતર છે. હવે હે ! અંબામાતા હું ત્હમારામાં મ્હારો જીવ જોડીને ત્હને પ્રાણુ સમર્પિ દઉં છું ૨૩

ત્યાર બાદ "ૐ अंबिकायैनमः" એ મંત્રના અષ્ટોત્તર સહસ્ર (૧૦૦૮) જાપ, પદ્માસને બેસી, પૂર્ણુ જપી રહ્યા બાદ, પત્થરની ભુમી ઉપર પોતાનું માથું જેવું મદને અફાળ્યું, કે તરતજ તે મસ્તકને, શ્રી અંબામાતાજીએ ત્યાં પ્રગટી પોતાના ખોળામાં ઝીલી લીધું. મદન આંખો મીંચી, ઉપરનો મંત્ર મોટે સાદે જપતો, પોતાનું માથું ઘણા જોરથી પૃથ્વીમાં ઝીકતો હતો, કે જેથી વધારે પીડા ના થતાં માથું ફુટી જઇ જલ્દી મરણુ થાય. કેદીયો પાસે હથીયાર વિગેરે સાધન હોતાં નથી, માટે મદને મરણુ મેળવવાને

આ યુક્તિ ધારી, તેનો અમલ કરતો હતો, તે વખતે અંબાજીના ખોળામાં માથાનું રક્ષણ થયું, અર્થાત્ મદનનું માથું જોરથી અંબા માતાના ખોળામાં પછડાયું, તે સ્પર્શથી મદન અતિશય ચમકીને અંધારામાં જોવા લાગ્યો કે જંગલમાં મ્હારૂં રક્ષક કોણ છે ? ૨૪ શ્રી અંબા માતા મદનને માથે હાથ ફેરવતાં બોલ્યાં બેટા ! આ શું કરે છે ? ત્હારી કુળદેવી અંબા હજી જીવતી છે. તું મ્હારો આપેલો દીકરો છે. મ્હને ઘણો વ્હાલો છે. ત્હારૂં હેત મ્હારા ઉપર ઘણું છે તે હું જાણું છું, બોલ ત્હારી શી ઇચ્છા છે ? તે તરતજ પૂર્ણ કરવામાં આવશે. જે જોઇએ તે વરદાન માંગી લે. મદન પોતાના સ્વભાવ મુજબ ગુસ્સે થઇ પુઠ ફેરવી બોલવા લાગ્યો–" અંબા માડી– હે ! જગત જનનિ ! ત્હમે સુખેથી આપના સુખી ધામમાં પધારો, હું ભલે દુખી થાઉં. મ્હારે મરણુ અંગિકરોને આજે ત્હમને ભોગજ આપવો છે, જેમ માતા બાળકને કકળાવી કકળાવીને પછી લાડવો આપવા તૈયાર થાય, તેમ ત્હમે કર્યું છે. માટે એવી યાચના કરતાં મ્હારૂં મરણુ હજાર દર જ્જે બહેતર છે. ૨૫. દેવી બોલ્યા "—બેટા ! તું દુનિઆનો ન્યાય વિચારી જો, માંગ્યા વિના માતા પણુ પીરસતી નથી. એ પ્રગટ ન્યાય છે. માટે હું ત્હારા સ્મરણુ કરતાંની સાથેજ તું મ્હને પોતાનાં બચ્ચાં જેવો અત્યંત વ્હાલો છે, તેથી અહિં આવીને હાજર થઇ છું." મદન કહેવા લાગ્યો—"માતુશ્રી હું તદન અણુસમજાણો કે નાદાન નથી. ત્હમારૂં આ કહેવું હું નહીં માનું." માગ્યા વિના માતા ન પિરસે એ ન્યાય તમને લાગુ પડે નહિ. કારણુ યાચનાથી અજ્ઞાન માતા બાળકને પીરસે, પણુ તું તો જ્ઞાની માતા છે. બધું જાણે છે. ૨૬

દુનીઆની માતાઓ પોતાનો બાળક ભુખ્યો છે કે ધરાયો છે, એ અજ્ઞાનતાથી જાણી શકતી નથી, તોપણ ભાણે બેઠેલા પુત્રને તે અજ્ઞાન માતા પણ હેતથી પુછીપુછીને પીરસેછે. અને બાળક જ્યારે લાડથી માતાની પાસે ભોજનની યાચના કરે છે, ત્યારે માતાને ત્હેને પીરસતાં જે ઉમળકો પ્રગટે છે. તેવો ઉમળકો કોઇને ઉપજતો નથી. વળી બાળક જમી રહયો છતાં-તૃપ્ત છતાં જનેતા આખરે અતિશય આગ્રહથી તેને કાંઇક વધારેજ ખવડાવે છે, આ વાત જગ જાહેર છે. હે! જ્ઞાની માતા ત્હમે તો મ્હને આ મહાન દુખમાં પડેલો જાણતા છતાં, ભુલી ગયાં—અને હવે આપ મ્હને સુખશાંતિ શું પુછો છો? એમ કહેતાં મદનની આંખોમાં પાણી છલકાઇ ગયાં. ૨૭ દયાળુ એવી અંબીકાદેવી મદનને પોતાની છાતી સરસો ચાંપીને બોલ્યા— દીકરા ! હવે ત્હારૂં કામ યાચના કર્યા વિના થશે. પછી છે કાંઇ? અને હવે તું હુશીઆર થઇ, માગ્યા વિના ત્હને સુંદર સ્રીનું વરદાન આપું તે હોંશથી સ્વીકારી સદાને માટે સુખી થા. આ પ્રસંગ ચાલે છે, એવામાં બંધિખાનાના એક ખુણામાં એક ધબાકો થયો ! મદન પોતાના ચિત્તમાં ચમકીને વિચાર કરવા લાગ્યો કે—આ શું છે? એટલામાં સુરંગમાંથી ગુણ મંજરી જેલમાં કુદી પડી, તેણી દોડીને, મદનને ગળે વળગી પડી! મદન ચમકીને શ્રી અંબામા પ્રત્યે બોલ્યો—હે! માતુશ્રી ! આ શું તોફાન છે? ૨૮. શ્રી અંબાજી બોલ્યા—બેટા ત્હને માગ્યા વિના આ વરદાન હું આપું છું- એમ કહી ગાંધર્વ લગ્નથી ગુણમંજરીનો હાથ શ્રી અંબાએ પોતે મદનના હાથમાં આપ્યો—અને નમી ઘુંટણીયે પડેલા તે બન્ને દંપતિના માથે પોતાના ચારે હાથ સ્થાપી દેવી બોલ્યા—

હો! બાળકો ત્હમે ચિત્ત દઇને સાંભળો–બેટા મદન હું હવે અંતર્હિત થાઉંછું. તું જ્યાં ઊભો છે, ત્યાંજ જોરથી એકલાત ઠોકી દેજે, કે તરત એક સલામતીવાળી સારી સુરંગનું બારણું ઉઘડશે. જ્યાંથી જતાં ત્હમને કોઇપણ રોકી શકશે નહિ. ૨૯. ગુણમંજરી તરફ જોઇ માતા બોલ્યા–દીકરી ? ત્હારી ઉદ્યમમાં ધૈર્ય યુક્ત આ ક્રીયાને, સુરંગ ખોદવાની હીમ્મતથી આરંભેલી, ને તેમાં પારપામેલી ક્રીયાને મ્હોટો ધન્યવાદ ઘટે છે. ત્હારી એ બ્હાદુરી વખાણવા જેવી છે. પોતે મનથી માનેલા સ્વામીને છોડાવવાને, તેં આ બળવાન સાહસ ઉઠાવ્યું છે. પણ એ સુરંગના માર્ગથી ત્હમને સુખ થશે નહિ. કારણ કે નગરની ચારે બાજુએ મજબુત ફરતો કોટ છે. તેથી એ સુરંગથી જતાં સહિસલામતી નથી–તમે પકડાઇ જશો. પણ મેં કહી તે સુરંગથી જતાં સુખેથી ચંદ્રાવતી પ્હોંચી શકાશે. વચ્ચે કાંઇ પણ અડચણ નહિ નડે. હવે ત્હમે જલ્દીથી પલાયન થઇ જાઓ. એમ કહીને અંબીકા અંતર્ધાન થયાં. ૩૦ શ્રી અંબિકા ગયા કે તરતજ મદને લીલાથી, રમત રમતો હોય તેમ, જ્યાં ઉભો હતો ત્યાં લાત મારી, કે તરતજ એક પત્થર જમીનમાં સરકી ગયો. સોળ સખીઓ સાથે ગુણમંજરી તથા મદન સર્વ અંદર ઉતર્યાં, મદને તે પથ્થર કળાથી જેમ હતો તેમજ ઢાંકી દીધો. પોતાની પાસેનું સઘળું ઝવેરાત તથા ઉંચા પ્રકારના આભુષણો સખીઓ પાસે સુરંગને રસ્તે મ્હેલમાંથી મંગાવી લઇ, તે સોળે સખીઓને સાથે લઇ, પોતે પોતાના સ્વામી મદનની સાથે સુરંગને રસ્તે ચાલી. આ વખતે મદનને પોતાનું પ્રથમ પ્રેમપાત્ર સુંદરી યાદ આવી, તેના બીચારીના બેલી શ્રી અંબામાતા ત્હમે થજો, એમ માતાને

સુંદરી ભળાવી મદન ચાલ્યો. ૩૧. દેવરાજાની પુત્રીને મહામુલ્યવાન આભુષણો સાથે હરિને મદન પોતાની સાથે લઇ જવા લાગ્યો. દાસીઓ ફાનસ ધરી આગળ ચાલે છે. એક બીજાનો હાથ પકડી પાછળ તે દંપતિ, મદન તથા ગુણમંજરી ચાલતાં હતાં. હવે શ્રીપુરમાં ગુણમંજરીના મ્હેલમાં પ્રભાતમાં કૌતુકી બીના બની. કાર્ય વશાત્ રાણી ગુણાવલિ=ગુણ મંજરીની માતા, દીકરીના મ્હેલે ગઇ, ત્યાં સર્વત્ર સૂન્ય દીઠું. સોળે સખીઓ તેમ રાજપુત્રી કોઇપણ દેખાયું નહિ. ૩૨, રાણી પોતાની પુત્રીના મ્હેલમાં સ્મશાન જેવું સુનું જોઇ, બે બાકળી, ગાભરી, બની જઇ રડવા લાગી " હાય! મ્હારી દીકરી ક્યાં ગઇ? " એમ મોટા સાદથી બુમ મારી તેણી કલ્પાંત કરવા લાગી. આ કોલાહલથી દેવરાજ તરત ત્યાં આવી પોહોંચ્યો. અને રાજપુત્રી ગુમ થયલી જાણી, રાજા પોતાની શુધબુધ હારી ગયો. મ્હેલમાં સામાન અસ્તવ્યસ્ત-વિખરાયલો જોઇ રાજાનું ચિત્ત ફરી ગયું. રાજાને પોતાની કુંવરીનું મદને હરણ કર્યું હોય એવો સહજ ભાસ થયો, તેથી તરતજ એક જાસુસ મોકલી, જૅલરને હુકમ મોકલ્યો, કે મદન કેદીને લઇને. જલ્દી મ્હારી પાસે હાજર થવું. સીપાઇએ જૅલમાં જઇને રાજાની આજ્ઞા જૅલરને જણાવી, તે મુજબ જૅલરે મદનવાળી કેદીની કોટડી ઉઘાડી તો, તેમાં કોઇ જણાયું નહિ, આથી જેલર બેભાન જેવો બની ગયો, અનુચરને તેણે કહ્યું કે મહારાજાને અરજ કરો કે કેદી ન્હાશી ગયો છે. ૩૩. અનુચરને વિદાય કરીને, રાજાના ત્રાસથી જલરે પોતાના પેટમાં છરો મારીને, પોતાના કિંમતી પ્રાણ ખોયા, તરતજ જૅલરે આપઘાત કર્યાની ખબર, બીજા સિપાઇયોએ રાજાને કરી, એકી સાથે કેદી ન્હાશી

ગયાની, તથા જેલરે આપઘાત કર્યાની બંન્ને ભયંકર ખબરો રાજાને મળવાથી રાજા ઝંખવાણો પડી પોતાની હિંમત હારી જવા લાગ્યો. તેણે વિચાર્યું કે મદન ગુણમંજરીનું હરણ કરીને ન્હાશી ગયો, એમાં જરૂર નગરશેઠનો હાથ હોવો જોઇએ. કારણ પરદેશી બાળકની, રાજપુત્રીનું હરણ કરવાની હિમ્મત હોઇ શકે નહિ. નક્કી એ વાણીયોજ નમેરો થયો. તેણે મ્હારા ઉપર પુરેપુરૂં વૈર લીધું". ૩૪. વળી રાજા વિચારવા લાગ્યો—" સઘળી જાતીમાં વાણીયાઓને ગરિબ ગણ્યા છે. એ મોટી ભુલ છે, વાણીયા કાળા નાગ જેવા ઝેરી છે. ડાહી માતાના દીકરા ગણાતા, વાણીયા એટલા બળવાન છે, કે દુરથી ઠોકર મારી કૈંક મુછાળાઓને ઠાર કરે છે. જયચંદ્ર વાણીયાએ મ્હને જેમ બ્હારોબ્હાર મદન દ્વારા ઠોકર મારી, ઠાર કર્યો, તેમ વાણીઓ રૂઠેલા પરમેશ્વર જેવો જાણવો. એ વાણીયાએ મારી કેવી ભયંકર દશા કરી? પુત્રીના હરણની બીનાથી મ્હારી આબરૂ જશે, મદન ન્હાશી જવાથી, મુછોના આંકડા નીચા થશે. આ સર્વ બીના પ્રજામાં જાહેર થતાં, મ્હારી હાંશી થવાની છે. અરેરે એ જયચંદ્ર વાણીયોજ મ્હને કારમો દુશ્મન મળ્યો. માથાના કાપનાર કરતાં પણ વાણીયો વધુ ભયંકર થયો. " રાજપુત્રીને એક વાણીયો હરિ ગયો, " આ મ્હારા ક્ષત્રિવાટને શું ઓછું હિણપત લગાડનાર છે.? ૩૫. એટલામાં નગરશેઠ જયચંદ્ર પ્રભાત થવાથી ધર્મ ધ્યાનથી વિરમીને, પોતાની પુત્રી સુંદરીને મદન સાથે એક છેલ્લો મેળાપ કરાવવા, રડતી સાથે લઇને રાજાનો તે માટે હુકમ મેળવવા રાજ્યમ્હેલે ગયો. તે એવા વિચારથી કે સુંદરીને રડતી કકળતી જોઇ રાજાના હૃદયમાં કોઇ દયા ઉતરે, અને કદાચ તે

મદનને છોડી પણ મુકે. લોક લાજથી પણ વખતે મદનને છુટો કરે. રાજા-રાણીને પુત્રીના હરણની આ વાત ગુપ્ત રાખવા જણાવી મ્હેલમાં આવ્યો, અને મહાશુરા એવા એક સો સ્વારને તૈયાર કરી આઠે દીશાઓમાં મોકલ્યા, તેમને એવો હુકમ રાજાએ આપ્યો હતો કે—મદનને, ન્હાશી ગયેલા કેદીને અને તેની સાથે જે હોય ત્હેને મુવેલા અથવા જીવતા લઇ જલદી આવવું. ૩૬. રાજા પોતાની પુત્રીની બીના ગુપ્ત રાખતો હતો. સ્વારો આઠે દીશાઓમાં વ્હેંચાઇ ચાલ્યા ગયા. તેઓ હમણાં ગુન્હેગારોને લઇ આવશે. અને તે સર્વને તથા મ્હારી પુત્રીને પણ મ્હારી નજર આગળ શુળીએ ચઢાવીશ. આ પ્રમાણે વિચારે છે. એવામાં સુંદરીની સાથે જયચંદ્ર શેઠ આવી, છડીદારને અંદર જવાનો હુકમ લાવવા મોકલ્યો. તેણે જઇ શેઠ આવ્યાની ખબર કરતાં ક્ષત્રી છતાં રાજા એકદમ ચમક્યો ને બોલ્યો, વાહ! વાહ! વાણીયા ત્હારી કળા અકળ છે. રાજ્યદ્રોહ કરી સતો થઇ દાવો કરવા આવ્યો છે ૩૭. દેવરાજ અતિશય ખીજવાઇ, વિચારવા લાગ્યો-ખરેખર ! નગર શેઠ કાળા નાગની માફક મ્હને અસહ્ય ડંશ દીધોછે, અને વળી તે પોતાનું અપકૃત્ય છુપાવવા, ગરિબડો બનીને, અરજીનો દાવો કરવા આવ્યો છે. પ્રંપચ કળા કુશળ જયચંદ્ર મ્હારી વફાદાર પ્રજાને રાજ્યદ્રોહ કરવાને ઉસ્કેરી, મ્હારી પાસે સતો થઇને, પોતાની બુંડાઇ છુપાવવા આવ્યો છે, માટે ન્યાયના ધારા મુજબ એ ગુપ્ત રાજ્યદ્રોહીનો જીવજ લેવો જોઇયે. એ પ્રમાણે વિચાર કરીને, રાજાએ સિપાઇને હુકમ કર્યો કે—નગર શેઠને મ્હારી સ્હામે બાંધીને હાજર કરો, એ પાપીએ રાજ્યનો ભંયકર ગુન્હો કર્યો છે, માટે

તેની યોગ્ય શિક્ષા આપવાને એને માટે એક શુળી તૈયાર કરો અને તે શુળીયે નગર શેઠને જલ્દી ચ્હડાવો, એવો હુકમ દેવરાજે કર્યો. ૩૮. તરત શેઠને બાંધી હાજર કરવામાં આવ્યો, આ જોઇ સુંદરી ઘણી અજાયબ થઇ. તેણી અંદર જઇને, રાજાના ચરણમાં પડીને કરગરીને કહેવા લાગી–હે ! તાત ! આ સર્વ અન્યાય થાય છે. મ્હારા સ્વામીનાથ મદન રાજને તથા મ્હારા રાજ્યભક્ત બાપને કયા ગુન્હા માટે આવો ઉગ્ર દંડ દ્યો છો ! રાજા તો સર્વ પ્રજાના માબાપ છે. વગર ગુન્હે બંન્ને ને શુળી ઉપર શા માટે ચ્હડાવો છો ! માટે હે ! દાનવીર દેવ કૃપા કરી મ્હારી–આપની રાંકડી બાળકી તરફ જોઇને દયા કરો ! મ્હને પિતા તથા પતિની ભીક્ષા આપો. ૩૯ નાગ કન્યાને પણ શરમાવે તેવી રૂપાળી સુંદરિને પગે પડી દયા માંગતી જોઇ. દેવરાજાની મતિ બગડી,–તેની ગતિ કામવાસના રૂપ અગ્નિથી બળી ગઇ હોય તેમ મંદ પડી ગઇ, નિરાધાર અને અનાથનો બેલી રાજાજ જ્યારે નિર્દોષને અન્યાયથી સતાવે ત્યારે રાંકડી સુંદરિને કોનું શરણુ હોઇ શકે–કોઇનુંજ નહિ. રાજા બોલ્યો–જાઓ આ છોકરીને રાજ મ્હેલમાં જલ્દી લઇ જઇ કેદ કરો. તે મુજબ તેણીને રડતી કકળતી લઇ સિપાઇઓ ચાલ્યા ગયા. સુંદરિને મ્હેલમાં મોકલ્યા પછી સિપાઇઓને જયચંદને શુળી ઉપર ચ્હડાવવાનો હુકમ આપી, શેઠને એક ખુણામાં લઇ જઇ બોલ્યો–જો ત્હારે જીવવું હોય તો મદન કયાં છે ? તે જલ્દી બતાવી દે. આ સાંભળી નગરશેઠે એક મોટો નિશ્વાસ નાંખ્યો ! મદન માટે શેઠને મહાન ચિંતા થઇ ૪૦ પોતાના મનમાં જયચંદ્રે નિશ્ચય કર્યો કે–ગરિબ બિચારો પરદેશી બાળક મદન, રાત્રીમાં હણાઇ ગયો લાગે

છે. આ રાજા રાક્ષસ જેવો બની તેનો પ્રાણઘાતક થયો. એટલુંજ નહિ પણ પોતાનું એ કાળું કામ ગુપ્ત રાખીને, "મદનને મેં ન્હસાડી મુકયો"—એવું ખોટું કલંક મ્હને દઇને મ્હારો પણ જીવજ લેશે. હે! જગત્ પ્રભુ મ્હારો શાક્ષી ત્હારા શિવાય બીજું કોણ છે? કોઇજ નહિ વળી ગઇ કાલે સર્વ પ્રજાએ "મદન બિનગુન્હે માર્યો જાય છે" એમ કહી નગરમાં કોલાહલ મચાવી મુકયો. એ સર્વ મ્હારી ઉશ્કેરણી છે, એમ માનીને આજે આ દુષ્ટ રાજા મ્હારો જીવ લેશે. એ નિઃશંક છે. અરે! વિધાત્રી દેવી! તેં મ્હારા લલાટમાં આવા લેખ કયાં લખ્યા? એક રાજ્યદ્રોહીની હાલતમાં રાજા મ્હને શુળી દેશે. દુનિયા દોરંગી છે. કોઇ મ્હને ખરો રાજ્યદ્રોહી ગુન્હેગાર પણ ગણશે. જ્યારે હું શ્રીપુરની ગાદીનો વફાદાર ભક્ત હોઇ તદ્દન બેગુનાહ—નિર્દોષ છું પ્રભુ સત્યનો બેલી તુંજ છે. ૪૧. પોતાના મ્હોતને નજીક દેખતો શેઠ ઘણો ગુસ્સે થઇ બોલ્યો. અરે! કાળ રાક્ષસ! ગરીબ અને નિષ્કલંક મદનનો રાત્રિમાં નાશ કરી, તેને ન્હસાડી મુકયાનું કલંક મ્હારે માથે દઇ મ્હને શુળી દેવી ધારી છે? મ્હારી ગાય જેવી દીકરી ત્હને આત્મહત્યા કરીને—બાળ તથા સ્ત્રી હત્યા દઇ મરણ પામશે. હે! રાજા મ્હારે ત્હને શી વાત જણાવવી? શ્રીપુરની ગાદીનું તેજ, અન્યાયની આગ લાગવાથી દુર થયું છે આ ત્હારા રાજ્યનો અંત પાસે આવેલો દેખાય છે. આ અન્યાયની આગ લગાડનાર તું પોતેજ સાબિત થશે. રાજા આ સાંભળી ચીડાઇને બોલ્યો—જાઓ આ દુષ્ટ સાચું માનનાર નથી, માટે એને જલ્દી લઇ જઇ શુળીયે ચ્હડાવો. એમ કહી તે અભાગીયો રાજા મ્હેલમાં ગયો. ૪૨ સુંદરિને સુભટો મ્હેલમાં લઇ ગયા. એક વિશાળ ઓરડામાં તેણીને ચોધાર આંસુથી રડતી બેસાડી, એટલામાં

કામથી આંધળો બનેલો દેવરાજ ત્યાં આવી, સિપાઇયોને વિસર્જન કરીને અટ્ટહાષ્ય કરતો બોલ્યો—બાલિકા! જો ત્હારે ત્હારા પિતા તથા પતિને જીવતા રાખવા હોય તો હે! પ્યારી મ્હારી હૃદયગામિણી બનીને મ્હારો કામજ્વર શાંત કર. આ સાંભળી–મહાસતી સુંદરિ રડવું છોડી દઇ, પોતાના શિયળના રક્ષણ માટે સાવધાન બની ગઇ. બાળા, તથા અબળા છતાં પણ શિયળ જાળવવાને સિંહણ જેવી સબળા બની ગઇ. તે રાક્ષસ રાજા પોતાના અંગ ઉપર ઓચિંતો હુમલો ન કરે તે માટે સોડીયું વાળી, પોતાનું અંગ સંભાળતી, તેણી ઉભી થઇ બોલી—અરે! હરામજાદા–બાપ જેવો થઇને આ શું બકે છે? મ્હારા શિયળને સાચવવામાં હું સિંહણ છું; તું મ્હને અબળા સમજીશ નહિ. ૪૩. વળી તેણી બોલી. શુળીથી મ્હારા પ્રિતમને તથા પિતાને ભયંકર મ્હોત આપી ત્હારે જોઇયે તો મ્હને પણ મારી નાંખ–પણ મ્હારૂં શિયળ કદિ ભંગ થનાર નથી, તેમ મલિન પણ પડનાર નથી ત્હારા ન્યાયી મુખ ઉપર આ ઘોર કર્મથી મેશ શા માટે ચોપડે છે.? સુર્ય, સમુદ્ર, ચંદ્ર અને પૃથ્વી એ સર્વ કદાચ ઉલટાઇ જશે, તો–કાળો ઝેર કદાચ અગ્નિના વર્ષાદથી વરસશે, તોપણ સતિયોના શિયળને કદાપિ ડાઘ લાગશે નહિ. સતિયોને અતિશય દુઃખ દેવાથી હે! નરાધમ! ત્હારા કાળજામાં શ્રાપનો કારિ ઘા લાગશે. તું બળી ભસ્મ થઇ જઇશ સિતાના શ્રાપથી રાવણની જેમ દહન થઇશ ૪૪ હે! દુષ્ટ શાસ્ત્રોમાં સતિયોનું બળ કેટલું તિવ્ર છે તે જો. સિતા સતિના શ્રાપથીજ લંકાપુરી બળી ગઇ, અને રાવણના દશે માથાં ધુળમાં કપાઇને, રગદોળાયાં. વળી ઉત્તમ એવી મહાસતી દ્રૌપદિની

કામી હાથથીજ પાણીપતના મેદાનમાં—કુરૂક્ષેત્રની રણભુમીમાં—સો કૌરવો કમોતે મરાયા. જે મનુષ્ય કામી બનીને, પોતાની સત્તાનો દુરૂપયોગ કરીને, સત્તારૂપ તાપથી સતિયોને તપાવે છે, ક્રોધી બનાવે છે, તેજ તાપરૂપ ચિતામાં તે કામી મનુષ્ય પોતેજ દહન થાય છે. સાધ્વીયોના ક્રોધાગ્નીમાં, કામી પુરૂષ તત્કાળ તરણાંની જેમ ભસ્મી ભુત થઇ જાય છે. આ એક ઇશ્વરી કાયદો છે. તે સર્વને માટે સમાન છે. તેમાં રાજા કે રંકનો એક સરખોજ ઇન્સાફ—કંઇપણ ભેદ વગરનો, પ્રભુને હાથે અપાય છે. માટે વિચારી જો. સતિને સતાવવાથી ત્હને રાજા જાણીને, દંડ દેવામાં પ્રભુ જરા પણ દયા કરશેજ નહિ. ૪૫ કામના તાપથી તપેલો રાજા લાલચોળ થઇ બોલ્યો. રે ! ભોળી છોકરી તું ત્હારી હઠ છોડી દે, નહિ તો બળાત્કાર કરવો પડશે, એમ કહી બળાત્કારની ઇચ્છાથી સુંદરીને વળગવા જાય છે, તેવામાં તે ધમાચકડીથી તથા સુંદરીના કિલકિલાટથી, પટ્ટરાણી ગુણાવલી એકદમ દોડી આવી ગુસ્સામાં બોલી. અરે ! પ્રાણનાથ ન્યાયને લાત મારવા જેવું આ શું કરો છો ? આથી જણાયછે કે આપણાં રાજ્યનો વિનાશ કાળ પાસે આવ્યોછે. વળી જુવો.

ननिर्मितः केन न दृष्टपूर्वो—न श्रुयते हेममयी कुरंगः ॥
तथापि तृष्णा रघुनंदनस्य—विनाशकाले विपरीत बुद्धिः ॥

"નથી બન્યો, ના દિઠ કર્ણે સુણ્યો—સુવર્ણરૂપી મૃગલો વિશેષી, તૃષ્ણાતુરા શ્રી રઘુનંદ તોયે—વિનાશકાળે વિપરીત બુદ્ધિ, માટે સ્વામીનાથ આ નિંદ્ય કર્મથી—નિવૃત્ત થાઓ. ન્યાયી અને રાજ્ય ભક્તિ પરાયણ નગરશેઠને શુળી ચ્હડાવી, ત્હેની સતી બેટી સુંદરીની આબરૂ ઉપર હાથ નાંખવાથી, આખી પ્રજામાં કેવો

ભયંકર પોકાર ઉઠયો છે, તે મ્હેરબાની કરીને, જરા બ્હાર જઇ સાંભળો. ૪૬ આ વખતે રાણી આડી આવવાથી રાજા ગુસ્સાથી રાતો ચોળ બની જઇ, તરવાર ઉપર હાથ નાંખવાની ઢબે બોલ્યો– રાણી ! તું મ્હારી પત્નિ છે, માટે હું ત્હને હુકમ કરૂંછું કે આ વખતે દુર થઇ જા અંતઃપુરમાં ચાલીજા. મ્હારો–પતિનો હુકમ ત્હારે પત્નિએ મસ્તકે ચ્હડાવવોજ જોઇયે. રાણી બરોબર ત્હેની સ્હામી ઉભી રહી હાથ જોડી બોલી. પ્રભુ ! આ પાપના કામો ત્હમે છોડી દેશો તો આપની આજ્ઞા હું કદિપણ ઉથાપીસ નહી. આપ સતિનું શિયળ પિંઢારાની જેમ લુંટશો અને હું ચાલી જઇશ એ તો કદિ પણ નહિ બને. આ સાંભળી રાજા ક્રોધાયમાન થઇ– તલવાર ખેંચીને બોલ્યો– હમણાંજ બંન્નેના માથાં કાપી નાંખીશ, ત્હમારે મ્હેરબાની જોઇએ છે કે મ્હોત ? તે ઝટ કહીદ્યો. મ્હારી આજ્ઞાનુસાર વર્તવાથી મ્હેરબાની મળશે, એથી વિપરીત થતાં હાલ તરતજ મસ્તક ધડથી જુદાં થઇ પડશે. નાહક તલવારને દાપુ આપી હાથ પગ ધોઇને મ્હોત શા માટે માંગી લ્યો છો ? બોલો ત્હમારે જીવવું છે કે મરવુંજ છે ? ૪૭ બીજી તરફ નગરશેઠને રાજાના હુકમાનુસાર શુળી દેવાને, ચૌટામાંથી લઇ સિપાઇયોને જતા જોઇને, આખી શ્રીપુરની પ્રજામાં હાહાકાર વર્તાયો–કાળો કેર થયો. તરતજ આખા નગરનું મહાજન એકત્ર થઇને, સ્મશાન ભુમીયે, જ્યાં શુળી દેવાની હતી ત્યાં ગયું, અને મ્હોતનો ફાળો–ભાગ માંગવા લાગ્યું. સેંકડો માણસો કહેવા લાગ્યા "પ્હેલાં હમને શુળી આરોપી પછીથી શેઠને હણજો"–હમારા પ્હેલાં હમારો અન્નદાતા નગરશેઠ વિના ગુન્હે શુળી ચ્હડાવી શકાશે નહી.

આખા શ્રીપુર શહેરમાં સર્વ મનુષ્યો—નગરશેઠના તિવ્ર પ્રેમની લાગણીથી, રડવા કુટવા લાગ્યાં—કેટલાક માણસો ટોળે મળીને રાજ્ય મ્હેલ આગળ ફરીયાદ કરવાને જવા લાગ્યા—ગયા. ૪૮ ઘણા શહેરીયો મ્હેલ આગળ જઇ, ઇન્સાફ કે મ્હોત બેમાંથી એકની માગણી કરવા લાગ્યા. આ પ્રમાણે પ્રજાજનોનો મ્હોટો હોકાર મ્હેલ આગળ થયો; તેથી દેવરાજ જે તરવાર ખેંચી રાણી ગુણાવલી તથા સુંદરિનો શિરચ્છેદ કરતો હતો, તે અટક્યો. લોકોની મ્હોટી બુમોથી રાજાની હિંમત જતી રહી, તે ઘણો ગભરાઇ ગયો, તેથો ખેંચેલી તરવાર છતાં, નિર્દોષ રાણી તથા સુંદરિ ઉપર ઇશ્વરેચ્છાથી ઘાત કરી શક્યો નહિ એટલામાં દશ સિપાઇયો રાજ્યમ્હેલમાં ચ્હડી ગયા—રાજાના આ ગેરવ્યાજબી ત્રાસથી સિપાઇયો પણ દિલગીર થયા હતા. તે દશ સિપાઇયો ઉપર જઇ બે હાથ જોડી રાણીને કહેવા લાગ્યા—રાજ્યમાતા! મહારાજને કાંઇ સમજાવો. નગરશેઠને શુળી ચ્હડાવતાં આખું નગર મરવાને માગે છે. માટે આપ અન્નદાતાનો છેલ્લો હુકમ શો છે? તે ફરમાવો ૪૯ રાણીએ સિપાઇઓ કંટાળી ગયેલા જોઇ, “ જો કાંઇ કળા કરી ન્યાયનું ધોરણ અખત્યાર નહિ થશે તો જરૂર પ્રજાના, હુલ્લડમાં લશ્કરીયો પણ ભેળાશે. ” એમ ધારી—પોતાની ભ્રકુટી ચ્હડાવી બોલી.—જાઓ—રાજાજીને પકડી બંધિખાનામાં પુરી દ્યો. મ્હારા સ્વામી પ્રજાને ન્યાય આપતા નથી. તો હું પટ્ટરાણી ન્યાય આપીશ. મ્હારો તે હુકમ છે! સિપાઇઓ જલદી અમલમાં આણો. કંટાળી ગયેલા—ફરી ગયેલા—દશે સિપાઇઓ—રાણીનો આવો હુકમ મળતાંની સાથેજ રાજાને વળગી પડયા. તલવાર ઝુંટવી લઇ, રાજાને કેદિ બનાવી બંધિખાનામાં લઇ જવા લાગ્યા. બીજા શુભટોએ

રાણીના હુકમાનુસાર સ્મશાન ભુમીપર જઇને, નગરશેઠને રાણીનો હુકમ રૂપ ઢંઢેરો સંભળાવી છુટો કર્યો. મદનને જ્યાં કેદ કર્યો હતો ત્યાંજ રાજાને કેદ કર્યો. ૫૦ રાણીની આ કાર્ય કુશળતાથી આખા નગરમાં પળવારમાં એકદમ શાંતિ થઇ ગઇ, રાણીની બીરૂદાવલી સર્વને મુખે બોલાવા લાગી. દુનિયા ગુણીજનના ગુણો સ્વભાવેજ ગાય છે. સુંદરિને રાણીયે “ ત્હને ત્હારો પતિ મદન પ્રેમભાવે મળશે. ” એમ કહીને તેના બાપ નગરશેઠને ઘેર મોકલી. સુમતિ રાય નામના પ્રધાનને બોલાવીને રાજ્યની લગામ ત્હેને સોંપી. સુલેહ શાંતિની જોખમદારી રાણીયે સુમતિરાય દિવાનને ભળાવી. રાજાને કેદિ બનાવ્યો છતાં સેનાપતિ સામંતસિંહ તથા થોડા લશ્કરી અમલદારોને જેલમાં રાજા પાસે ત્હેના રક્ષણાર્થે મુકયા. અને આવા ઉત્તમ પ્રકારના ન્યાયના વર્તનથી રાણી ગુણાવલી પોતાનું પટ્ટરાણીપણું સફળ કહેવરાવવા લાગી. જો રાણીએ આમ ના કર્યું હોત તો કદાચ પ્રજામાં તથા લશ્કરમાં હુલ્લડ થઇ ખુનરેજી ચાલત. તે અટકાવ્યાથી ગુણાવલીનું પટ્ટરાણીપણું સફળ થયું. ૫૧.

છઠ્ઠો ઉલ્લાસ સમાપ્ત.

ઉલ્લાસ. સાતમો.

પાછલી રાત્રીના સમયે, કિંમતી આભુષણોયુક્ત, સોળ દાસીયોના સાથ સહિત, ગુણમંજરીને લઇને, મદન સુરંગમાં ચાલ્યો જાય છે. એક બીજાને ગળે હાથ નાંખીને પ્રેમનાં સંભાષણો કરતાં તે દંપતી આનંદપુર્વક જતાં હતાં. ગુણમંજરિ મદનને ઓવારણાં લઇ કહેવા લાગી–હે ! રસીલા પ્રીતમજી ! તમે પળમાત્રમાં બળવાન એવા

મ્હારા પિતા દેવરાજને જીતી ખરો રંગ રાખ્યો; અને મ્હારૂં હરણ કરીને મ્હારા હૃદયના ચોર થયા, આથી મ્હારા અંગમાં, હૃદયમાં, હર્ષ સમાતો નથી. ૫૨. એ સાંભળી પ્રેમનું એક ચુંબન દઇને રાજપુત્રીને મદન કહેવા લાગ્યો—વ્હાલી ! આ સર્વ કુળદેવી શ્રી અંબામાતાજીનો પ્રતાપછે. કેમકે ત્હારો પીતા પોતાની મુઠ્ઠીમાં મ્હારૂં મ્હોત રાખીને, મ્હને બંધીખાનામાં નાંખતો હતો, અને મ્હોતની ધમકી દેતો હતો. માતુશ્રી અંબિકા પોતાના બચ્ચાંની વ્હાર કરવા, અણિને વખતે શાક્ષાત્ પધાર્યાં. અને મ્હને બચાવ્યો. વળી હે ! પ્રીયતમા ! તેં પણ મ્હોટું સાહસ ખેડીને મ્હારા જેવા ગરિબ વાણીયાનો પ્યાર મેળવ્યો. ૫૩ ગુણમંજરિ બોલી વાહ ! વાહ ! પાતળીયા પ્રાણેશ ! આ શું વદોછો ? કૃપા કરીને, મ્હને બાળાને મ્હેણાંનો માર મારશો નાહ. ત્હમને કોણ ગરિબ કહી શકે ? અથવા ગરિબ વાણીયા થઇને, રાજાની ધન દોલત તથા રાજપુત્રીનું હરણ કરનાર ત્હમેજ છો. ત્હમે ડાહ્યા ડમરા જેવા મ્હારા તનમન અને ધનના માલિક બનીને, મ્હારા માથાના મુકુટ થયા છો. પ્રભુ ! ત્હમે મ્હને બહુ જબરા મળ્યા છો. હે ! કામણગારા પ્રાણપતિ ! આપે વશી કરણ કરી મ્હારૂં, સર્વ વડિલોની લાજ મર્યાદાનો નાશ કરાવી, હરણ કર્યું. આ જેવી તેવી જબરાઇ નથી. ૫૪. એ પ્રમાણે તે બંન્ને પ્રેમી પંખીડાં લટકાળી ચાલથી હાષ્યવિનોદ કરતાં સુરંગને રસ્તે સર્વ દાસિયો સહિત ચાલ્યા જાય છે. એમ કરતાં સુર્યોદયનું ચિન્હ પરોઢીયું થયું, એટલે સુરંગનો પણ છેડો જણાવા લાગ્યો. સુરંગમાં ડુંગર જેવો ચઢાવ તેઓ ચઢવા લાગ્યા. ચઢાવ ઘણો ઉંચો ચઢી રહ્યા ત્યારે, તેઓ આરાસુરનાપ્હાડ ઉપર આવ્યા હોય એમ

લાગ્યું. હતું પણ તેમજ. વળી આદ્યશક્તિ, આરાસુરી દેવી, શ્રી અંબિકાના મંદીરમાંજ સુરંગનું મુખદ્વાર હતું. ૫૫ સુરંગની અંદર ચઢાવ ચઢી રહ્યા પછી, પથ્થરમાં કોતરેલું એક સુંદર ન્હાનું દિવાનખાનું (ઓરડો) હતું. મદનરાજે વિવેકપૂર્વક પોતાની પત્નિ ગુણમંજરી તથા દાસીયો સાથે, તે દીવાનખાનામાં ઉતારો કર્યો, મદન બોલ્યો— હે ! કોમળાંગી પ્રિયા ! તમે ચાલવાથી થાકી ગયા છો, માટે અહિં વિશ્રામો લ્યો. હું તપાસ કરીને જોઇ આવું કે હવે સુરંગ કયાં જાય છે? આવા વિપત્તિના વખતમાં સાહસ કર્મ કરવું યોગ્ય નથી. વિપત્તિ કાળે ડાહ્યા માણસે ધૈર્ય ધારણ કરવું જોઇએ. ગભરાટ ન કરતાં ધીરજ ધરીને, માર્ગ ખોળી કાઢવો જોઇએ ૫૬ એમ કહીને ફાનસ હાથમાં લઇને સુરંગના મુખ પાસે જઇને મદન તપાસવા લાગ્યો, તો એક ઘણો જુનો પણ મજબુત પથ્થર સુરંગને મ્હોડે ઢંકાયલો જોયો. આસપાસ તપાસ કરતાં પથ્થરમાં ચાંપનો મીજાગરો જણાયો,—સાવધાનીથી મદને જેવી તે ચાંપ દબાવી કે તરતજ તે પથ્થર સુરંગની અંદર સરકી ગયો, અને સુરંગનું બારણું મદને ખુલેલુ જોયું. ૫૭ તે શુરવીર મદન સાવધતાથી માતાની પાછળ તે સુરંગના બારણેથી ચ્હડયો. માતાની મુર્તિ પાછળ છુપો રહીને મદન ચર્ચા જોવા મંડયો. બારિક નિરિક્ષણથી મદનના મનમાં નિશ્ચય થયો કે નક્કી આપણે આરાસુર આવ્યા છીએ. માતુશ્રી અંબાજી હમને પોતાના ધામમાંજ લાવ્યા છે. આજનો દિવસ સુરંગમાંજ રહી, આવતી કાલે હિમ્મતથી બ્હાર પડવું, એવો ઠરાવ મદને પોતાના મનમાંજ કર્યો. ૫૮ એમ વિચાર કરી શ્રી અંબાજીને ભાવપૂર્વક નમસ્કાર કરી મદન સુરંગનું બારણું પાછું બંધ

કરીને સુરંગમાંના તે દીવાનખાનાવાળા પોતાના ઉતારે ગયો. રાજપુત્રી પાસે આવી સ્નેહથી શોભિતા મદને તે સર્વ બીના તેણીને જણાવી દાસીયો ભાથું લાવી હતી તેનું ભોજન ન કરી ત્યાં વહેતા ઝરાનું નિર્મળ અને સ્વચ્છ પાણી ગાળીને પીધું, જેથી સર્વના શરીર શીતળ થયાં. રાજપુત્રિ તથા દાસીયો બ્હાર નિકળવાને અધિરી થઇ. એટલે મદન બોલ્યો—આ જગતજનુની શ્રી અંબા માતાનું ધામ છે. માટે આજે માતાને શરણે આપણે અહિંજ રહેવું. આવતી કાલે હીમ્મતથી આપણે બ્હાર નીકળીસું. માતુશ્રી અંબિકાના મંદિરમાંનાં કૌતુકો હે! સ્ત્રી આજની રાત્રિમાં મ્હારે જોવાં છે. એમ કહી મદન બેઠો. ગુણમંજરિ પોતાના સ્વામી મદનના ખોળામાં માથું મુકી, હાષ્યવિનોદ કરતી સુઇ ગઇ. મદન પ્રત્યે અત્યંત વ્હાલથી લાડ કરતી, તે દેવાંગના સમાન રાજપુત્રી પોતાના ભરથારને પ્રેમથી રીઝવવા લાગી. કામથી અકળાયલી રાજકુમારી પ્રેમચેષ્ટાથી મદનને ખુશ કરવા લાગી. ૫૯–૬૦ તેણીની આ વિરૂદ્ધ વર્તણુક જોઇને મદન બોલ્યો–હે! સલુણી–આ સ્થળે વિષયવાસનાનો વિચાર પણ કરવાથી પ્રાણની હાણી થશે. કારણ કે આ સ્થળ શ્રી અંબા માતાના ચાચર ચૉકની હદ છે, એમ જાણીને મન વચન તથા કાયા એ ત્રણે પ્રકારે બ્રહ્મચર્ય ધારવું જોઇયે. આ સ્થળમાં દંપતિએ પણ ભાઇ બ્હેન જેવો નિર્મળ અને પવિત્ર વ્યવહાર રાખવો જોઇયે. આ વખતે ગુણમંજરીને કામભોગની અતિશય તાલાવેલી લાગી હતી. અને બનનાર બનેજ છે. તેમાં કાંઇ પણ મિન મેષ–ફેરફાર થતોજ નથી. મદન તેણીને સમજાવવા લાગ્યો, પણ રાજપુત્રી કામવાસનાના સખ્ત જ્વરથી ઘણી અકળાઇ ગઇ હોવાથી, સંભોગની માંગણી ભાન ભુલી કરવા લાગી.

મદને તેમ કરવા શ્રી અંબા માતાના ધામમાં ચોખ્ખી ના પાડી. ૬૧. આથી અકળાયલી તે બાળા મદનના ખોળામાંજ ઉંઘી ગઇ. તેણીનું માથું આસ્તેથી સય્યામાં મુકીને મદન પણ થાકેલો હોવાથી નિંદ્રાધીન થયો. શ્રી અંબિકાના ચાચરમાં પાપની પ્રબળ વાસનાથી, ગુણમંજરીને એક કાળા ભયંકર સર્પે જીવલેણ ડંશ દીધો. થાકેલી સખીયો પણ સુઇ ગઇ હતી. ડંશની ખબર કોઇને પડી નહીં. ૬૨. સંધ્યાકાળે સર્વ ઉઠયા પણ ગુણમંજરી ઉઠી નહિ, તેણી સબવત્ બેભાન થઇ હતી. મદનને તપાસ કરતાં તેણીને સર્પનો ડંશ થયેલો જણાયો. મદન હાથ જોડી શ્રી અંબિકા પ્રત્યે વિનંતિ કરવા લાગ્યો. અરે ! માતુશ્રી અંબા ! ત્હારી ફજેતી થશે.—ત્હારાં ચાચરમાં મ્હારી મુગ્ધ સ્રીયાનું મરણ થાય છે. તો હે ! અંબામાતા ! ત્હમે આવો અને તેણીને મરતી બચાવો ! મદનના પોકારથી હાષ્યવદનથી શ્રી અંબા માતા તરતજ ત્યાં પ્રગટ થઇને બોલ્યા, દીકરા એની ઘાત જનાર નથી, અર્થાત્ તેણી હવે જીવનાર નથી. ૬૩. મદન બોલ્યો—રે ! માતા આ શું બોલો છો? એના વિના મ્હારી જીંદગી નકામી છે; આપની આ બાળક વહુને આપે આ યોગ્ય શિક્ષા આપી છે. માટે હવે તેણીને તેથી મુક્ત કરી ઉઠાડો, અને મ્હારી ઇચ્છા સફળ કરો. દેવી બોલ્યા ! મદન તું હઠ છોડી દે, એના માનસિક મલિન વિચારોથી એ મરણનીજ શીક્ષાને યોગ્ય છે. મદન બોલ્યો જો એમજ છે તો હમને અહિં શા માટે લાવ્યા? શ્રીપુરની જેલમાં પણ મરણનો યોગ તો હતોજ. અહિં પોતાના ધામમાં લાવી જો આપે જીવજ લેવો ધાર્યો હોય તો ભલે; એના શિવાય મ્હારાથી જીવી શકાશે નહિં, માટે જેમ આપને ઠીક લાગે તેમ કરો. હું પણ અહિંજ મરણ પામીશ. ૬૪ હે ! જનની ! ત્હમે દયાળુ થઇને પોતાનાંજ

ભુવનમાં ? પુત્રવધુનો ભોગ લેશો ? એમ-કહી શ્રી અંબાનો આપેલો લાડકવાયો મદન માતુશ્રીનો પાલવ પકડી અરજી કરતો બોલ્યો હે ! અંબા માડી-મ્હારો રોગ દુર કરો જો તેમ નહિ કરશો તો હું માથું પટકીને અહિં આ ક્ષણેજ ત્હમને મ્હારો ભોગ આપીશ. મ્હારી આ ભોળી સ્ત્રીએ વિષયનો વિચાર માત્ર કર્યો છે. માટે એ અલ્પ ગુન્હો હોવાથી હે ! મા તેની તું માફી આપ. અલ્પ ગુન્હો સાંખી જા. અમે જરા પણ કામની ક્રીડા તો કરીજ નથી ફક્ત આ અજ્ઞાન બાલિકાનો માનસિક વિચારદોષ થયો છે; તે તો જરૂર ત્હમારે માફ કરવોજ પડશે. ૬૫ આખરે મદનની અરજી શ્રી અંબાના હ્રદયમાં ઉતરી. ત્હેમણે રાજબાળાને માથે હાથ ફેરવી ઉઠાડી. તરતજ તેણી ઉઠી. અંબા મા તેણીને બોધ દેવા લાગ્યા કે મ્હારાં ધામમાં વિષયનો વિચાર પણ કરવાથી મ્હારો ક્રોધ કદી પણ સમાશે નહીં. ફક્ત ત્હારા પતિની ખાતર આ અત્યાચાર એક વખત માફ કરૂં છું, પણ હવે તેમ કદી પણ નહિ થાય. જો હવે તું ચેતીને વર્તિશ તો ત્હારો સંસાર સુખી થશે, એ મ્હારી આશીષ છે. ૬૬ ગુણમંજરિ બે હાથ જોડી બોલી-માતુશ્રીને ઘણી ખમા ! જગદંબે ! હું અપરાધી છું, નાદાન બાળકીનો અપરાધ ક્ષમા કરો. હવેથી આપની આજ્ઞા મુજબ ચિત્તમાંથી ખરાબ વિચારો દુર કરી આ ક્ષણથી શ્રીઅંબામાતાની જપમાળ ગ્રહણ કરૂં છું. પછી આશિર્વાદ દઇને માતા અંબિકા તિરોહિત થયા-અંતર્ધાન થયા. આ પ્રત્યક્ષ પરતો જોઇને દાસીઓ તથા તે દંપતિ શ્રીઅંબામાના ગુણ-ગ્રામ કરવા લાગ્યા-ગુણ ગાવા લાગ્યા. હવે આ વાત અહિંથી અટકાવીને મદનના માતા પિતા શ્રીધર તથા શ્રીદત્તાની કથા શરૂ કરીશું. ૬૭

મદન ઘોડે બેસીને ફરવા ગયેલો તે રાત્રિ પડતાં પણ ઘેર આવ્યો નહિ, આથી શ્રીધર તથા શ્રીદત્તા ઘણા ચિંતાતુર થવા લાગ્યા, ખાવા પીવાનું ઝેર જેવું થઈ પડ્યું. શ્રીધર પોતાનાથી બનતી સઘળી શોધ કરી ચૂક્યો પણ મદનનો પત્તો લાગ્યો નહિ, આથી તે હેતાળ પીતા ઘણોજ નીરાશ થઇ ગયો. પોતાને ઘેર જઇ શ્રીદત્તાને કહેવા લાગ્યો પ્રિયા ! પુત્રનું સુખ સ્વપ્ન જેવું થઈ ગયું–પુત્ર સુખનો સ્વપ્નમાં સમાવેશ થઇ ગયો. મદનનો પત્તો નથી. ૬૮ તે દંપતિ એમ ધારવા લાગ્યા કે માતા અંબાએ પુત્ર આપીને પાછો ઝુંટાવી લીધો. આ દિલગીરિથી તે દંપતિ ઉપવાસ કરવા લાગ્યા, એમ કરતાં ત્હેમને આઠ ઉપવાસ થયા. આથી તે બન્નેના શરિર તપથી કૃશ થઇ ગયાં. હાડપિંજર જેવી કાયા થઇ ગઇ. પછી તેઓ આરાસુર અંબાદેવીની જાત્રા કરવા ગયા, અને આરાસુરિના મંદિરમાં મરવાનોજ ઠરાવ કર્યો. આગળની માફક દિવ્ય પુજાને બ્હાને તેઓ મંદિરમાં રાત્રી રહ્યા, મંદિરના દ્વાર બંધ કરીને સૌને–પુંજારિયો વિગેરેને બ્હાર કાઢ્યા. ૬૯ મદન સુરંગના દિવાનખાનામાં ગુણમંજરિની સાથે નિર્દોષ રાગ રંગ કરી રહ્યો હતો, જ્યારે ઉપર મંદિરમાં શ્રીધર અને શ્રીદત્તા શ્રી અંબાના નામનો જાપ ક્રોધથી જપતા હતા. તેઓ દેવિ પ્રત્યે બોલ્યા હે ! માતા ત્હમને ધન્ય છે ! હમને વરદાનથી પુત્ર આપીને, તેં પાછો ખુંચાવી લીધો ! માટે હમારો બાળક હમને આપો, નહિ તો હમે અત્યારે અહિં મરવાનો નિશ્ચય કર્યો છે. ૭૦ એ પ્રમાણે પોતાના વ્હાલાં માબાપને શોકથી વિલાપ કરતાં મદને સૌની સાથે સાંભળ્યાં. તરતજ ત્યાંથી ઉઠી કુતુહલી નંગ જેવો મદન મંદિરમાં આવી શ્રી અંબામાતાની મુર્તિના ઓથામાં ભરાયો. શ્રી૰

ધર બોલ્યો—હે ! માતા શું મરજી છે ? હમારો બાળક હમને આપ- વો છે કે હમારો ભોગજ લેવો છે? એમ કહી તરવાર મ્યાન મુક્ત કરીને જેવો પોતાની પત્નીને ગળે ઘા કરવા જાય છે, કે તરતજ શ્રી અંબામાતાની મુર્તિમાંથી સિંહનાદ થયો, કે હે ! શ્રીધર તું ક્રુર બનીશ નહિ. નિર્દોષ જીવોનો ભોગ આપીને કુભકતો ભક્ત છતાં મ્હને સતાવે છે. ભોગ આપવાથી અન્ય દયાળુ પ્રજામાં મ્હને માંસ ભક્ષણ કરનારી તે કુભકતો ઠરાવે છે. અને ભોગ લેવામાં તથા માંસ ભક્ષણમાં હું આશક્ત છું એમ મનાવે છે. જે તદ્દન ખોટું છે. એવા કુભકતોની હિંસ્ય ભક્તિમાં ધિક્કાર પડજો, મ્હારી સદ્ભક્તિ કદિ પણ હિંશામય છેજ નહિ, અને હિંશાથી કદિ પણ ધર્મ થઇ શકતોજ નથી. ધર્મને નામે, ભક્તિને નામે- કદિ પણ હિંશા થવી જોઇએ નહિ. માટે શ્રીધરભક્ત ! તું ક્રૂર તથા હિંશક બનીશ નહિં. ૭૧-૭૨. "મેં ત્હમોને સુંદર પુત્ર આપ્યો છે. તે હમણાંજ ત્હમારી કોટે વળગી પડશે." આ સાંભળી શ્રી અંબામાતાનું વરદાન સફળ કરવાનેજ હોયની? તેમ મદન માતાનીમુર્તિ પાછળથી દોડી જઇ પીતાના કંઠે વળગી પડયો. આ કોલાહલથી સુરંગમાંથી દાસીયો તથા ગુણમંજરિ—વિગેરે સર્વ પરિવાર મંદિરમાં ગયો. ગુણમંજરિ પોતાના સાસુ સસરાને પગે લાગી. આ અપ્સરા સરખી પુત્રવધુને પગે પડતી જોઇ, શ્રીધર તથા શ્રીદત્તા પોતાને સફળ માનવા લાગ્યાં. ૭૩ મદને સુરંગનું દ્વાર બંધ કરી દીધું. સ્હવારમા મંદિર ઉઘડયાં સર્વને આથી અજાયબી થઇ, કારણ કે મંદિરમાં રાત્રે દંપતિ શિવાય કોઇ હતું નહિ. તે બાબતની પુજારિયોની પુછપરછનો જવાબ શ્રીઅંબાની કૃપા એટલોજ આપી તેઓને ઘણું ધન આપી સો સંઘને લઇ શ્રીધર શેઠ

ધવળ મંગળ ગવરાવતો, ચંદ્રાવતી ગયો, મદને સર્વ વિતક માબાપને કહી, ત્યાર પછી મદનરાજે ચંદ્રાવતિના રાજા પરમારકુળભૂષણ ધારાવર્ષાદેવ(ચંદ્રસિંહ) પાસે જઇ પોતા ઉપર વિતેલી બધી વાત કહીને, શ્રીપુરના રાજ્યનો અન્યાય અથથી ઇતી સુધી કહી બતાવ્યો. પોતાની અતિપ્રીય સુંદરીનું મ્હારા વિરહથી મરણ થશે એમ પણ કહ્યું, અને રાજા પાસે સ્હાયની માંગણી કરી. ૭૪. પોતાની સતિ સ્ત્રી સુંદરિનું મ્હારા વિયોગે મરણ થશે એમ કહી રાજા ધારાવર્ષાદેવ પાસે તણીને બચાવવા મદદ માંગી તથા પોતે સઘળો ઇતીહાસ નિવેદન કરતા સુરંગ સંબંધિ સર્વ હકીકત પણ રાજાને કહી બતાવી, આ સાંભળી પ્રજાના પ્રત્યેક દુઃખોમાં ભાગ લેવાનેજ જન્મેલો રાજા ધારાવર્ષાદેવ પોતાની સાથે હથિયાર બંધ શોળ સુભટો લઇને, આરાસુરને માર્ગે મંદીરમાંની સુરંગમાં થઇ શ્રીપુરનગરમાં જવા લાગ્યો. રાજપુત્રી ગુણમંજરિ પણ ઠેઠથી સાથેજ હતી, ઉપર કહ્યા મુજબ સુરંગનું એક દ્વાર શ્રીપુરના બંધીખાનામાં હતું. ત્યાં સર્વ ગયાં, દેવરાજ કેદી અવસ્થામાં ઉંઘેલો જણાયો, સેનાપતિ સામંત પણ નિંદ્રાવશ થઇ રાજા પાસે સુતેલો હતો. તે બન્નેને સુભટો પાસે ઉંઘતાંજ ઉંચકાવી લઇ, આઠ સિપાઇયો સાથે રાજા ધારાવર્ષા સુરંગમાં ચાલ્યો ગયો, મંદિર નિચેના ભોંયરાના દિવાનખાનામાં જ્યાં મદને મુકામ કર્યો હતો, ત્યાં સંકેત મુજબ રાજા ધારાવર્ષાદેવે પણ બે રાજ કેદી તથા રાજપુત્રિ સાથે મુકામ કર્યો. જેલમાં મદન આઠ સિપાઇઓને સુરંગમાં ગુપ્ત રાખી પોતેજ રહ્યો. ૭૫ આઠ સુભટોને સુરંગમાં છુપા રાખીને મદન જેલમાં સ્હેલ કરવા લાગ્યો. સુંદરિનું રક્ષણ કરવાને જેલમાં જ મદન આગેવાન થઇ ફરવા લાગ્યો.

તે,અજાયબીમાં ગરકાવ થઇ વિચારવા લાગ્યો કે—દેવરાય પોતે બંદિ-
ખાનામાં ક્યાંથી ? આ ઘણું મ્હોટું આશ્ચર્ય છે, અને ફક્ત ત્રણ
દિવસમાંજ ઘણી નવી જુની શ્રીપુરમાં થઈ ગઇ લાગે છે. હવે શું
બને છે? તે હું જોઉં છું ૭૬ એમ મદન જેલમાં વિચાર કરે છે.
એવામાં રાજ્ય મ્હેલમાં રાણી ગુણાવલીને પતિ પ્રેમના નિર્મળ
અંકુરો ઉભરાયાં. તેણી વીચાર કરવા લાગી અરેરે! મેં પાપિણીએ
મ્હોટું પાપ કર્યું છે. પરમેશ્વર જેવા મ્હારા પ્રાણનાથને જેલમાં
પૂર્યા એ ઘણો મ્હોટો અનર્થ કર્યો છે. મ્હારા જેવી શંખણી સ્ત્રી
બીજી કોઇ હશેજ નહી; જોકે મેં પ્રજાના રક્ષણાર્થે આ આવશ્યક
કાર્ય કર્યું છે, તે ખરૂં પણ સતિયોને ન છાજે એવું મ્હારૂં કૃત્ય
છે નિશ્ચય છેજ. પતિને જરાપણ દુઃખ થતાંજ સતિયો પ્રાણ તજી
દે, તો મેં પાપણીએ તો પોતેજ પ્રભુને કેદી કર્યા, વળી તે સતિ
રાણી ગુણાવલિ વિચાર કરવા લાગી કે ગતંનશોચ્યં. આ ન્યાયને માન
આપીને બની ગયેલું ભુંડું કાર્ય પણ સુધારી લઉં, ૭૭. સ્વામીનાથને
મુક્ત કરી ત્હેમને રાજ્યનો છીનવી લીધેલો ભાર પાછો ભળાવીને
મ્હારે હાથે થયેલા શંખણી સ્ત્રીને યોગ્ય કામની શીક્ષાના બદલામાં
હું મરણને અંગિકાર કરૂં. પતિનો ભયંકર અપરાધ કરનારી સતિયે
મરવુંજ જોઇયે. જો હું સતિપણાનું ગુમાન ધરાવતી હોઉં તો મ્હારે
માટે આ વિચારજ યોગ્ય છે. રાણી એવો વિચાર કરે છે, જ્યારે
નગરશેઠને ઘેર સુંદરી રૂદન કરતી વિચારતી હતી કે—ત્રણ દીવસ
થયા પણ પ્રાણનાથનો કાંઇ પત્તો મળ્યો નહિ. માટે હવે મ્હારે
મ્હોતનીજ મૈત્રી કરવી. એમ ધારી ચાર સાહેલી સાથે રાણી ગુણા-
વલી પાસે જઇને મરણ માંગવા લાગી કે. ૭૮ તેણી બોલી હે।

રાજ્યમાતા! ત્રણ દીવસ વહી ગયા પણ મ્હારા પ્રભુ મદનજી મળ્યા નહિ, માટે હું એમ માનું છું કે ત્હેમની જરૂર હાની થઇ છે. ત્હેમને ગુપ્ત રીતે મારી નાંખવામાં આવ્યા છે. માટે હવે તો હું ચિતા ખડકી બળી મરીશજ. અને તેમ કરવા હે! રાણિમાતા! ત્હમે મ્હને આજ્ઞા આપો, રાણી સુંદરીનો આ અંતિમ વિચાર જોઇ બોલી બ્હેન તું રડીશ નહિ, ઘણી ગુપ્ત રાખવાની વાતનો ત્હારી પાસે હું સ્ફોટ કરૂં છું, મ્હારી પોતાની પુત્રિ ગુણમંજરિનુ હરણુ કરિને ત્હારો મદનરાજ કયાંય જતો રહ્યોછે. માટે તે જીવતો છે, એ હું ખાત્રિ આપું છું. આથી ત્હારે મરવાની જરૂર નથી. તે ત્હને મળશે. આપત્તિકાળે અને પતિના વિયોગમાં સતિયોએ શાંતિ અને ધર્મ ભાવનાની તિવ્રતા ધારણ કરવી જોઇયે. માટે ઘેર જઇ ધર્મમાં ચિતરાખ ૭૯ સુંદરિ બોલી આ વાત મનાય એવી નથી. શઘળું પોકળ લાગે છે, ત્હમે દયાથી મ્હારૂં મરતાં રક્ષણ કરવાને માટેજ આ પ્રમાણે કહો છો, માટે હું જરૂર ચિતા ઉપર ચ્હડી બળી મરીસ. રાણી બોલી હું પણ ત્હમારી સાથે મરીશ કારણ મેં મ્હારા પ્રભુને કેદ કર્યા એ ગુન્હાનો બદલો ચિતાભક્ષણજ છે. એમ કહીને રાણીયે પોતાને હાથે એક મ્હોટી ચિત્તા તૈયાર કરવાનો હુકમ આપ્યો. તરતજ તેણીના હુકમનો અમલ થયો. ૮૦ મદન જૅલમાં અંબિકાનું ધ્યાન ધરી બોલ્યો—માતા! સુંદરિની કેવી વિકાળગતિ થઇછે? અને, તેણી કેવી દુખી છે? વળી તેણી સતિ છે કે શંખણી? એ મ્હારે બધું નજરોનજર જોવું છે, માટે મ્હને કૃપા કરીને, અહિંથી બ્હાર કાઢો. કોઇને ખબર ના પડે તેમ કરો. તરતજ અંબિકાએ પ્રગટ થઇને મદનને એક ભગવી કફની (કન્થા) આપીને જૅલ બ્હારની સુંદર વાડીમાં અદ્રસ્ય રિતે યોગીના

વેશમાં મુકી દીધો. સાક્ષાત શંકર જેવા અથવા કામદેવ જેવા તે મદનયોગી કન્થાથી શોભવા લાગ્યો. યોગનું સાધન જે કફની તે મદનના શરીરને શોભાવવામાં કોટિમુલ્યના આભુષણોથી પણ અધિક થઇ પડી. મદનને જોઇ સઘળા અચંબો પામવા લાગ્યા. ઓચિંતા આવા જોગીને વાડીમાં જોવાથી કેટલાક વ્હેમી માણસો તેને દેવ માનવા લાગ્યા. ૮૧.

ઉલ્લાસ સાતમો સમાપ્ત

ઉલ્લાસ આઠમો.

બીજી તરફ રાણી ગુણાવલિ સુંદરી પ્રત્યે ખેદ યુક્ત બોલી–બ્હેન ! સારભુત સતિયોમાં ન્યાયને માટે પણ પતિને પીડા આપ વાનું ભયંકર કર્મ કરી હું અકારી—અણગમતી થઇ છું. અર્થાત પતિ પીડા એ સતિયોના ધર્મવિરૂદ્ધ કર્મ છે. જે મેં કર્યું તેથી સતીયોને અપ્રીય થઇ છું. જ્યારે તું સ્વામી વીરહથી ચીતારૂઢ થઇ મરવા માંગે છે, તો હું ત્હારી સાથેજ સ્વામી પીડન રૂપ ગુન્હાની શિક્ષા તરીકે બળી મરવા ચીતા ભક્ષણ કરીશ. મ્હારે પણ ત્હારી સંગે ચિતારૂઢ થઇને મરવું છે, પણ જીવવું નથી. એમ કહી સુંદરિને સાથે લઇને દેવરાજને છોડી રાજ્ય સોંપવાની મતિવાળી ગુણાવળી રાણી બંધીખાને ગઇ, અને કારાગૃહ આરક્ષક પાસે ખોલાવ્યું ૮૨. જેલ ખોલતાં અંદર કોઇ જણાયું નહિં. રાણી આક્રંદ કરતિ બોલી મ્હારા દુ:ખીયા સ્વામીનાથ ક્યાં ગયા? મ્હને કાંઇ સુઝતું નથી અને સ્વામી અદ્રસ્ય થયાનો ઘાવ મ્હારૂં ભાન હરિ લે છે. કેદખાના-માંથી સેનાપતિ સાથે રાજાને ન જોયાથી અજાયબીથી ચમકેલી તે બે સ્રીયો સ્મશાન ભુમીમાંના તળાવમાં સ્નાન કરી ભીનાં વસ્ત્રે

ચિતા પાસે જવા લાગી. પતિના વિરહથી ત્હેમનું અંગ અતિશય અકળાઇ ગયું હતું. ચિતા પાસે તે બંન્ને સ્ત્રીઓ બળી મરવાને ગઇ. ૮૩. આખા શ્રીપુર નગરમાં આથી ઘણો શોક છવાયો. બાળકથી માંડીને વૃદ્ધ સુધી સર્વ મનુષ્યો ન્યાયી રાણી તથા સતિ સુંદરી બળી મરે છે, માટે રૂદન કરતાં હતાં. આખું નગર એકીસાથે ઉલટી સ્મશાન ભુમી તરફ જતું હતું. ત્યાં જઈ રાણી તથા સુંદરીને બળી નહિ મરવાને સર્વ વિનવતાં હતાં પણ તેણીઓ માનતી નહોતી. અને ચંદન કાષ્ટથી-સરસ સૌગંધિક પદાર્થોથી વિભુષિત તૈયાર ચિતા ઉપર તે બે સતીયો બળી મરવાને ચઢી. નગરના ઉલટવાથી શહેરમાં સર્વત્ર હાહાકાર! પથરાઇ ગયો. આ સર્વ ચર્ચા બારીકાઇથી જોતો તે મદનયોગી કે જે દેવીદત્ત કફની ધારણ કરી જોગી બન્યો હતો, તે સ્મશાન ભુમી તરફ ગયો. ૮૪ નયન કમળ રૂપી આકાશમાંથી મેઘ ની ધારાની જેમ અશ્રુનો વરસાદ વર્ષાવતી, હા! પ્રભુ! હા! મદન! એવો અસ્ફુટ જાપ જપતી સુંદરી ભયંકર સ્વરૂપ ધારણ કરી સર્વ પ્રજાને તથા પોતાના પિતાને બે હાથ જોડી ઘેર વળાવવા લાગી. સર્વને ચાલ્યા જવા વીનંતી કરવા લાગી તથા ઇશ્વર સ્તુતી અંત સમયે કરવા લાગી. પ્રેમી સ્વભાવથી તે સતિબાળા ઉમરવરે રડતી બે હાથ જોડી આંખોમીંચી ઉંચુ જોઇ બોલી-હે! જગત જનેતા શ્રી અંબામાતા, જો મ્હારૂં શિયળ સત્ય હોય, મ્હારા સ્વામીનાથ મદન શિવાય અન્યનું માનસિક ચિંતવન પણ આ જન્મમાં મેં નજ કર્યું હોય, તો તે મ્હારાં સતિત્વના પ્રભાવથી આ ક્ષણે મ્હારા પ્રીતમજી અહીં ઇશ્વરની જેમ પ્રગટ થઇ મ્હને બચાવો. ૮૫ દેવરાજાની રાણી ગુણાવલી, ચિતા પ્રગટાવવા, સુભટોને હુકમ આપવા લાગી. સુંદરી

એમ કહેવા લાગી કે મદનરાજજ મ્હારા ભવોભવમાં પ્રાણનાથ થજો. એજ મ્હારા હૃદય પ્રદેશનો ભવોભવમાં રાજા થજો. રાણીના હુકમથી ચોધાર આંસુથી રડતાં જેવા સિપાઇઓ અગ્નિ સંસ્કાર કરે છે—ચિતા સળગાવે છે, તે જોઈ પોતાની સતિ સ્ત્રી સુદંરિની પતિ પરાયણતાથી આવતાં આંસું મહાન્હેનને લુછી નાંખી-આગળ ચિતા સમીપ આવી તે બુદ્ધિશાળાયોમાં સત્રાયો—અગ્રેસર એવો મદન ચિતારૂઢ રાણી તથા સુંદરિને કહેવા લાગ્યો. ૮૬ ચિતાની પાસે આવી તે મહાબુદ્ધિમાન જોગી મદન આશિષ આપવાની ઢબે એક હાથ ઉંચો કરીને બોલ્યો હે ! સતિયો ! ત્હમે જો ત્હમારા પતિને આવતા ભવમાં મળવાની ઇચ્છા રાખતા હો-તો ત્હમારે બળી મરીને આત્મહત્યા જેવું ઘોર કર્મ કરવું જોઇએ નહીં. ત્હમારે તો વૈરાગ્ય ધારણ કરીને સત્‌કર્મમાંજ સતત પ્રવૃત્તિ રાખીને, સામાન્ય જનહિતના કામમાં જીવન ગાળવું જોઇયે. પતિવિયોગના દુખને સુખરૂપ માની સંજમ ધારણ કરવો-એ યોગ્ય છે. વળી સુખ-દુઃખની માન્યતા મનઃકલ્પિત મિથ્યાછે. કારણકે શાસ્ત્રકારો મનને મર્કટ (વાંદરા) ની ઉપમા આપે છે. માટે હે ! સ્ત્રીયો આ ઘોર આપઘાતના કામથી વિરામ પામો. આત્મહત્યા કરનારને સાત ભવો સુધી આપઘાત કરીનેજ મરવું પડે છે. માટે આત્મહત્યા સાત ભવ સુધી પણ કેડા છોડતીજ નથી. નડેજ છે. એથી દુષ્ટ વિકારો જન્મ પામે છે. ૮૭ વળી જ્ઞાની ગુરૂ મહારાજાઓનું પણ બોધામૃત એજ છે કે-નેષ્ઠુર એવું મન આપઘાત કરવાને આત્મા પ્રત્યે પ્રેરણા કરે છે, ત્હેને વશ થઇ, પરતંત્ર બનેલો જીવ પાપકર્મનાજ ઉદયથી પ્રથમ પરિણામ નહિ જાણતાં તેમ કરવાનું-મરવાનું આરંભે

છે, પણ જયારે અંતઘડીયે જીવ—લૌકિક મતે—જમરાજાના ઘેરામાં ઘેરાય છે, ત્યારે તો તે દુષ્ટ કર્મ કર્યાનો અતિશય પસ્તાવો કરે છે. અને આખરે આર્ત—રૌદ્ર ધ્યાનથી અનેચ્છાએ મરીને—કુગતીમાં જાય છે, મરતી વેળાએ ત્હેને સમજ પડે છે કે આ મ્હોટી ભુલ કરી—પણ પછી તેનું ગ્નાન વૃથા હોઇ દુર્ધ્યાનપર જતાં જીવ ગતે જઇ શકતો નથી. માટે હે ! સતિયો ત્હમે આ કર્મ છોડી જો જોગણ થશો તો કોટી ગણું સુખ પામશો. ૮૮ ગુલાબ જેવાં ગૌર શરિરે જેણે ભભુતિ (રક્ષા) ચોળેલીછે, તેથી અને ભગવા રંગની કફનીથી, જેના દેહની કાંતિ દૈવી વિભુતીવાળી શોભે છે, એવો દિવ્ય જોગીરાજ ન્હાની વયમાં દેખાતો, ગ્નાની બની તિવ્ર તત્વોનો ઉપદેશ કરતો, સમગ્ર પ્રજાજનોને મુખે " સત્ય છે ! સત્ય છે ! એમ વારંવાર બોલાવતો ચુપ રહ્યો. ચિતારૂઢ બન્ને સતિયોએ પોતાના મિચેલા નયન કમળો સુર્યોદયથી કમળ પુષ્પ ખીલે, તેમ ઉઘાડયાં; અને જોગીને જોતાં સુંદરિને મદનની ભ્રાંતિ થઇ અર્થાત્ જોગી મદન હોય એમ સંકલ્પના થઇ. પુનઃ નેત્રો મિંચી દઇ સુંદરિ વિચારવાલાગી—આ જોગીની છબી મદનજી સદશછે, પણ મ્હારા પ્રાણપતિને જોગી થવાની શી જરૂર? ત્હેને યોગ દશાનું કારણ સ્હમજાતું નથી, વખતે આકૃતિ કેટલીક મળતી પણ આવે છે. માટે એ મ્હારા નાથ ન હોય ? ૮૯ રાણી ગુણાવલિ બોલી ઉઠી હે ! જોગી મહારાજ હમને ઉપદેશ સાંભળવાની આકાંક્ષા નથી. આપ આપને રસ્તે પધારો. અગ્નિદેવજ પવિત્ર છે. અને તેજ સર્વની મલિનતા દુર કરશે. : ચિતામાં બળી મરવાનો હમારો નિશ્ચયજ છે. સુંદરિએ ફરીથી પોતાની આંખો નિર્ણય કરવાને ઉઘાડી, અને ઊંચી થઇને ચિતા ઉપરથી મદન જોગીને જોવા લાગી,

તેણીએ આખરે મદને ઓળખ્યો. મનમાંજ તેણી બડબડી એજ હૈયાના દ્વાર મદનરાજ જ છે. મ્હારી વિરહીણીના પ્રેમની કુંચી એજ છે. અર્થાત્ પતિ વિયોગથી હૃદયનું બંધ થયલું તાળું ખોલનાર ગુમાયલી કુંચી રૂપે મદનજીજ છે ૯૦ કામદેવની સ્ત્રી રતિ જેવી રુપાળી સતિ સુંદરિ જોગી મદન હોવાનો નિશ્ચય થતાંની સાથેજ ચિતા ઉપરથી કુદકો મારીને દોડીજઇ, અસંખ્ય મનુષ્યોની સમક્ષ, જોગીના કંઠે વળગી પડી, આંખોમાં હર્ષાશ્રુની રેલ ચલાવતી સતિ સુંદરી ગાંડી સ્ત્રીની જેમ મદનને ભેટી પડી! રડતી રડતી આનંદના આવેશમાં નિર્લજ્જની જેમ ગાઢ આલિંગનથી મદનને દબાવતી તેણી બોલી—હે! વિજોગીના જોગી-રાજ! ત્હમને ધન્ય છે! આ બીજી વખત મ્હારાં મરણ કાળે પ્રભુની માફક પ્રગટ થઇ સંજોગી બન્યા. મ્હારા હૃદયમાં વાસો કરી મરણના મુખમાંથી મ્હને આપે આજે બીજી વાર બચાવી! શરમથી અકળાતો જોગી સુંદરીને દુર રહેવા સમસ્યા કરવા લાગ્યો-પણ વ્યર્થ. બળવાન બાથમાંથી જોગી છુટી શક્યો નહિ. જોગીના ખભા ઉપર માથું નાંખી, પોતાના અશ્રુજળથી તેની કન્થાને ભીની બનાવતી, સુંદરી હર્ષથી દીવાની બની રડવા લાગી. આથી સર્વત્ર શાંતિ છવાણી ને હર્ષ થયો. સ્મશાન ભુમીમાં એકદમ શાંતિ પથરાઇ ગઇ. ૯૧ નગરશેઠ આગળ આવી બોલ્યો-અરે! મદનરાજ તમે આ ક્ષણે અહિં ના આવ્યા હોત તો ઘણું ભુંડું થાત. બે સ્ત્રીયો નાહક બળી મરત. વળી હમને ઘણી નવાઇ લાગે છે કે જેલમાંથી ત્હમારો છુટકો કેમ થયો? તે કહો. આ જોઇ રાણી ચિતા ઉપરથી બોલી બ્હેન સુંદરી ત્હારા પતિ ગુણનું મંદીર છે. તેણી મદન પ્રત્યે હર્ષથી બોલી-મ્હારી

પુત્રી તથા પતિ ક્યાં છે? ૯૨. મદને જૅલમાંથી કેમ છુટયો? તે સર્વ કથા કહી. અંબા માતા–સુપ્રભાવા કુળદેવીએ દુખના ડુંગરો દુર કરી સુખી કર્યો તે સર્વ કહ્યું. આરાસુરી મહામાયાની મ્હારા ઉપર પૂર્ણકૃપા હોવાથીજ હું બચ્યો છું. વળી દેવરાજ પોતે પોતાના દુષ્કૃત્યથી દુઃખી થવા માટેજ મ્હારા ઉપર નકામો કોપ્યો. કાંઇપણ ગુન્હો નહિ છતાં એક રંડા વેશ્યાની ખોટી વાત સાચી માનીને મ્હને શુળી દેવાને તૈયાર થયો. પોતાને દુનિયામા અન્યાયી મનાવવા જેવું આ કામ રાજાએ કર્યું. પણ મ્હારી કુળદેવીની કરૂણાથી–સત્યના બેલિ શ્રી અંબામાતા થવાથી હુ ઉગાર્યો. અને પાપિને પાપની શીક્ષા અંબાએ સંપૂર્ણ દીધી–દે છે–અને દેશેજ. ૯૩

ઉલ્લાસ આઠમો સમાપ્ત.

ઉલ્લાસ નવમો,

આશ્ચર્ય ચકિત થઇ મદનની વાત સર્વ શ્રવણ કરતાં હતાં. પછી મદને સુંદરીના મસ્તકે હાથ મુકી મર્યાદાની ખાતર દુર થવા આજ્ઞા કરી. તેણી તરત સલજ્જ દુર જઇ અધોમુખી બની ઉભી, મદન નગરશેઠને પુછવા લાગ્યો– શેઠજી દેવરાજ પોતે જૅલમાં કેદી કેમ થયા? એમને કોણ દુશ્મન સંભવિત થયો? એ મ્હને મ્હોટો અચંબો છે. એસાંભળી ચિતા ઉપરથીજ રાણી સર્વ વૃતાંત હર્ષથી કહી બોલી–મ્હારાસ્વામી તથા બેટી ગુણમંજરી ક્યાં છે? તે જણાવો. ૯૪. મદન બોલ્યો–હે! માતાજી આપ ચિતા ઉપરથી નિચે ઉતરો–સૌ કુશળક્ષેમ છે, કોઇનો પણ વાંકો વાળ નથી થયો. કેમકે આપણાં

બધાં ઉપેર શ્રી અંબામાતાની ઘણી કૃપા છે. અરે! જો તેમ ન હોત અને આ વખતે ત્હેમણે સ્હાય ના કરી હોત તો હું આ વખતે અહીં હોતજ નહિ. અને જો હુ ન હોત તો કેવું ભયંકર કામ થઇ જાત? ખરેખર! અંબા જનેતા જાગતી જ્યોત છે તો સઘળા દુઃખના ડુંગરોનું ચૂરણ થઇ જાય છે, આપણે ત્હેમની કૃપાથી તેમજ થયું. ૯૫ જે દેવિએ પાપીઓનો સંહાર કરવાનેજ ચંડી સ્વરૂપ ધારણ કરી, નિર્દોષ અને પોતાના ભક્તોને નવ નિધીરૂપ અમૃતનો વરસાદ વરસાવી સુખી કર્યા છે. રાક્ષસી માયાનો સંહાર કરતાં ચંડી સ્વરૂપે જેણીયે સમગ્ર પૃથ્વિને ધ્રુજાવી છે. બ્રહ્મા વિષ્ણુ તથા શંકર જેણીની હમેશાં સેવા કરે છે. એવી જાગૃત દેવી અંબા પોતાના ભકતનો યશ વિસ્તારે છે. દુખમાં સાક્ષાત્કાર થઇ ભકતનું રક્ષણ કરે છે. ૯૬ જયવંતી એવી અંબિકાનું ગૌરવ સાંભળી નાસ્તીકો પણ લટી-સુધરી ગયા શ્રીપુરની સર્વ પ્રજા શ્રી અંબાના ગુણગ્રામનું રટણ કરવા લાગી. ત્યાંથી સર્વ આનંદપુર્વક નગરમાં રાજ્ય મ્હેલે જઇ કામવતિ ગુણીકાને શીક્ષા આપવા મદને સિપાઇઓ પાસે પકડી મંગાવી. તેણી રડતી સિપાઇઓ સહીત હાજર થઇ. તેણીને મારવાની આજ્ઞા કરતાં સુંદરિ વચ્ચે પડી-સ્ત્રીને મારવાથી બળવાન પુરૂષની અપકિર્તીજ થાય છે. માટે તેણીને દેશનિકાલની સજા કરવા મદનને કહ્યાથી તેમ થયું. અર્થાત તેણીના ધનમાલ જપ્ત કરી કામવતિને દેશથી દુર કરી. ૯૭ પછી મદને જેલમાં જઇ સુરંગ મારફતે છુપાવેલા સિપાઇ યો સાથે રાજા ધારાવર્ષદેવને સઘળી બાતમી પ્હોંચાડી અને કહાવ્યું કે-દેવરાજ, ગુણમંજરિ વિગેરેને લઇ જલ્દી પધારશો. ખબર મળતાં

રાજા સર્વ સાથે આવ્યો, ધારાવર્ષદેવ વિગેરે શ્રીપુરના પ્રાહુણા થયા. રાણી ગુણાવલીએ રાજ પ્રાહુણાને ભાવથી માન આપ્યું. ૯૮ રાણી ગુણાવલી દેવરાજાને પગે પડી બોલી–હે! પ્રભુ હું! ખરેખરી મુઢ છું આપને સ્વામીનાથને ઘણું દુઃખ દીધું. માટે મ્હને શિક્ષા કરવી યોગ્ય છે. આપ તે શિક્ષા સુખેથી આપો. દેવરાજ બોલ્યો–પ્યારી! આસક્ત બન્યો હતો મ્હારાં નેત્ર તેં ઉઘાડર્યા એ ઘણું સારૂં થયું, કમજાત રાંડ વેશ્યાને માટે મેં અન્યાય ધારણ કરીને, રાજાપણાને બિલકુલ ન છાજતા કામો કરવા હું તૈયાર થયો હતો, તેમાંથી તેં બચાવ્યો આ ઘણું સારૂં થયું છે. ૯૯ રાજા બોલ્યો. ચાલો જે થયું તે અંબામાએ સારૂં કર્યું, પણ વાણીયો જબરો મળ્યો, અને રાજબાળા ગુણમંજરિને કેવી રીતે ઉઠાવી ગયો? એ મ્હારો વ્હેમ હજી ગયો નહિ. મદને સર્વ પ્રતીહાસ અથઇતિ કહ્યો. અંબિકા માતાની ભક્તિનું બળ કેવું? અને કેટલું છે? તે દેવરાજ સાંભળી આશ્ચર્યચકિત થઇ ગયો. ૧૦૦ પછી રાજાએ મોટો ઉત્સવ સમા રંભીને લગનનો મંડપ ઘણો મ્હોટો બંધાવ્યો. ગુંણમંજરિ તથા સુંદરિને ઘણો હર્ષ ઉભરાયો રંગરાગથઇ રહ્યા, શુભ મુહુર્તમાં રાજા દેવરાજ તથા નગેરશેઠ જયચંદ્ર પોતાની પુત્રિઓને મદનના હાથમાં લગ્ન વિધીથી સોંપવા લાગ્યા. કન્યાદાનમાં રાજા તથા નગરશેઠ જમાઇને હાથી ઘોડા રથ મ્યાના તથા ધનમાલ ઘણાં આપવા લાગ્યા ૧૦૧ લગ્ન થયા પછી બે દીવસ રહી બે સુંદર પત્નિયો લઇ, ન્હાના રાજા જેવો દેખાતો વણીક પુત્ર મદનરાજ પરમાર રાજા સાથે ચંદ્રાવતિ ચાલ્યો. શ્રીધર તથા શ્રીદત્તા પુત્રની સંપત્તિ જોઇ, હર્ષ ઘેલાં બન્યા. મદનની ભક્તિ જોઇને શ્રી અંબામાતાના ગુણ સર્વ ગાવા લાગ્યા. ૧૦૨ ત્યાર

પછી પોતાની ગોત્રજ દેવીને પગે પડી તે દંપતિ સફળ થયાં. મદન બોલ્યો હે ! ગોત્ર માતા અંબિકા આપ પ્રગટ થાવો. મ્હારે આપના શાક્ષાત ચરણુમાં પગે પડવું છે, માટે પ્રગટ થાઓ ! હસતા મુખડે માતા અંબિકા ભગતની ભક્તીના તિવ્ર ભાવથી પ્રગટ થયા. ઉત્તમ ભાવથી તે દંપતિ અંબા માતાના ચરણુમાં સર્વની સાથે પડયાં. શ્રીધર તથા શ્રીદત્તા પણુ આનંદપૂર્વક માતાને સૌ સાથે નમ્યાં. ૧૦૩ દંપતિ વિગેરેના માથા ઉપર આશિર્વાદ સૂચક પોતાના હાથ સ્થાપી મહાદેવી શ્રી અંબિકા બોલ્યા–"જે ભકતો સૌ જીવો ઉપર સરખી કરૂણા કરે છે, પોતાના જીવ સમાનજ પરજીવ જીવન ગણી દયામય ઉત્તમ ધર્મ ધારે છે," "તેઓજ" મ્હને ઘણાં વ્હાલાં છે. "કોઇક માંસ ભક્ષણ કરનારા રાક્ષસો "મ્હારાં નામે કોઇક જીવોને નિર્દોષ હણે છે." "તે સર્વેએ" મ્હારી અપકિર્તિ કરી મ્હને ખરાબ દેવી તરિકે મનાવી છે,"આ ભયંકર ગુન્હો હું હજી સહન કરૂં છું. પણ તે રાક્ષસો સર્વની ઘણી ભુંડી દશા થશે એ નક્કી સમજો." ૧૦૪ "મ્હારૂં નામજ જગદંબા–જગન્માતા છે," "હુંજ સર્વ જીવોની પ્રતિપાળ છું." "કોઇપણુ નિર્દોષ જીવનો ભોગ મ્હને કદિપણુ નજ કલ્પે," તો "શું હું ગરિબ બિચારા બોકડાનો ભોગ માગું ? શું હું તે ગરિબ જીવોનો કાળ છું ?" કદિજ નહિ–"વળી જે બિચારા નિર્દોષ જીવોનું દુનિયામાં કોઇજ નથી–ત્હેની પણ હું તો અંબામાતા છું." "મ્હને ભોગ આપનારા અને અપાવનારા રાક્ષસોનો ભયંકર" "ગુન્હો તેઓને સુધારવાનેજ હજી સુધી હું સાંખી રહી છું." "તિરોહિત પરોક્ષ રહીને એ અત્યાચાર હું સર્વ જોયાં કરૂં છું." તેઓ તેમ કરતા સુધરશે નહિજ તો પછી ચંડીસ્વરૂપે, સર્વ રાક્ષસો–નિર્દોષ

"જીવોને હણી ખાવાની તિવ્ર લાલસાથીજ મ્હને ભોગ દેનારા પિશાચોને" સઘળાને દાબીજ દઇશ. ૧૦૫ લગ્ન સમારંભ હોવાથી શ્રીધરને ઘેર ઘણા મનુષ્યોનો જમાવ થયો હતો. તેમાં કેટલાક માણસો શ્રી અંબિકાને ભોગ આપવાના રિવાજની તરફેણમાં હતાં તેઓ પણ શ્રી અંબિકાનો સાક્ષાત્ ઉપદેશ–યુક્તિ–પ્રયુક્તિ વિભૂષિત જગદંબાની દિવ્ય વાણી સાંભળી સ્તબ્ધ થઇ ગયા. પોતાના વિચારો સુધારવાના દઢ સંકલ્પો કરતાં પોતાના મનમાં શ્રી અંબીકા માતાની સાખે કરવા લાગ્યા. જાણે તેવા દુષ્ટ વિચારવાળાઓનેજ વિણી વિણીને ઉપદેશ કરતી હોય, તેમ તે દયાળુ સાક્ષાત્‌દેવી શ્રી અંબા માતા પુનઃ બોલ્યા. "અરે! રાક્ષસો જો તમે મ્હારા ભક્તો થઇને મ્હને ભોગ આપવા ચાહો છો, તો–કેસરિસિંહ અથવા ચિત્તાવાઘનો ભોગ આપી તો જુવો! "પોતાનું રક્ષણ કરવા જે પૂર્ણ સશક્ત છે, તેનો ભોગ આપતાં કદાચ તમારો પોતાનો મ્હારા ખપ્પરમાં વાસ થાય." પણ નિર્બળ ગરિબડા બોકડા જેવા અનાથ પ્રાણીને, મારી ખાવાની તિવ્ર ઇચ્છાથીજ, મ્હારાં સાક્ષાત્ ધામમાં–મંદિરમાં મ્હારીજ "સ્હામે ખુનની–લોહિની ધારા ચલાવો છો!" અનાથ પ્રાણી બોકડો પોતાના નિમિત્તથી મરણકાળે પણ મ્હારૂં સ્તોત્ર કરતો–અમ્મે–અમ્મે એ શબ્દોથી બચાવ માગે છે; છતા નિર્દય હૃદયી રાક્ષસો–મ્હારી સ્હામે તે ગરિબડના ગળાં ઉપર તલવાર ચલાવે છે. આવો ભયંકર અન્યાય હું હજી સુધી સાંખી રહી છું." ૧૦૬ ક્રોધથી તપેલી તે જાગૃત માતા અંબા પુનઃ બોલી–"અરે! ભોગ આપનારા અને ખાવાવાની મરજીવાળા કુંભકો! તમારાથી યવનો, પણ ઘણા સારા ગણાય, કે જેઓ પોતાના એકજ ઇષ્ટ દેવની ભક્તિમા કાંઇ પણ ઓછપ રાખતા નથી,

ધર્મના નામે કોઇપણ ઢોંગ અથવા જીવહિંસા કરતા નથી, દાખલા તરિકે તેઓ હજ કરવા જાય છે, ત્યારે માંસ ભક્ષણનો તથા સ્ત્રી ગમનનો તિવ્ર સંકલ્પ કરે છે. સુન્ય દશાનો મદિરાપાનનો પણ પ્રાયઃ પરિત્યાગ કરે કરે છે, એવા યવનો પણ ત્હમારાથી સારા છે. હજી પણ જો ત્હમે સુધરી મ્હારી શુદ્ધ ભક્તિ ધારણ કરશો, તો પવિત્ર સુખો હજી પણ પામશો." ૧૦૭ "વળી જેઓ નિર્દોષ જીવોને દુખ દે છે તેની હું સાશનદેવી છું—શિક્ષા આપનારી દેવી છું, ત્હેનો કાળજ છું એમજ સ્હમજો." ત્હેમને પ્રત્યક્ષથી અથવા પરોક્ષથી ત્રિકાળ શિક્ષા આપીશ. ભુતકાળમાં કંઇકને દંડ આપ્યો છે, વર્ત-માનમાં આપું છું, અને ભવિષ્યમાં આપીશજ. જ્યારે મ્હારાથી સહન ન થાય તેવા—અસહ્ય ભયંકર અપરાધો મ્હારાં ભકત બનીને રાક્ષસોજ કરશે, તો તે સર્વ અન્યાયોને દાબવા—સંહારવા—ભારાત સ્વરૂપ—ચંડિસ્વરૂપ ધારણ કરી હાથમાં ત્રિશુલ લઇ સિંહસ્વાર થઇ અસિધારા ચલાવીશ, ત્યારે રાક્ષસોનું એક બુંદ પણ પૃથ્વી ઉપર રહેશે નાહ. રાક્ષસોનો અંશ પણ અવશેષ રહેનાર નથી, માટે જો મ્હારા વ્હાલા ભક્ત બનવું હોય તો ભોગ આપવાના રાક્ષસી અપરાધથી દુર રહી, મ્હારૂં અખૂટ વરદાન પ્રત્યક્ષ રિતે અથવા પરોક્ષ રિતે મેળવો." એટલુંજ કહી ૐ સોઽહમ્. એવો આધ્યાત્મિક ઉચ્ચાર કરતાં તે શ્રી અંબિકામાતા તિરોહિત—અંતર્ધાન થયા, મદન રાજસકુટુમ્બ ત્હેની સતત ભક્તિથી અપાર સુખી થયો. ૧૦૮

આ લઘુ પુસ્તક પૂર્ણ થતાં ગ્રંથકાર અંતિમ મંગલાચરણથી પોતાના ઇષ્ટ દેવની સ્તુતી કરતા જણાવે છે કે—

હે ! શાન્તિનાથ—પ્રભુ હમારાં હૃદયમાં—હમારી લેખિનીમાં

હમ્મેશાં પ્રશાંતિ ભરેલી રાખજો. વળી હે ! જ્ઞાનેશ્વરી દેવિ–સરસ્વતિ માતા ! તથા હે ! કુળદેવિ શ્રી અંબામાતા ! સદાકાળ હમારા હૈયામાં વસી રહેજો–હૃદયમાંજ નિવાસ કરજો. વળી શિરતાજ ગુરૂ મ્હારાજા, તિત્ર આનંદરૂપ, સંવેગમય, મુનિગુણાલંકૃત જ્ઞાની, તથા દયાળુ, એવાજ હજો–એવાજ મલજો. અને હે ! જગતના જીવો ! ત્હમે સર્વ જ્ઞાની તથા દયાળુ તેમજ શ્રીમાન્ બનજો. જો સમુદ્રમાંથી ઉદ્ભવેલો ચંદ્ર બુદ્ધિશાળી હોય, તો સર્વ સંતોનો સેવકજ થજે. સર્વ સંતો પ્રતિભકિત ધર્મ મમતા તજીને ધારણ કરજે. અને સત્સંગનોજ સતત્ સંચાર કરજે. અથવા સત્સંગના સંચારથી સાગરચંદ્ર નામે, જો યથાર્થ હોય, તો સૌ સંતોનો સેવક બની તેમની સેવા કરજે. ને વિનતિ રૂપે ત્હારા પોતાના દયામય ધર્મનોજ ઉપદેશ દુનિયાને કરજે. અથવા આ ગ્રંથકાર સાગરચંદ્રે સત્સંગના સેવનથી, દયામય સદ્ધર્મ પ્રાપ્ત થવાથી, આ પુસ્તક લખવાની શ્રીમાન્ ભગવાન્ શાંતિનાથ તથા શ્રી સરસ્વતી માતાની પરોક્ષ આજ્ઞાથી હિમ્મત કરી, અને તે ભલા કાર્યમાં ત્હેની કુળદેવિ શ્રી અંબામાતાએ નિષ્કામ ભક્તની પીઠ ઠોકી–પ્રતિપળે સુંદર વાકયોની, હૃદયમાં વાસ કરી–જીવ્હાગ્રે વાસ કરી–રચના કરાવી. મ્હારી તેવીજ શક્તિ શ્રી જગદંબા સદાકાળ કાયમ રાખો. ૐ **અર્હમ્**.

(સંધિકર ગાથા મંગલમ્.)

ઉલ્લાસ નવમો સમાપ્ત.

શ્રી મદનસુંદરિ નવરકથા (સંગિત)ની ટીકા સમાપ્ત.

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં.

શા. **સાગરચંદ મગનલાલ જરીવાળા**–શ્રી મદનસુંદરિના કર્તા.
હા. છાપરિયા શેરી–સુરત.

શા. મંગળદાસ નથુભાઇ C/o. **મંચેરજી વાડીલાલની કું.**
ઠે. ગણેશવાડી લખમીદાસ ખીમજીના માળામાં બીજે દાદરે–મુંબાઇ.

મેસર્સ કાન્તિલાલ મણીલાલ બાડીવાળાની કું. ઠે. રીચીરોડ
નં. ૯૧ કુતાશાની પોળ પાસે અમદાવાદ તથા રાયપુર આકા
શેઠના કુવાની પોળ અમદાવાદ.

શ્રી **સાહિત્ય સુધાકર કંપની** હા. હરિપુરા–સુરત.

ધી રાજનગર જવેલરી માર્ટ હા. રીચીરોડ–અમદાવાદ.

શા. અમરચંદ જશરાજ હા. કંસારાવાડ–ભરૂચ.


શા. છોટાલાલ હરગોવિંદદાસ % ઇંડીઅન મેટલ સીટસ ફેકટરી. વડોદરા

તથા પરચુરણ સઘળા બુકસેલરો પાસેથી મળી શકશે કી. રૂ. ૦–૬–૦.
પોષ્ટેજ જુદું.

"મકાનો અને બંગલાઓનો શણગાર"

અપ-ટુ-ડેટ-ફેશન અને ઉંચા ટેશ સાથે તમારા
મકાનને શોભાવવું હોય તો, હમારા
તરેહવાર જાતના દીલપસંદ

ટાઈલ્સ



વાપરો

હમારે ત્યાં તરેહવાર જાતનો આરસપહાણ તૈયાર કરવામાં આવેછે. કોન્ટ્રાકટ આપવાથી હુશીયાર અને અનુભવી કારીગરો મારફતે ટાઈલ્સ તથા મારબલનું કામ કરી આપીએ છીએ એક વખત ત્રાયલ ઓર્ડર આપી ખાત્રી કરો.

Messrs. WARDEN & Co

સોલ એજન્ટ—મેસર્સ બી. કે. કોન્ટ્રાકટર
એન્ડ કું૦
હેડ ઓફીસ વડોદરા.
બ્રાંચ-સુરત, અમદાવાદ, ઇંદોર.